# ઈસ્લામનો સંક્ષિપ્ત અને સચિત્ર પરિચય



સંપૂર્ણ પુસ્તક અથવા પ્રિન્ટ કોપી ઓનલાઈન મેળવવા માટે અથવા ઈસ્લામ વિશે વધુ જાણવા માટે કૃપા કરીને મુલાકાત લો.

**www.islam-guide.com**

# ઈસ્લામ - ગુજરાતી

## (Gujarati Language)

આગળનો કવર ફોટો : વિશ્વભરમાંથી આવેલા દસ લાખ કરતાં પણ વધારે મુસલમાનો એક સાથે મસ્જિદે હરામમાં નમાઝ અદા કરી રહ્યા છે.
પાછળનો કવર ફોટો : મસ્જિદે નબવી, મદીના તય્યબાહ

بسم الله الرحمن الرحيم

અલ્લાહના નામથી શરૂ જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

# ઈસ્લામનો સંક્ષિપ્ત અને સચિત્ર પરિચય


લેખક :

આઈ. એ. ઈબ્રાહીમ



**જનરલ એડીટર્સ**

ડૉ.વિલિયમ (દાઊદ)પીચી

મીશેલ (અબ્દુલ હકીમ) થોમસ

ટોની (અબ્દુલ ખલીલ) સેલવેસ્ટર

ઈદ્રીસ પાલમર

જમાલ ઝારાબોઝો

અલી અલ-તમીમી

**સાયન્સ એડીટર્સ**

પ્રોફેસર હેરાલ્ડ સ્ટીવાર્ટ કૂફી

પ્રોફેસર એફ. એ. સ્ટેટ

પ્રોફેસર મહજૂબ ઓ. તાહા

પ્રોફેસર અહમદ અલ્લામ

પ્રોફેસર સલમાન સુલ્તાન

એસોસિએટ પ્રોફેસર એચ.ઓ. સિંધી



દાર-અલ-સલામ

હ્યુસ્ટન

## કોપીરાઈટ

તમામ પ્રકારના અધિકારો સુરક્ષિત છે. લેખકની લેખિત પરવાનગી વિના આ પુસ્તકના કોઈપણ ભાગની કોઈપણ રીતે (ઈલેકટ્રોનિક, મિકેનીકલ, ફોટો કોપી, રેકોર્ડીંગ અથવા કોઈપણ માહિતી સંગ્રહ અથવા પુનઃપ્રાપ્તિ સિસ્ટમ) નકલ કરવી અથવા પુનઃ ઉત્પાદન કરવાની પરવાનગી નથી. સિવાય કે નીચે દર્શાવેલ સંજોગોમાં

## પુનઃ પ્રકાશન માટે

સંપૂર્ણ પુસ્તકનું પુનઃ પ્રકાશન અથવા પુનઃ પ્રસ્તુતિની એ શરતે પરવાનગી આપવામાં આવશે કે તેમાં કોઈપણ પ્રકારનો વધારો-ઘટાડો કરવામાં નહીં આવે. ઉચ્ચ ગુણવત્તાની પ્રિન્ટીંગ માટે આ પુસ્તકની મફત કોમ્પ્યુટર નકલ મેળવવા લેખકનો સંપર્ક કરી શકાય છે. (સરનામું પેજ નં. : ૭૦)

## આ પુસ્તકની વેબસાઈટ

ઈસ્લામ વિશે સંપૂર્ણ પુસ્તક અથવા વધુ ઓનલાઈન માહિતી અહીં ઉપલબ્ધ છે.

**www.islam-guide.com**

પ્રકાશક : દાર-અલ-સલામ પ્રકાશક તથા વિતરક : હ્યુસ્ટન, ટેક્સાસ, સંયુક્ત ગણરાજ્ય અમેરિકા.

# અનુક્રમણિકા


| વિષય | પેજ નં. |
|---|---|
| **પ્રસ્તાવના** | 3 |
| **પ્રકરણ-૧** | |
| **ઈસ્લામના સાચો ધર્મ હોવાના કેટલાક પુરાવા** | 5 |
| (૧) પવિત્ર કુરઆનના વૈજ્ઞાનિક ચમત્કારો | 5 |
| (ક) કુરઆન અને માનવ ગર્ભવિકાસ | 6 |
| (ખ) કુરઆનમાં પર્વતનું વર્ણન | 11 |
| (ગ) કુરઆનમાં બ્રહ્માંડની ઉત્પતિનું વર્ણન | 14 |
| (ઘ) કુરઆનમાં માનવ મગજનું વર્ણન | 16 |
| (ચ) કુરઆનમાં સમુદ્ર અને નદીઓનું વર્ણન | 17 |
| (છ) કુરઆનમાં ઊંડા સમુદ્રો અને આંતરિક લહેરોનું વર્ણન | 19 |
| (જ) કુરઆનમાં વાદળોનું વર્ણન | 22 |
| (ઝ) પવિત્ર કુરઆનના વૈજ્ઞાનિક ચમત્કારો પર વૈજ્ઞાનિકોની ટિપ્પણીઓ | 26 |
| (૨) પવિત્ર કુરઆનનો પડકાર | 31 |
| (૩) ઈસ્લામના અંતિમ સંદેશવાહક મુહમ્મદ(સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) ના આગમનની ભવિષ્યવાણીનો ઉલ્લેખ બાઈબલમાં | 32 |
| (૪) કુરઆનની ભવિષ્યવાણીઓ જે સાચી સાબિત થઈ | 35 |
| (૫) મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) વડે જાહેર થયેલ ચમત્કારો | 36 |
| (૬) મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)નું સામાન્ય જીવન | 37 |
| (૭) ઈસ્લામ ધર્મનો અદ્ભૂત ફેલાવો | 40 |
| **પ્રકરણ-૨** | |
| **ઈસ્લામના કેટલાક ફાયદાઓ** | 41 |
| (૧) શાશ્વત સ્વર્ગની પ્રાપ્તિ | 41 |
| (૨) નર્કની આગમાંથી મુક્તિ | 42 |
| (૩) વાસ્તવિક આનંદ અને આંતરિક શાંતિની પ્રાપ્તિ | 43 |
| (૪) ભૂતકાળના તમામ પાપોની માફી | 44 |
| **પ્રકરણ-૩** | |
| **ઈસ્લામના સંદર્ભમાં સામાન્ય જાણકારીઓ** | 45 |
| (૧) ઈસ્લામ શું છે ? | 45 |

| વિષય | | | પેજ નં. |
|---|---|---|---|
| (૨) | ઈસ્લામની કેટલીક મૂળભૂત આસ્થાઓ | | 45 |
| | (ક) | અલ્લાહ પર વિશ્વાસ | 45 |
| | (ખ) | ફરિશ્તાઓ (ઈશદૂતો) પર વિશ્વાસ | 47 |
| | (ગ) | અલ્લાહે અવતરિત કરેલા ગ્રંથોમાં વિશ્વાસ | 48 |
| | (ઘ) | અલ્લાહના સંદેશવાહકો પર વિશ્વાસ | 48 |
| | (ચ) | ન્યાયના દિવસ પર વિશ્વાસ | 48 |
| | (છ) | ભાગ્ય પર વિશ્વાસ | 48 |
| (૩) | શું કુરઆન સિવાય ઈસ્લામ ધર્મનો અન્ય કોઈ કાનૂની સ્ત્રોત છે? | | 49 |
| (૪) | સંદેશવાહક મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ના કેટલાક કથનો | | 49 |
| (૫) | ન્યાયના દિવસ વિશે ઈસ્લામ શું કહે છે ? | | 50 |
| (૬) | કોઈ વ્યક્તિ મુસલમાન કેવી રીતે બની શકે છે ? | | 52 |
| (૭) | કુરઆન શાના વિશે છે ? | | 54 |
| (૮) | સંદેશવાહક મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) કોણ છે? | | 54 |
| (૯) | ઈસ્લામના પ્રસારથી વિજ્ઞાનના વિકાસ પર કેવી અસર પડી ? | | 56 |
| (૧૦) | ઈસા(અલયહીસ્સલામ) વિશે મુસલમાનોની આસ્થા | | 57 |
| (૧૧) | ઈસ્લામ આતંકવાદ વિશે શું કહે છે ? | | 59 |
| (૧૨) | ઈસ્લામમાં માનવ અધિકાર અને ન્યાય | | 61 |
| (૧૩) | ઈસ્લામમાં મહિલાઓનું સ્થાન | | 63 |
| (૧૪) | ઈસ્લામમાં પરિવાર | | 64 |
| (૧૫) | ઈસ્લામમાં વૃધ્ધોનું સ્થાન | | 64 |
| (૧૬) | ઈસ્લામ ધર્મના પાંચ સ્તંભો શું છે? | | 65 |
| | (ક) | શહાદા (ગવાહી) | 65 |
| | (ખ) | નમાઝ | 65 |
| | (ગ) | ઝકાત (ધર્મદાન) | 66 |
| | (ઘ) | રમજાન મહિનાના રોઝા રાખવા | 66 |
| | (ચ) | હજ્જ : મક્કાની યાત્રા | 67 |
| ઈસ્લામ વિશે વધારે જાણકારી માટે | | | 69 |
| આ પુસ્તક વિશે આપના સૂચનો અને ટિપ્પણીઓ માટે | | | 70 |
| ઈસ્લામ વિશે વધારે વાંચવા માટે | | | 70 |
| સંદર્ભ... | | | 71 |

# પ્રસ્તાવના

આ પુસ્તક ઈસ્લામ ધર્મને સમજવા માટે સંક્ષિપ્ત માર્ગદર્શિકા છે. આમાં ત્રણ પ્રકરણ છે. પ્રથમ પ્રકરણ "ઈસ્લામ સાચો ધર્મ હોવાના કેટલાક પુરાવાઓ" છે. આ પ્રકરણમાં ઈસ્લામ વિશેના એવા મહત્વના પ્રશ્નોના જવાબો રજૂ કરેલા છે જેને લોકો સામાન્ય રીતે પૂછતા હોય છે.


જેમકે,

- શું કુરઆન ખરેખર અલ્લાહની વાણી છે, જે વહી (પ્રકાશના) દ્વારા મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) પર અવતરિત કરવામાં આવી?
- શું મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) ખરેખર અલ્લાહના મોકલેલ સંદેશવાહક છે?
- શું ઈસ્લામ ખેરખર અલ્લાહ તરફથી આવેલો ધર્મ છે?

આ પ્રકારના પ્રશ્નોના જવાબ આપવા માટે ૬ પ્રકારના પુરાવાઓ રજૂ કરવામાં આવ્યા છે.

**(૧) પવિત્ર કુરઆનના વૈજ્ઞાનિક ચમત્કારો :**

આ વિભાગમાં પવિત્ર કુરઆનમાં ઉલ્લેખિત કેટલાક ચમત્કારો જેના વિશે તાજેતરમાં શોધાયેલ વૈજ્ઞાનિક તથ્યોની ચર્ચા કરવામાં આવી છે. જે ૧૪૦૦ વર્ષ પહેલા રજૂ કરવામાં આવ્યા હતા.



**(૨) કુરઆનના અધ્યાયો જેવો એક અધ્યાય બનાવી લાવવાનો મોટો પડકાર :**

કુરઆનમાં સર્વશક્તિમાન અલ્લાહે તમામ મનુષ્યોને કુરઆનના અધ્યાયો જેવો એક અધ્યાય બનાવવા માટે પડકાર આપ્યો છે. કુરઆનનું અવતરણ ૧૪૦૦ વર્ષ પહેલા થયુ હતું. પરંતુ આજ દિન સુધી કોઈપણ વ્યક્તિ આ પડકારને પહોંચી વળવા માટે સક્ષમ નથી, જ્યારે કે કુરઆનનો સૌથી નાનો અધ્યાય (સૂરઃ અલ કૌશર) માત્ર દસ શબ્દોનો છે.

**(૩) ઈસ્લામના સંદેશવાહક મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ના આગમન વિશે બાઈબલની ભવિષ્યવાણીઓ :**

આ વિભાગમાં સંદેશવાહક મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ના આગમન વિશેની કેટલીક ભવિષ્યવાણીઓની ચર્ચા કરવામાં આવી છે.

**(૪) કુરઆનની એવી ભવિષ્યવાણીઓ જે સમયાંતરે સાચી સાબિત થઈ :**

કુરઆનમાં એવી કેટલીક ભવિષ્યવાણીઓ કરવામાં આવી છે. જે પછીથી ઘટિત પણ થઈ, જેમકે પર્સિયનો પર રોમનો વિજય.

**(૫) સંદેશવાહક મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) વડે જાહેર થયેલા ચમત્કારો :**

સંદેશવાહક મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) દ્વારા પણ ચમત્કારો જાહેર થયા હતા. જેને ઘણા બધા લોકોએ જોયા પણ હતા.

**(૬) સંદેશવાહક મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)નું સરળ જીવન :**

સંદેશવાહક મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)નું સરળ જીવન સૂચવે છે કે આપ ખોટા સંદેશવાહક ન હતા કે ભૌતિક લાભ, મહાનતા અથવા સત્તા પ્રાપ્ત કરવા માટે સંદેશવાહક હોવાનો દાવો કરતા.

આ છ પ્રકારના પુરાવાઓ પરથી નીચેના નિષ્કર્ષો તારવી શકાય,

- કુરઆન અલ્લાહની વાણી છે જે તેના દ્વારા અવતરિત કરવામાં આવી.
- મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) અલ્લાહના સંદેશવાહક છે.
- ઈસ્લામ અલ્લાહ તરફથી આવેલો સાચો ધર્મ છે.

જો આપણે જાણવું હોય કે કોઈ ધર્મ સાચો છે કે ખોટો તો આપણે આપણી લાગણીઓ અને પરંપરાઓ પર વિશ્વાસ કરવો જોઈએ નહીં. આના બદલે આપણે વિવેક બુદ્ધિ અને તર્કનો ઉપયોગ કરવો જોઈએ. જ્યારે અલ્લાહે સંદેશવાહકોને મોકલ્યા ત્યારે તેમને વિવિધ પ્રકારની ચમત્કારિક શક્તિઓ અને પુરાવાઓ આપીને મદદ કરી. જેથી સ્પષ્ટ થઈ જાય કે તેઓ ખરેખર અલ્લાહ તરફથી મોકલેલા સંદેશવાહકો છે. અને તેઓ જે ધર્મ લઈને આવ્યા હતા તે સાચો છે.

બીજુ પ્રકરણ "ઈસ્લામના કેટલાક ફાયદાઓ" છે જેમાં એવા કેટલાક ફાયદાઓનો ઉલ્લેખ છે જે ઈસ્લામે મનુષ્યને પ્રદાન કરેલા છે.

જેમકે, (૧) અનંત સ્વર્ગની પ્રાપ્તિ, (૨) નર્કની આગમાંથી મુક્તિ

(૩) વાસ્તવિક આનંદ અને આંતરિક શાંતિ, (૪) અગાઉના બધા જ પાપોની ક્ષમા.

ત્રીજુ પ્રકરણ "ઈસ્લામના સંદર્ભમાં સામાન્ય જાણકારીઓ" છે જેમાં ઈસ્લામ વિશે સામાન્ય માહિતી આપવામાં આવી છે. જે ઈસ્લામ ધર્મ વિશેની કેટલીક ગેરસમજો દૂર કરે છે અને કેટલાક પ્રશ્નો જે સામાન્ય રીતે પૂછાતા હોય છે તેના જવાબો આપે છે. જેમકે,

- આતંકવાદ પ્રત્યે ઈસ્લામનો દૃષ્ટિકોણ શું છે ?
- ઈસ્લામમાં મહિલાઓનું સ્થાન શું છે ?
- ઈસ્લામ માનવ અધિકાર અને ન્યાય વિશે શું કહે છે?
- ઈસ્લામમાં પરિવારનું મહત્વ શું છે ? ● ઈસ્લામમાં માનવ જીવનનું મહત્વ શું છે ?


પ્રકરણ : ૧

# ઈસ્લામ સાચો ધર્મ હોવાના કેટલાક પુરાવા

અલ્લાહે પોતાના અંતિમ સંદેશવાહક મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ને ઘણા ચમત્કારો અને પુરાવાઓ આપ્યા હતા. જે સાબિત કરે છે કે તેઓ એક સાચા સંદેશવાહક અને અલ્લાહ દ્વારા મોકલવામાં આવ્યા હતા. એ જ રીતે, અલ્લાહે પોતાના અંતિમ ગ્રંથ કુરઆનમાં પણ ઘણા ચમત્કારોનો ઉલ્લેખ કર્યો છે જે સાબિત કરે છે કે કુરઆન અક્ષરશઃ અલ્લાહ દ્વારા મોકલેલ અંતિમ ગ્રંથ છે અને તેને લખવામાં માનવીનો કોઈ હિસ્સો નથી. આ પ્રકરણમાં આના કેટલાક પુરાવાની ચર્ચા કરવામાં આવી છે.

## (૧) પવિત્ર કુરઆનના વૈજ્ઞાનિક ચમત્કારો :

કુરઆન અલ્લાહની વાણી છે જેને પોતાના સંદેશવાહક મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) પર ફરિશ્તાઓ (ઈશદૂત) જિબ્રીલ (અલૈહિસ્સલામ) દ્વારા અવતરિત કર્યું. મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ કંઠસ્થ કરી લીધા પછી પોતાના સાથીઓને લખાવ્યુ હતું, અને પછી તેમના સાથીઓએ પણ કંઠસ્થ કરી લીધું, લખ્યુ અને અલ્લાહના સંદેશવાહક મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ને પઢીને સંભળાવ્યું. આ સિવાય અલ્લાહના સંદેશવાહક મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ જિબ્રીલ (અલૈહીસ્સલામ)ને દર વર્ષે એક વખત અને પોતાના જીવનના અંતિમ વર્ષમાં બે વખત પઢીને સંભળાવ્યુ હતું.



કુરઆન અવતરિત થયુ ત્યારથી લઈને આજ સુધી અસંખ્ય મુસલમાનોએ સંપૂર્ણ કુરઆન યાદ કર્યું છે. કેટલાકે તો દસ વર્ષની નાની વયમાં જ સમગ્ર કુરઆન યાદ કરી લીધું. વર્ષો પસાર થઈ ગયા છતાં પણ આજ સુધી કુરઆનનો એક પણ શબ્દ બદલાયો નથી.

૧૪૦૦ વર્ષ પહેલા અવતરિત થયેલ કુરઆનમાં એવા ઘણા તથ્યો વર્ણન કરવામાં આવ્યા છે જેની શોધ તાજેતરમાં વૈજ્ઞાનિકોએ કરી છે. આનાથી સાબિત થાય છે કે કુરઆન અલ્લાહની વાણી છે, જેને સંદેશવાહક મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) પર અવતરિત કરવામાં આવી. કુરઆન સંદેશવાહક મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) અથવા અન્ય કોઈ માનવ દ્વારા લખાયેલ નથી. આના પરથી એ પણ સાબિત થાય છે કે મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) સાચે જ અલ્લાહે મોકલેલ સંદેશવાહક છે.

અદ્યતન સાધનો અને જટિલ વૈજ્ઞાનિક પધ્ધતિઓ દ્વારા જે હકીકતો આજે શોધવામાં આવી છે અથવા સાબિત કરવામાં આવી છે તે ૧૪૦૦ વર્ષ પહેલા જ જાણી લેવાયુ છે એ વાત સમજની બહાર છે. આ પ્રકારના કેટલાક તથ્યોના ઉદાહરણ નીચે મુજબ છે.

### (ક) કુરઆન અને માનવ ગર્ભ વિકાસ :

પવિત્ર કુરઆનમાં અલ્લાહે માનવગર્ભ વિકાસના વિવિધ તબક્કાઓ વિશે વાત કરી છે.

**"ચોક્કસ અમે માણસને માટીના તત્ત્વમાંથી બનાવ્યો, પછી અમે તેને વીર્ય બનાવી એક સુરક્ષિત જગ્યાએ મૂકી દીધો. પછી અમે વીર્યને થીજી ગયેલ લોહી બનાવી દીધું, પછી તે થીજી ગયેલ લોહીને માંસનો ટુકડો બનાવી દીધો, પછી માંસના ટુકડામાં હાડકાં બનાવ્યા, પછી હાડકાંઓને માંસ પહેરાવી દીધું, પછી બીજા એક સ્વરૂપમાં તેનું સર્જન કર્યુ, શુભ છે તે અલ્લાહ જે શ્રેષ્ઠ સર્જક છે." (કુરઆન, ૨૩ : ૧૨,૧૩,૧૪)**[૧]

આ આયતોમાં આવેલ અરબી શબ્દ 'અલકહ' ના ત્રણ અર્થ છે, (૧) જળો, (૨) લટકતી વસ્તુ અને (૩) થીજેલું લોહી. અલકહની અવસ્થામાં ગર્ભની તુલના જળો સાથે કરવાથી આપણને બંને વચ્ચે સમાનતા દેખાય છે.[૨] જેમકે બંનેના આકારમાં સમાનતા દેખાય છે. (જુઓ ચિત્ર-૧માં સ્પષ્ટ દેખાય છે.) આ અવસ્થામાં ગર્ભ માતાના લોહીમાંથી પોષક તત્ત્વો મેળવે છે બિલકુલ જળોની જેમ, જે અન્ય લોકોના લોહીમાંથી તેનો ખોરાક મેળવે છે.[૩] 'અલકહ'નો ત્રીજો અર્થ થીજેલું લોહી છે આ અવસ્થામાં ગર્ભનું બાહ્ય સ્વરૂપ અને તેનો પડદો એક થીજેલા લોહી સમાન દેખાય છે. જેનું કારણ એ છે કે આ તબક્કામાં ગર્ભમાં વિપુલ માત્રામાં લોહી હાજર હોય છે.[૪] (જુઓ ચિત્ર-૪) સાથે જ આ અવસ્થામાં લોહી ગર્ભની અંદર ત્રણ સપ્તાહ સુધી પ્રવાહિત નથી થતું.[૫] છેવટે આ અવસ્થામાં ગર્ભ થીજેલા લોહી સમાન દેખાય છે.

---


(૧) "..." બે નિશાની વચ્ચે લખેલ ભાગ કુરઆન નથી. પરંતુ કુરઆનનો ગુજરાતી અનુવાદ છે. કેમકે કુરઆન અરબી ભાષામાં છે.

(૨) The Developing Human, મુર અને પર્સાઉડ, ૧૯૯૩, પાંચમી આવૃત્તિ, પૃષ્ઠ-૮

(૩) 'કુરઆન અને સુન્નતમાં વર્ણવેલ માનવ વિકાસ' મુર અને પર્સાઉડ, પૃષ્ઠ-૩૬


(૪) 'માનવ વિકાસ' મુર અને પર્સાઉડ, પૃષ્ઠ-૩૭-૩૮

(૫) 'The Developing Human' મુર અને પર્સાઉડ, ૧૯૯૩, પાંચમી આવૃત્તિ, પૃષ્ઠ-૬૫,૮ અને ૯.





ચિત્ર-૧ : જળો અને માનવ ગર્ભના 'અલકહ'ની અવસ્થામાં આકૃતિમાં સમાનતા. (જુઓ ચિત્ર "Human Development" જેમકે કુરઆન અને સુન્નતમાં વર્ણન છે... મુર અને અન્ય, પૃષ્ઠ નં.-૩૭ થી લેવામાં આવેલ છે. આને હિકમાન તથા અન્ય પુસ્તક "Integrated Principles of Zoology" માંથી મોડીફાઈડ કરેલ છે. માનવ ગર્ભનું ચિત્ર "Human Development" મુર અને પર્સાઉડ, પાંચમી આવૃત્તિ, પૃષ્ઠ-૭૩ પરથી લીધેલ છે.

ચિત્રઃ ૨ આ ચિત્રમાં માનવગર્ભને 'અલકહ'ની અવસ્થામાં માતાના ગર્ભાશયમાં લટકતી અવસ્થામાં જોઈ શકાય છે. "Human Development" મૂર અને પર્સાઉડ પાંચમી આવૃત્તિ, પૃષ્ઠ-૬૬




ચિત્રઃ ૩ આ ચિત્રમાં ગર્ભને 'અલકહ'ની અવસ્થામાં (જ્યારે તે ૧૫ દિવસનો હોય) માતાના ગર્ભાશયમાં લટકતી અવસ્થામાં જોઈ શકાય છે. ગર્ભની લંબાઈ ૦.૬ mm. છે. (The developing Human, લેખક : મુર, ત્રીજી આવૃત્તિ, પૃષ્ઠ-૬૬)
'Histology' લીસોન એન્ડ લીસોન થી લીધેલ છે.






ચિત્ર:૪ અલકહની અવસ્થામાં ગર્ભની રક્ત સંચાલન પ્રક્રિયા. અલકાહની અવસ્થામાં ગર્ભનું બાહ્ય સ્વરૂપ અને તેનો પડદો એક થીજેલા લોહી જેવો દેખાય છે. કારણ કે આ અવસ્થામાં ગર્ભની અંદર પુષ્કળ પ્રમાણમાં લોહી હાજર રહે છે. (The deloping Human, મુર, પાંચમી આવૃત્તિ, પૃષ્ઠ-૬૫.)


આમ જોઈ શકાય છે કે જ્યારે માનવ ગર્ભ અને અલકહની સ્થિતિમાં હોય છે ત્યારે 'અલકહ' શબ્દના ત્રણેય અર્થો ગર્ભની અવસ્થાઓને અનુરૂપ હોય છે. કુરઆનની ઉપરોક્ત આયતમાં 'અલકહ' પછી 'મુઝગહ' ની અવસ્થાનું વર્ણન કરેલ છે. અરબી શબ્દ 'મુઝગહ' નો અર્થ થાય છે. 'ચાવવામાં આવેલ તત્ત્વ' જો તમે ચ્યુઈંગમ લઈને મોઢામાં ચાવો તો ચાવ્યા પછી તેની તુલના 'મુઝગહ'ની અવસ્થામાં રહેલ ગર્ભ સાથે કરી શકાય, તો એવું તારણ કાઢી શકાય કે મુઝગહ અવસ્થામાં રહેલો ગર્ભ ચાવવામાં આવેલ પદાર્થ જેવો દેખાય છે. આનુ કારણ એ છે કે ગર્ભની પાછળની રચનામાં અમુક અંશે એવું દેખાય છે જાણે કે ચાવેલી વસ્તુમાં દાંતના નિશાન હોય.[૧] (જુઓ આકૃતિ-૫ અને ૬)

મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) આ વસ્તુઓ વિશે ૧૪૦૦ વર્ષ પહેલાં કેવી રીતે જાણતા હતા ? જ્યારે કે વૈજ્ઞાનિકોએ તાજેતરમાં અદ્યતન સાધનો અને શક્તિશાળી સૂક્ષ્મદર્શક યંત્રો વડે આ વસ્તુઓની શોધ કરી. જે તે સમયે ન હતા. હેમ અને લીયુ વેન્ડહોક એ પહેલા વૈજ્ઞાનિકો છે, જેમણે ૧૬૭૭માં મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ના ૧૦૦૦ વર્ષ પછી શુક્રાણુઓની શોધ કરી. પરંતુ આ બંને વૈજ્ઞાનિકોએ ભૂલથી એવું માની લીધું હતું કે શુક્રાણુકોષની અંદર એક નાનો માનવી હાજર હોય છે. જે સ્ત્રીના ગર્ભાશયમાં ગયા પછી મોટો થાય છે.[૨]


---

(૧) The Developing Human, મુર અને પર્સાઉડ, ૧૯૯૬, પાંચમી આવૃત્તિ, પૃષ્ઠ-૬૫, ૮ અને ૯.

(૨) The Developing Human, મુર અને પર્સાઉડ, ૧૯૯૬, પાંચમી આવૃત્તિ, પૃષ્ઠ-૬૫, ૮ અને ૯.



ચિત્રઃ૫ મુઝગહની અવસ્થામાં ગર્ભનું ચિત્ર જે ૨૮ દિવસનું છે. આ અવસ્થામાં ગર્ભ ચવાયેલી વસ્તુ જેવો દેખાય છે. જેમકે ગર્ભની પીઠ પર અમુક હદ સુધી ચવાયેલા પદાર્થમાં દાંતના નિશાન હોય તેવા નિશાન દેખાય છે. આ અવસ્થામાં ગર્ભનો આકાર 4 mm. છે. (The Developing Human, મુર અને પર્સાઉડ, પાંચમી આવૃત્તિ, પૃષ્ઠ-૮૨, પ્રોફેસર હિડે ઓનિશિમુરા, ક્યોટો વિશ્વવિદ્યાલય, જાપાન)




ચિત્રઃ૬ જ્યારે આપણે 'મુઝગહ'ની તુલના ચવાયેલ ચ્યુઈંગમ સાથે કરીએ છીએ ત્યારે બંને વચ્ચે સમાનતા જોવાય છે.

(ક) 'મુઝગહ' અવસ્થામાં ગર્ભનું ચિત્ર છે. જેમાં ગર્ભની પીઠ પર દાંતોના નિશાન જોઈ શકીએ છીએ. (The Developing Human, પાંચમી આવૃત્તિ, પૃષ્ઠ-૭૯)

(ખ) ચવાયેલ ચ્યુઈંગગમનો એક ટુકડો.

પ્રોફેસર કીથ એસ. મુર, શરીર રચના અને ગર્ભવિજ્ઞાનના ક્ષેત્રમાં વિશ્વના અગ્રીમ વૈજ્ઞાનિકો પૈકીના એક છે, અને 'ધ ડેવલોપીંગ હ્યુમન' પુસ્તકના લેખક છે જેનો આઠ ભાષામાં અનુવાદ કરવામાં આવ્યો છે. આ પુસ્તક એક મહત્વપૂર્ણ વૈજ્ઞાનિક સંદર્ભનો દરજ્જો ધરાવે છે. જેને અમેરિકન્સ વિશેષ સમિતિ દ્વારા એકજ લેખક દ્વારા લખવામાં આવેલ શ્રેષ્ઠ પુસ્તક જાહેર કરેલ છે. ડૉ. કીથ મુરે યુનિવર્સિટી ઓફ ટોરેન્ટો, કેનેડામાં ફિઝિયોલોજી અને સ્પર્મ સાયકોલોજીના પ્રોફેસર છે. ત્યાં તેઓ મેડિસીન ફેકલ્ટીમાં ફન્ડામેન્ટલ સાયન્સના આસિસ્ટન્ટ એસોસિએટ ડીન અને આઠ વર્ષ સુધી ભૌતિક વિજ્ઞાન વિભાગના વડા હતા. ૧૯૮૪માં તેમને કેનેડામાં કેનેડિયન એસોસિએશન ઓફ એનાટોમિસ્ટ્સ તરફથી ભૌતિક વિજ્ઞાન ક્ષેત્રમાં સૌથી પ્રતિષ્ઠિત એવોર્ડ J.C.B. Grant Award મળ્યો હતો.

તેઓ કેનેડિયન અને અમેરિકન એસોસિએશન ઓફ એનાટોમિસ્ટ્સ અને કાઉન્સિલ ઓફ ધ યુનિયન ઓફ બાયોલોજીકલ સાયન્સ જેવી ઘણી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓના ડિરેકટર પણ રહી ચૂક્યા છે.

સાઉદી અબેરિયાના દમામમાં ૧૯૮૧ની હોન્ટિંગ મેડિકલ કોન્ફરન્સ દરમિયાન પ્રોફેસર મુરે કહ્યું, "મારા માટે માનવ વિકાસ વિશે કુરઆનના નિવેદનોની સ્પષ્ટતા કરવી એ ખૂબ જ આનંદનું કારણ છે, હું એકદમ સ્પષ્ટ છું કે આ નિવેદન અલ્લાહ તરફથી મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) પાસે આવ્યું હોવું જોઈએ, કારણ કે આ પ્રકારના તમામ તથ્યોની શોધ ઘણા વર્ષો પછી હાલમાં થઈ છે. જે એ વાતને સાબિત કરે છે કે મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) અલ્લાહના સંદેશવાહક હતા."(૧) પરિણામે પ્રોફેસર મુરને પૂછવામાં આવ્યુ કે, "શું આનો અર્થ એ છે કે તમે વિશ્વાસ કરો છો કે કુરઆન અલ્લાહની વાણી છે?" તેમણે કહ્યું, "મને આ હકીક સ્વીકારવામાં કોઈ મુશ્કેલી નથી.(૨) કારણ કે માનવજીવનના સતત ફેરફારોને લીધે માનવગર્ભના તબક્કાઓ નક્કી કરવાનું મુશ્કેલ છે. એટલા માટે કુરઆન અને સુન્નત (એટલે કે મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) એ જે કહ્યું, અને કર્યું તથા જેને કરવાની સ્વીકૃતિ આપી છે) અનુસાર નવી વર્ગીકરણ પ્રણાલી વિકસિત કરવામાં આવે. આ સૂચિત પ્રણાલી સરળ સમાવિષ્ટ અને હાલના ગર્ભવિજ્ઞાન સાથે સુસંગત છે."

---

(૧)"This is the Truth" (વીડિયો ટેપ) પુસ્તકના અંતમાં સામેલ સરનામા પરથી મેળવી શકાય છે.
(૨) "This is the Truth"(વીડિયો ટેપ) પુસ્તકના અંતમાં સામેલ સરનામા પરથી મેળવી શકાય છે.

પાછલા ચાર વર્ષમાં કુરઆન અને સુન્નતના ઊંડા અભ્યાસે માનવ ગર્ભના વર્ગીકરણની એક પ્રણાલી સામે લાવ્યા છે અને આ ખૂબજ આશ્ચર્યજનક છે, કેમ કે આ સાતમી સદી સાથે સંબંધિત છે.

જો કે એરિસ્ટોટલ જેણે ગર્ભવિજ્ઞાનની સ્થાપના કરી, ચોથી સદી પૂર્વે મરઘીના ઈંડા પરના તેમના અભ્યાસના પરિણામો દર્શાવે છે કે બચ્ચાનો ગર્ભ અનેક તબક્કાઓમાં વિકાસ પામે છે. પરંતુ તેમણે આ તબક્કાઓની કોઈ વિગતો આપી ન હતી. વીસમી સદી પહેલા ગર્ભવિજ્ઞાનના ઈતિહાસમાં માનવગર્ભના વર્ગીકરણ અને તબક્કાઓ વિશે ખૂબ જ ઓછી જાણકારી હતી. એટલા માટે સાતમી સદીમાં કુરઆનમાં જે માનવગર્ભના વિકાસનું વર્ણન કરેલ છે તે વૈજ્ઞાનિક જાણકારી પર આધારિત છે એમ કહી શકાય નહીં. એકમાત્ર તાર્કિક નિષ્કર્ષ એ છે કે આ હકીકતોને અલ્લાહે મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ને જણાવી. કારણ કે મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) પાસે આના વિશે કોઈ વિગતો ન હતી, અને તેઓ નિરક્ષર હતા અને કોઈપણ પ્રકારની વૈજ્ઞાનિક તાલિમ લીધી ન હતી.[૧]

### (ખ) કુરઆનમાં પર્વતનું વર્ણન :

Earth એ વિશ્વની મોટાભાગની યુનિવર્સિટીઓમાં મૂળ સૂચનાત્મક પાઠ્યપુસ્તક છે. તેના બે લેખકો પૈકી એક પ્રોફેસર એમેરેટસ ફ્રેન્ક પ્રેસ છે. તેઓ ભૂતપૂર્વ યુ.એસ. પ્રમુખ જીમી કાર્ટરના વૈજ્ઞાનિક સલાહકાર હતા અને ૧૨ વર્ષ સુધી નેશનલ એકેડમી ઓફ સાયન્સ, વૉશિંગ્ટનના પ્રમુખ હતા. આ પુસ્તક અનુસાર પર્વતના તળિયે મૂળ હોય છે.[૨] આ મૂળ જમીનમાં ઊંડે સુધી દટાયેલા હોય છે. આથી પર્વતોનો આકાર ખૂંટી જેવો હોય છે. કુરઆનમાં આ રીતે પર્વતોનું વર્ણન કરેલ છે. અલ્લાહ કહે છે,

**"શું અમે જમીનને સમતલ નથી બનાવી અને પર્વતને ખૂંટી ?" (કુરઆન, ૭૮:૬૭)**

આધુનિક ભૂસ્તરશાસ્ત્રએ સાબિત કર્યું છે કે પર્વતના મૂળ જમીનમાં ઊંડે સુધી દટાયેલા હોય છે. (જુઓ ચિત્ર-૭) અને આ મૂળ પર્વતોની ઉંચાઈ કરતા વધારે જમીનમાં ઊંડે સુધી હોય છે.[૩] આ પર્વતનું વર્ણન કરવા માટે ખૂંટી સૌથી ઉચિત શબ્દ છે. કેમકે ખૂંટીનો મોટો ભાગ જમીન નીચે દટાયેલો હોય છે.

---


(૧) "This is the Truth" વિડીયો ટેપ. જુઓ સંદર્ભ-૨ પૃષ્ઠ-૧૦


(૨) Earth Frank Fresh and Raymond Sieverr. પૃષ્ઠ-૪૩૫ અને 'Earth Science - Tarbuck and Lutgens' પૃષ્ઠ-૧૫૭.

(૩) "The Geological Concept of the mountains in the Qur'an" Z.R.El. Naggar પૃષ્ઠ-૪૪ થી ૫૫



www.islamic-invitation.com

ચિત્ર:૭ જમીન નીચે પર્વતોના ઉંડા મૂળ છે. (Earth લેખક : પ્રેસ તથા સીવર, પૃષ્ઠ-૪૧૩)




ચિત્ર:૮ યોજનાબધ્ધ ખંડ, પર્વતોના ખૂંટીની જેમ ઊંડા મૂળ (એનાટોમી ઓફ ધ અર્થ, લેખક Caillenux, Andre, પૃષ્ઠ-૨૨૦)




ચિત્ર:૯ એક બીજા ચિત્ર મુજબ કેવી રીતે પર્વતો તેના ઊંડા મૂળના કારણે આકારમાં ખૂંટી જેવા દેખાય છે. (પૃથ્વી વિજ્ઞાન, લેખક : Tarbuck and Lutgens, પૃષ્ઠ-૧૫૮)


વિજ્ઞાનનો ઈતિહાસ આપણને કહે છે કે પર્વતના ઊંડા મૂળનો વિચાર ખગોળશાસ્ત્રી સર જ્યોર્જ એરીએ ૧૮૬૫માં રજૂ કર્યો હતો.[1] પૃથ્વીની સપાટીને સ્થિર કરવામાં પર્વતો મહત્વની ભૂમિકા ભજવે છે.[2] અને જમીનના કંપનને અટકાવે છે

અલ્લાહે કુરઆનમાં કહ્યું,

**“અને તેણે પર્વતોને જમીનમાં દાટી દીધા, જેથી તે તમારા સાથે ખસી ન જાય.” (કુરઆન, ૧૬:૧૫)**

તેવી જ રીતે પ્લેટ ટેકટોનિક્સનો આધુનિક સિધ્ધાંત કહે છે કે પર્વતો પૃથ્વીને સ્થિર રાખે છે. પૃથ્વીને સ્થિર બનાવવાના પર્વતોનો સિધ્ધાંત ૧૯૬૦ના દાયકામાં રજુ કરવામાં આવ્યો.[3]

શું મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ના જમાનામાં પર્વતનો ચોક્કસ આકાર કોઈ જાણતુ હતું?



શું કોઈ વૈજ્ઞાનિકની રીતે વિચારી શકે છે કે તેની સામે રહેલો પર્વત ખરેખર પૃથ્વીની અંદર ઊંડે સુધી દટાયેલો છે અને તેના મૂળ પણ છે? આધુનિક ભૂસ્તરશાસ્ત્રએ કુરઆનની આયતોની પુષ્ટિ કરી છે.

---

(૧) “Earth” પ્રેસ અને રેમન્ડ સિવર, પૃષ્ઠ - ૪૩૫, અને “The Geological Concept of the Mountain in the Qur’an” Z.R. El-Naggar, પૃષ્ઠ-૫

(૨) “The Geological concept of the mountain in the Qur’an.” Z.R.El. Naggar પૃષ્ઠ-૪૪ થી ૪૫.

(૩) “The Geological concept of the mountain in the Qur’an.” Z.R.El. Naggar પૃષ્ઠ-૪૪ થી ૪૫.


www.islamic-invitation.com

## (ગ) કુરઆનમાં બ્રહ્માંડની ઉત્પત્તિનું વર્ણન :

આધુનિક બ્રહ્માંડશાસ્ત્ર, નિરીક્ષણ અને સૈધ્ધાંતિક રીતે સ્પષ્ટ કરે છે કે આ બ્રહ્માંડ એક સમયે ધુમાડાનું વાદળ હતું.[૧] (એક ખૂબ જ અપારદર્શી, ઘટ્ટ અને ગરમ ધુમાડાવાળુ સંયોજન) આધુનિક બ્રહ્માંડ વિજ્ઞાનનો આ એક નિર્વિવાદ સિધ્ધાંત છે. વૈજ્ઞાનિકો તે ધુમાડાના અવશેષોમાંથી નવા તારાઓની રચના જોઈ શકે છે. (જુઓ આકૃતિ ૧૦ અને ૧૧)

જેવી રીતે આ બ્રહ્માંડ ધુમાડો હતુ તેવી જ રીતે રાત્રે દેખાતા તારાઓ પણ ધુમાડો જ હતા. અલ્લાહ કુરઆનમાં કહે છે.

**"પછી તે આકાશ તરફ ધ્યાનાકર્ષિત થયો, જો કે ધુમાડો હતો." (કુરઆન, ૪૧:૧૧)**

પૃથ્વી અને તેના ઉપર રહેલુ આકાશ (સૂર્ય, ચંદ્ર, તારાઓ, ગ્રહો, આકાશગંગા વગેરે) બધું આ ધુમાડાથી બનેલું છે. એટલા માટે આપણે એ નિષ્કર્ષ પર આવી શકીએ કે પૃથ્વી અને આકાશ એક જ તત્ત્વ હતા અને પરસ્પર જોડાયેલા હતા. પછી આ મિશ્રિત ધુમાડાથી તેઓ અસ્તિત્વમાં આવ્યા અને અલગ થઈ ગયા. અલ્લાહે કુરઆનમાં કહ્યું,

**"શું તે લોકો જેઓ વિશ્વાસ નથી કરતા, તેઓ નથી જાણતા કે આકાશ અને પૃથ્વી એક જ તત્ત્વ હતા, પછી અમે તેને અલગ અલગ કર્યા." (કુરઆન, ૨૧:૩૦)**

ડૉ. આલ્ફ્રેડ કોનર દુનિયાના પ્રખ્યાત ભૂસ્તર શાસ્ત્રી છે તેઓ ભૂસ્તરશાસ્ત્રના પ્રોફેસર છે અને ભૂસ્તરશાસ્ત્ર વિભાગ, જીઓલોજી સંસ્થા, જોહાન્સ ગુટબર્ગ યુનિવર્સિટી, મેઈન્ઝ, જર્મનીના પ્રમુખ છે. તેમણે કહ્યું, "મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) જે વિસ્તારમાંથી આવે છે તે ધ્યાનમાં લેતા, મને લાગે છે કે તેઓ આ બાબતો (જેમકે બ્રહ્માંડની શરૂઆત વગેરે) વિશે જાણતા હોય તે અશક્ય છે. કારણ કે વૈજ્ઞાનિકોએ આના વિશેની જાણકારી વિસ્તૃત અને વિકસિત સાધનો દ્વારા તાજેતરમાં મેળવી છે.[૨] સાથે એમ પણ કહ્યું, "૧૪૦૦ વર્ષ પહેલા જેને પરમાણુ અથવા ભૌતિક જ્ઞાન ન હતું. તે માત્ર પોતાની બુધ્ધિથી નથી જાણી શકતો કે પૃથ્વી અને આકાશ એક જ વસ્તુથી બનેલા છે."[૩]

---

(૧) "The First Three Minutes, a modern view of the onigm of the Universe" પાંચમી આવૃત્તિ, પૃષ્ઠ- ૯૪ થી ૧૦૫.
(૨) "This is the Truth" (વિડીયો ટેપ)
(૩) "This is the Truth" (વિડીયો ટેપ)

ચિત્ર-૧૦ ધૂળ અને વાયુનું વાદળ (Nebula) જે આ બ્રહ્માંડની ઉત્પત્તિનું મૂળ તત્ત્વ એટલે કે ધુમાડાના અવશેષ છે. જેમાંથી એક તારો જન્મ લઈ રહ્યો છે. (The space Atlas લેખક Heather and Henbest, પૃષ્ઠ-૫૦)





ચિત્ર-૧૧ લૈગુન નેબુલાએ વાયુ અને ધૂળનું વાદળ છે. જેનો વ્યાસ લગભગ ૬૦ પ્રકાશવર્ષ છે. જે ઉચ્ચ તાપમાનવાળા તારાઓના અલ્ટ્રાવાયોલેટ કિરણોત્સર્ગથી ઉત્સાહિત છે. (Horizons, Exploring the Universe, લેખક : Belmont)

## (ઘ) કુરઆનમાં માનવ મગજનું વર્ણન :

અલ્લાહે કુરઆનમાં એક દુષ્ટ અવિશ્વાસુ વ્યક્તિ વિશે કહ્યું છે કે જેણે મુહમ્મદ (સલ્લલ્લાહો અલયહી વસલ્લમ) ને કાબામાં પ્રાર્થના કરતા અટકાવવાનો પ્રયાસ કર્યો હતો.

**"જો તે ન અટકતો તો અમે તેને કપાળ પાસેથી પકડીને ઘસડતા, જૂઠા અને અપરાધી કપાળ." (કુરઆન, ૯૬ઃ૧૫-૧૬)**

પ્રશ્ન એ થાય છે કે કુરઆને માથાના આગળના ભાગને જૂઠો અને ગુનેગાર કેમ કહ્યો ? કુરઆને શા માટે વ્યક્તિને જૂઠો અને ગુનેગાર નથી કહ્યો ? કપાળનો જૂઠ અને ગુના વચ્ચે શું સંબંધ છે ? જયારે આપણે કપાળ બાજુથી ખોપરીના આંતરિક ભાગને જોઈએ છીએ ત્યારે આપણને ત્યાં એક વિશિષ્ટ વિસ્તાર દેખાય છે. (જૂઓ ચિત્ર-૧૨)

ચાલો હવે જોઈએ કે ફિઝિયોલોજીના નિષ્ણાંતો આ ક્ષેત્રના કાર્ય વિશે શું કહે છે ? "એસેન્શિયલ્સ ઓફ ફિઝિયોલોજી એન્ડ એનાટોમી" પુસ્તકમાં આ વિસ્તાર વિશે લખ્યું છે કે, "પ્રેરણા, આયોજન અને તૈયારાત્મક હિલચાલના કાર્યો આ વિસ્તારમાં થાય છે. આ વિસ્તાર "એસોસિએશન કોર્ટેક્સ" છે [૧] પુસ્તકમાં આગળ લખ્યું છે કે પ્રવૃત્તિમાં ભાગીદારી સાથે સંબંધિત હોવાના સાથે માથાના આગળના ભાગને હિંસા અને આક્રમકતાનું કેન્દ્ર માનવામાં આવે છે.[૨]

એવી જ રીતે માથાનો આગળનો ભાગ યોજના બનાવવા, પ્રેરિત કરવા, અને સારાં કે ખરાબ કાર્યો શરૂ કરવા માટે જવાબદાર છે. એવી જ રીતે સાચું કે જૂઠ બોલવા માટે પણ જવાબદાર છે. એટલા માટે કુરઆનનું આ હિસ્સાને જૂઠો કે અપરાધી કહેવું બિલકુલ યોગ્ય છે.

પ્રોફેસર કીથ એલ. મુર મુજબ વૈજ્ઞાનિકોએ મગજના આગળના ભાગના કાર્યોની શોધ પાછલા ૬૦ વર્ષોમાં કરી છે.[૩]

---


(૧) "Assentials of Anatomy and Physiology seeley, Rad R. Trent D.Stephens and Philiptate, પૃષ્ઠ-૨૧૧, તથા "The Human Nervous System, Introduction and Review" Noback, Charles R.N.L. Strominger and R.J., Demarest, પૃષ્ઠ-૪૧૦-૪૧૧, ૨૧૧.

(૨) "Assentials of Anatomy and Physiology seeley, Rad R. Trent D.Stephens and Philiptate, પૃષ્ઠ-૨૧૧, તથા "The Human Nervous System, Introduction and Review" Noback, Charles R.N.L. Strominger and R.J., Demarest, પૃષ્ઠ-૪૧૦-૪૧૧, ૨૧૧.

(૩) "અલ એઝાઝ અલ ઈલ્મ ફી અલનાસિય" મૂર અને અન્ય, પૃષ્ઠ-૪૧.



www.islamic-invitation.com




ચિત્ર:૧૨ મસ્તિષ્કના આવરણની અંદરનો ક્રિયાશીલ વિસ્તાર પ્રીફ્રટલ એરિયા મસ્તિષ્કના આવરણની અંદર તેના આગળના ભાગમાં સ્થિત છે. (Assentials of Anatomy and Physiology, Seeley and others, પૃષ્ઠ-૨૧૦.)

## (ચ) કુરઆનમાં સમુદ્ર અને નદીઓનું વર્ણન :

આધુનિક વિજ્ઞાને શોધી કાઢ્યું છે કે જ્યાં બે અલગ-અલગ સમુદ્રો મળે છે ત્યાં તેમની વચ્ચે એક પડદો છે. આ પડદો બે મહાસાગરોને એવી રીતે વિભાજીત કરે છે કે દરેક સમુદ્રનું પોતાનું તાપમાન, ખારાશ અને ઘનતા સુરક્ષિત રહે[૧] જેમકે ભૂમધ્ય સમુદ્રનું પાણી એટલાન્ટિક મહાસાગરના પાણી કરતાં ગરમ, ખારૂ અને ઓછુ ગાઢ હોય છે.


જ્યારે ભૂમધ્ય સમુદ્રના પાણી જિબ્રાલ્ટર થઈને એટલાન્ટિકમાં પ્રવેશે છે ત્યારે તેઓ તેમની ગરમી, ખારાશ અને ઓછા ગાઢ લક્ષણો સાથે કેટલાક સો કિલોમીટર અને લગભગ ૧૦૦૦ મીટરની ઊંડાઈએ એટલાન્ટિકમાં આગળ વધવાનું ચાલુ રાખે છે જો કે આ સમદ્રમાં મોટા મોજા, મજબૂત પ્રવાહો, અને ભરતી હોય છે તેમ છતાં તેમના પાણી એકબીજામાં ભળી જતાં નથી કે પડદાને પાર કરતા નથી.[૨] (જુઓ ચિત્ર-૧૩)

---

(૧) Principles of Oceanography, ડેવિસ, પૃષ્ઠ-૯૨,૯૩

(૨) Principles of Oceanography, ડેવિસ, પૃષ્ઠ-૯૨,૯૩


www.islamic-invitation.com




ચિત્રઃ૧૩ ભૂમધ્ય સમુદ્રનું પાણી જિબ્રાલ્ટરના માર્ગે એટલાન્ટિકમાં પોતાની ગરમી, ખારાશ અને ઓછા ગાઢવાળી વિશેષતાઓ સાથે પ્રવેશ કરે છે. પડદાના કારણે જે બંને પાણીને અલગ કરે છે. તાપમાન ડીગ્રી સેલ્સિયસમાં છે. (Ocean Geology, Author : Kuenen, પૃષ્ઠ-૪૩, કેટલાક વધારા સાથે)

પવિત્ર કુરઆન જણાવે છે કે જ્યારે બે સમુદ્રો મળે છે ત્યારે તેમની વચ્ચે એક આડ હોય છે. જેને તેઓ પાર કરી શકતા નથી. અલ્લાહ કહે છે,


**“તેણે બે સમુદ્રો વહાવ્યા, જેનો સંગમ થાય છે, તે બંને વચ્ચે એક આડ છે. તેઓ એકબીજામાં ભળી નથી શકતા.”** (કુરઆન, ૫૫:૧૯,૨૦)

પરંતુ જ્યારે કુરઆન નિર્મળ અને ખારા પાણીની વચ્ચેની આડની વાત કરે છે તો આડના સાથે સાથે એક મજબૂત અવરોધની પણ વાત કરે છે. અલ્લાહે કહ્યું,

**“તે જ છે, જેણે બે મહાસાગરોને જોડી દીધા, એક મીઠું અને રૂચિકર છે અને બીજુ ખારૂ અને તે બંને વચ્ચે એક આડ અને અવરોધ બનાવી દીધો.”** (કુરઆન, ૨૫:૫૩)

કોઈ પૂછી શકે છે કે કુરઆન જ્યારે મીઠા અને ખારા પાણી વચ્ચે આડ હોવાની વાત કરે છે તો તેની સાથે અવરોધની વાત કેમ કરે છે. જ્યારે કે બંને સમુદ્રોના પાણીના વિભાજનના ઉલ્લેખ કરતી વખતે અવરોધની વાત નથી કરતો.

તો આનો જવાબ એ છે કે આધુનિક વિજ્ઞાને શોધી કાઢ્યું છે કે મુહાના (જ્યાં મીઠું અને ખારૂં પાણી મળે છે)ની સ્થિતિ એ જગ્યાઓથી અલગ છે જ્યાં બે મહાસાગરો મળે છે. એવું જાણવા મળ્યું છે કે મુહાના જ્યાં મીઠું અને ખારૂ પાણી મળે છે તેને 'Pycnocline Area' કહે છે જેમાં વધારે સઘન અને નિરંતરતા બંને સ્તરોને અલગ કરે છે.[૧] આ વિભાજનનું પાણી શુદ્ધ અને ખારા પાણીથી અલગ જ ખારાશ રાખે છે.[૨] (જુઓ ચિત્ર-૧૪)




ચિત્ર:૧૪ ખારાશ દર્શાવતો મુહાના પરનો રેખાંશ વિભાગ આપણે અહીં શુદ્ધ અને ખારા પાણી વચ્ચેનું વિભાજન જોઈ શકીએ છીએ. ("Introductory Oceonography" લેખક : Thurman, પૃષ્ઠ-૩૦૧, થોડાક વધારા સાથે)

આ માહિતી તાજેતરમાં તાપમાન, ખારાશ, ઘનતા અને ઓક્સિજન વિસર્જનને માપવાના આધુનિક સાધનો વડે શોધવામાં આવી છે. માનવ આંખો બે મળતા સમુદ્રો પરનો તફાવત જોઈ શકતી નથી. એ જ રીતે માનવ આંખો નદીના પાણીને ત્રણ ભાગમાં વહેચી શકતી નથી એટલે કે શુદ્ધ પાણી, ખારૂ પાણી અને અવરોધક પાણી.

### (છ) કુરઆનમાં ઊંડા સમુદ્રો અને આંતરિક લહેરોનું વર્ણન :

કુરઆનમાં અલ્લાહ કહે છે,

**"અથવા તે અંધકાર સમાન છે, જે ખૂબજ ઊંડા સમુદ્રમાં હોય, જેને ઉપરથી લહેરો ઢાંકી દે છે, અને લહેરો ઉપર વાદળો હોય, અર્થાત એકના ઉપર એક અંધકાર છે. જ્યારે પોતાનો હાથ બહાર કાઢે તો તેને પણ જોઈ ન શકે." (કુરઆન, ૨૪:૪૦)**


---

(૧) "Oceanography" Gross M. Grant, પૃષ્ઠ-૨૪૨, ૨૪૪. "Introductory Oceanography" Thurman, પૃષ્ઠ-૩૦૦ થી ૩૦૩.

(૨) "Oceanography" Gross M. Grant, પૃષ્ઠ-૨૪૨, ૨૪૪. "Introductory Oceanography" Thurman, પૃષ્ઠ-૩૦૦ થી ૩૦૩.


www.islamic-invitation.com

કુરઆનની આ આયતમાં ઊંડા સમુદ્ર અને સમુદ્રના અંધકારનો ઉલ્લેખ છે. તે એટલું અંધારૂ હોય છે કે માણસ હાથ લંબાવીને તેને જોવા માંગે તો જોઈ શકતો નથી. ઊંડા સમુદ્ર અને મહાસાગરનો અંધકાર ૨૦૦ મી. અથવા તેનાથી ઊંડે જોવા મળે છે. અહીં પહોંચવાથી સામાન્ય રીતે પ્રકાશ શૂન્ય થઈ જાય છે. (જુઓ ચિત્ર-૧૫) સમુદ્રની સપાટીથી ૧૦૦૦ મી. નીચે પ્રકાશ બિલકુલ હોતો નથી.[૧]




ચિત્ર:૧૫ ૩ થી ૩૦% વચ્ચે સૂર્યપ્રકાશ સમુદ્રની સપાટી પર જોઈ શકાય છે. ત્યારબાદ વાદળી સિવાય રંગાવલીના તમામ સાત રંગો પ્રથમ ૨૦૦ મીટરમાં એક પછી એક શોષાઈ જાય છે. ("Ocean" Elder and Pernetta, પૃષ્ઠ-૨૭)


સબમરીન અથવા ખાસ સાધનો વિના માણસ ૪૦ મીટરથી વધારે સમુદ્રમાં ઊંડે ડૂબકી મારી શકતો નથી. માણસ કોઈ મદદ વિના ૨૦૦ મીટર ની ઊંડાઈએ સમુદ્રના અંધકારમાં જીવી શકતો નથી. વૈજ્ઞાનિકોએ હાલમાં જ ખાસ સાધનો અને સબમરીનની મદદથી આ અંધકારને શોધી કાઢ્યો છે. જેના દ્વારા તેઓ સમુદ્રની અંદર જવામાં સફળ થયા છે.

આપણે પાછળની આયતો જેમાં કહેવામાં આવ્યું છે કે, "ઊંડા સમુદ્રોમાં, તે લહેરોથી ઢંકાયેલો છે, અને તેના ઉપર લહેરો છે, અને તેની ઉપર વાદળો છે."

---

(૧) "Ocean" Elder and Pernetta, પૃષ્ઠ-૨૭.

આના પરથી જાણી શકાય છે કે સમુદ્ર અને મહાસાગરના ઊંડા પાણી લહેરોથી ઢંકાયેલા છે, અને આ લહેરો ઉપર બીજી લહેરો છે, આ બીજી લહેરો સમુદ્રની સપાટી પરની છે. જેને આપણે જોઈ શકીએ છીએ. કેમકે આયતમાં લહેરો ઉપર વાદળોનો ઉલ્લેખ છે. પરંતુ આંતરિક લહેરો વિશે શું ? વૈજ્ઞાનિકોએ તાજેતરમાં શોધી કાઢ્યું કે સમુદ્રની અંદર પણ આંતરિક લહેરો હોય છે. જે વિવિધ તીવ્રતાઓ વચ્ચે સૌથી ગીચતાની નજીક આવે છે.[૧] (જુઓ ચિત્ર-૧૬)




ચિત્ર:૧૬ (અલગ ઘનતાના પાણીના બે સ્તરો વચ્ચે ઈન્ટરફેસ પર આંતરિક તરંગો નીચલુ સ્તર વધારે ઘનતાવાળુ અને ઊંચુ સ્તર ઓછી ઘનતાવાળુ છે. "Oceanography" Gross, પૃષ્ઠ-૨૦૪)

આંતરિક લહેરો સમુદ્ર અને મહાસાગરોના ઊંડા પાણીને ઢાંકી દે છે. કારણ કે ઊંડા પાણીની ઘનતા સપાટી પરના પાણીની ઘનતા કરતા વધારે હોય છે. આંતરિક લહેરો પણ સપાટી પરની લહેરો જેવી જ હોય છે. આંતરિક લહેરોને માનવ આંખો જોઈ શકતી નથી. પરંતુ તાપમાન અને ખારાશનો અભ્યાસ કરીને આપેલ સ્થાન પર આંતરિક લહેરો શોધી શકાય છે.[૨]


(૧) Oceanography, Gross પૃષ્ઠ-૨૦૫
(૨) Oceanography, Gross પૃષ્ઠ-૨૦૫


www.islamic-invitation.com

## (જ) કુરઆનમાં વાદળોનું વર્ણન :

વૈજ્ઞાનિકોએ વાદળોના પ્રકારોની ચર્ચા કરી છે, અને જાણવા મળ્યું છે કે વરસાદી વાદળો ચોક્કસ પધ્ધતિ અને પ્રક્રિયા દ્વારા તેમનો આકાર મેળવે છે અને ખાસ પ્રકારના વાદળો તથા હવા સાથે વિશેષ પ્રકારની પ્રવૃત્તિઓ સંકળાયેલી હોય છે. વરસાદી વાદળોનો એક પ્રકાર ક્યુમુલોનિમ્બસ (Cumulonimbus) છે. હવામાનશાસ્ત્રીઓએ ક્યુમુલોનિમ્બસ વાદળોનો અભ્યાસ કર્યો અને શોધી કાઢ્યું કે તેઓ કેવી રીતે આકાર ધરાવે છે અને વરસાદ, કરા અને વિજળી કેવી રીતે ઉત્પન્ન કરે છે. તેમના મતે ક્યુમુલોનિમ્બસ વાદળો વરસાદ ઉત્પન્ન કરવા માટે નીચેની પ્રક્રિયાઓમાંથી પસાર થાય છે.

(૧) **હવાનું વાદળોને ધક્કો મારવું :** ક્યુમુનોનિમ્બસ વાદળ ત્યારે બને છે જ્યારે હવા વાદળના નાના-નાના ટુકડાઓને ધક્કો મારીને એક જગ્યાએ એકત્રિત કરે છે. (જુઓ ચિત્ર ૧૭)




ચિત્ર-૧૭સેટેલાઈટ ચિત્ર અનુસાર વાદળો એકત્રિત એરિયા B, C અને D તરફ જઈ રહ્યા છે. તીર હવાની દિશા દર્શાવે છે. (The Use of satellite pictures in weather Analysis and Forecasting Anderson and others, પૃષ્ઠ-૧૮૮.

(૨) **સંયોગ :** આ પછી જ્યારે વાદળોના નાના-નાના ટુકડાઓ એકબીજાની સાથે ભળી જાય છે ત્યારે એક મોટું વાદળ રચાય છે.[1] (જુઓ ચિત્ર-૧૮, ૧૯)

(૩) **ઢગલાની રચના :** જ્યારે નાના વાદળોનો ઢગલો રચાય છે ત્યારે મોટા ઢગલામાં એક ઊંચાઈ બનવા લાગે છે. આ વાદળોની ઊંચાઈ તેની ધારીની તુલનામાં કેન્દ્રમાં વધારે હોય છે. આ ઢગલો વાદળોને ઊંચાઈ વધારવામાં મદદ કરે છે. આ રીતે વાદળોનો ઢગલો રચાય છે. (જુઓ ચિત્ર-૧૯, ૨૦, ૨૧)

---


(૧) "The Atmoshpere" Anthens and others, પૃષ્ઠ-૨૬૮, ૨૬૯.
"Elements of Meteorology", Miller and Thompson, પૃષ્ઠ-૧૪૧.


www.islamic-invitation.com




ચિત્રઃ૧૮ વાદળોના નાના-નાના ટુકડાઓ હોરીજન નજીક કન્વર્જેસ ઝોન આગળ વધી રહ્યા છે, જ્યાં એક ક્યુમુલોનિમ્બસ વાદળ જોઈ શકાય છે. “Clouds and Storms” Ludlam, પ્લેટ-૭.૪.

આ ઉંચાઈમાં થતો વધારો વાદળોને ઠંડા વાતાવરણના વિસ્તાર તરફ આગળ વધવાનું કારણ બને છે. જ્યાં પાણીના ટીપાઓ અને કરા ધીરે ધીરે મોટા થતા જાય છે.




ચિત્રઃ૧૯ (ક) નાના નાના વિખરાયેલા વાદળો (ખ) જ્યારે નાના વાદળોના ટુકડાઓ એક જગ્યાએ ભેગા થાય છે ત્યારે એક મોટો આકાર બને છે. (The Atmoshpere, Anthes and others, પૃષ્ઠ-૧૪૧)

જ્યારે આ પાણીના ટીપાઓ અને કરાને ઉઠાવવું વાયુ માટે મુશ્કેલ થઈ જાય છે. ત્યારે વરસાદ અને કરા પડવા લાગે છે.[1]




ચિત્ર:૨૦ એક ક્યુમુલોનિમ્બસ વાદળ જ્યારે વાદળોનો ઢગલો બની જાય છે, તો વરસાદ થાય છે. (Weather and Climate, Bodin, પૃષ્ઠ-૧૨૩)

અલ્લાહ તઆલા કુરઆનમાં કહે છે,

**"શું તમે જોયું નથી કે અલ્લાહ વાદળોને કેવી રીતે ચલાવે છે, પછી તેમને ભેગા કરે છે, પછી તેને એકના ઉપર એક કરી દે છે ? પછી તમે જુઓ છો કે તેનાથી વરસાદ વરસે છે." (કુરઆન, ૨૪:૨૩)**

હવામાનશાસ્ત્રીઓએ તાજેતરમાં જ એરક્રાફ્ટ, સેટેલાઈટ અને બલૂન જેવા ઘણા અદ્યતન સાધનોની મદદથી વાદળોની રચના, આકાર અને કાર્યની વિગતવાર શોધ કરી છે. જેથી તેઓ પવન અને તેની દિશાનો અભ્યાસ કરી શકે, ભેજ અને તેના ફેરફારોને માપી શકે, અને વાતાવરણના દબાણનું સંતુલન અને પરિવર્તન નિર્ધારિત કરી શકે.[2]

ઉપરોક્ત આયત વાદળો અને વરસાદનો ઉલ્લેખ કર્યા પછી કરા અને વિજળી વિશે પણ વાત કરે છે.

**"તે જ આકાશના પર્વત (વાદળ) માંથી કરા વરસાવે છે, પછી જેને ચાહે તેમના પાસે તેને વરસાવે છે અને જેનાથી ચાહે તેનાથી તેને હટાવી દે. વાદળોમાંથી નિકળવાવાળી વિજળીની ચમક એવી હોય છે કે જાણે હવે આંખોની દૃષ્ટિ લઈ જશે." (કુરઆન, ૨૪:૪૩)**

(૧) The Atmoshpere, Athens and others, પૃષ્ઠ-૨૬૮, ૨૬૯ "Elements of Meteorology" Moller and Thompson, પૃષ્ઠ-૧૪૧, ૧૪૨.

(૨) "ઈઝાઝ અલ કુરઆન અલ કરીમ ફી વસ્ફ અલ-અનવા" મક્કી તથા અન્ય, પૃષ્ઠ-૫૫.



www.islamic-invitation.com



ચિત્ર-૨૧ ક્યુમુલોનિમ્બસ વાદળનું બીજુ ચિત્ર, (A colour guide to clouds, Scorer and wexler, પૃષ્ઠ-૨૩)


હવામાનશાસ્ત્રીઓએ સાબિત કર્યું અને માને છે કે ક્યુમુલોનિમ્બસ વાદળો જે કરા વરસાવે છે તે ૨૪૦૦૦ થી ૩૦,૦૦૦ ફૂટ ઊંચાઈ (૪.૭ થી ૫.૭ માઈલ) સુધી પહોંચે છે.[૧] જેવું કે કુરઆનમાં કહ્યું છે, "અને તે આકાશના પર્વત (વાદળ)માંથી કરા વરસાવે છે."

આ આયતમાં એક પ્રશ્ન ઉભો થઈ શકે છે કે શા માટે કરાના સંદર્ભમાં વિજળીનો ઉલ્લેખ કર્યો છે ? શું કરા એ વિજળી ઉત્પન્ન કરવામાં મુખ્ય પરિબળ છે ? ચાલો જોઈએ કે "Meteorology Today" નામનું પુસ્તક આ વિષય પર શું કહે છે ? આ પુસ્તક કહે છે કે જ્યારે બરફના સ્ફટીકો અને ખૂબ જ ઠંડા પાણીના ટીપા કોઈ વિસ્તારમાં વરસતા હોય તો પછી તે વાદળ ઈર્ટિફાઈડ થઈ જાય છે. જેમકે જ્યારે પાણીનું ટીપુ કરા સાથે અથડાય છે તો તે થીજી જાય છે અને અદશ્ય ગરમી મુક્ત કરે છે. જે કરાની સપાટીના આસપાસના બરફના રાઈનસ્ટોન્સને ગરમ કરે છે. જ્યારે કરા બરફના સ્ફટીકના સંપર્કમાં આવે છે ત્યારે એક મહત્વપૂર્વ ઘટના બને છે. જ્યારે કરા બરફના સ્ફટીક સાથે સંપર્ક કરે છે પછી ઈલેકટ્રોન ઠંડા પદાર્થથી ગરમ પદાર્થ તરફ જાય છે તેથી કરા ઋણ વિદ્યુત ભારિત થાય છે.

(૧) " Elements of Metreology", મિલર અને જૈક્સી, થૉમ્પસન, પૃષ્ઠ-૧૪૧

આ જ અસર જ્યારે થાય છે ત્યારે ઠંડુ ટીપું કરા સાથે સંપર્કમાં આવે છે અને નાના ધન વિદ્યુત ભારિત કણો રૂપે તૂટી જાય છે. આ હલકા ધન વિદ્યુત ભારિત કણો અપડ્રાફ્ટ દ્વારા વાદળના ઉપરના ભાગમાં પહોંચે છે જ્યારે વાદળના નીચેના ભાગમાં ઋણ વિદ્યુત ભારિત કરા હોય છે. આમ, વાદળોનો નીચેનો પ્રદેશ ઋણ વિદ્યુતભારિત બને છે. જે વિજળી ઉત્પન્ન કરે છે. આથી એ વાત સ્પષ્ટ થાય છે કે કરા એ વિજળીનો મુખ્ય પરિબળ છે.[૧]

વિજળીનું આ જ્ઞાન તાજેતરમાં જ જાણી શકાયું છે. ૧૬૦૦ વર્ષ પૂર્વે અરસ્તુના વિચારો વિજ્ઞાન પર પ્રભાવી હતા. ઉદાહરણ તરીકે તેમણે કહ્યું હતું કે વાતાવરણમાં બે પ્રકારના ચાર્જ હોય છે, એક ભેજયુક્ત અને બીજો શુષ્ક. સાથે એમ પણ કહેવામાં આવ્યું કે વિજળીની ગર્જનાનો અવાજ એ આસપાસના વાદળો અથડાવાથી શુષ્ક ચાર્જનો અવાજ છે અને શુષ્ક ચાર્જમાં આગ લાગવાથી સૂક્ષ્મ અને અશક્ત દહનના કારણે વિજળી ઉત્પન્ન થાય છે.[૨] હવામાનશાસ્ત્રની કેટલીક ધારણાઓ ૧૪૦૦ વર્ષ પહેલા કુરઆનના અવતરણ સમયે પ્રચલિત હતી.



### (ઝ) પવિત્ર કુરઆનના વૈજ્ઞાનિક ચમત્કારો પર વૈજ્ઞાનિકોની ટિપ્પણીઓ :

પવિત્ર કુરઆનના વૈજ્ઞાનિક ચમત્કારો પર વૈજ્ઞાનિકોની ટિપ્પણીઓ નીચે મુજબ છે. આ તમામ ટિપ્પણીઓ “This is the truth” નામની વિડીયો ટેપમાંથી લેવામાં આવી છે. આ વિડીયોમાં તમે વૈજ્ઞાનિકોને જોઈ શકો છો. અને સાંભળી પણ શકો છો. જ્યારે તેઓ આ ટિપ્પણીઓ આપી રહ્યા હોય. આ ટિપ્પણીઓને ઓનલાઈન વાંચવા માટે www.islam-guide.com/truth વેબસાઈટની મુલાકાત લો.

---

(૧) “Metreology Today” Ahrens, પૃષ્ઠ-૪૩૭.

(૨) “The works of Aristotle” Translated into English : Meteorogica, Vol-3, Ross and Others, પૃષ્ટ-૩૬૯(a) ,૩૬૯(b) .

## વૈજ્ઞાનિકોની ટિપ્પણીઓ

### (૧) ડોક્ટર ટી.વી.એમ. પર્સાઉડ :-

માનિટોબા વિશ્વવિદ્યાલય, માનિટોબા, કેનેડા,માં શરીર રચના, બાળરોગ અને આરોગ્ય, પ્રસૂતિશાસ્ત્ર, સ્ત્રીરોગ વિજ્ઞાન અને પ્રજનન વિજ્ઞાનના પ્રોફેસર છે. તેઓ ૧૬ વર્ષ સુધી એનાટોમી વિભાગના અધ્યક્ષ હતા. તેઓ તેમના ક્ષેત્રના પ્રસિધ્ધ વ્યક્તિ છે. તેમણે ૨૪ પાઠ્યપુસ્તકો કાં તો લખ્યા છે અથવા સંપાદિત કર્યા છે અને ૧૮૧ વૈજ્ઞાનિક લેખો પ્રકાશિત કર્યા છે. ૧૯૯૧માં તેમને કેનેડિયન એસોસિએશન ઓફ એનાટોમિસ્ટ્સ દ્વારા શરીર રચના વિભાગનો સૌથી પ્રતિષ્ઠિત એવોર્ડ જે.સી.બી. ગ્રાન્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

જ્યારે તેમને કુરઆનના વૈજ્ઞાનિક ચમત્કારો વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેમણે કહ્યું, “જેવી રીતે મને સમજાવવામા આવ્યું છે તે મુજબ એવું સમજમાં આવે છે કે મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) એક સામાન્ય માનવી હતા. જેઓ વાંચી કે લખી શકતા ન હતા. હકીકતમાં તેઓ નિરક્ષર હતા. આપણે ૧૪૦૦ વર્ષ પહેલાની વાત કરી રહ્યા છીએ. આપણે એક એવા નિરક્ષર મનુષ્યની વાત કરી રહ્યા છીએ જે અત્યારે સાબિત થયેલી વસ્તુઓ વિશે વાત કરે છે અને વૈજ્ઞાનિક તથ્યો રજૂ કરે છે. હું અંગત રીતે સમજી શક્યો નથી કે આ એક સંયોગ કેવી રીતે હોઈ શકે ? ઘણી બધી ચોકસાઈ અને ડૉ. મુરની જેમ મને મારા મનમાં કોઈ મુશ્કેલી નથી કે તે અલ્લાહ તરફથી દિવ્ય પ્રેરણા અથવા વહી (પ્રકાશના) છે જેના દ્વારા આવા નિવેદનો જાહેર થયા.”

પ્રોફેસર પર્સાઉડે પોતાના કેટલાક પુસ્તકોમાં કુરઆનની કેટલીક આયતો અને મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ની હદીષોને એકત્રિત કરેલ છે. તેઓ વિવિધ પરિષદોમાં કુરઆનની આયતો અને મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ની હદીષો પણ રજૂ કરતા રહ્યા છે.

### (૨) ડો. જો લીહ સિમસોન :-

ડૉ. સિમસોન હ્યુસ્ટન, ટેકસાસ, યુ.એસ.એ.માં બેલર કોલેજ ઓફ મેડિસિન ખાતે સ્ત્રીરોગ વિજ્ઞાન વિભાગના અધ્યક્ષ, સ્ત્રીરોગ વિજ્ઞાન વિભાગના પ્રોફેસર અને મોલેક્યુલર અને હ્યુમન જિનેટિક્સના પ્રોફેસર પણ રહી ચૂક્યા છે. અગાઉ તેઓ ટેનેસી યુનિવર્સિટી, મોમ્ફિસ, ટેનેસી, યુ.એસ.એ. ખાતે પ્રસુતિશાસ્ત્ર અને સ્ત્રીરોગ વિજ્ઞાન વિભાગના અધ્યક્ષ હતા. તેઓ અમેરિકન ફર્ટિલીટી સોસાયટીના પ્રમુખ પણ હતા. તેમને ઘણાં પુરસ્કારો મળ્યા છે જેમાં એસોસિએશન ઓફ પ્રોફેસર્સ ઓફ ઓબ્સ્ટેટ્રિક્સ એન્ડ ગાયનેકોલોજી પબ્લિક રેકોઝિનેશન એવોર્ડ ૧૯૯૨માં મળ્યો હતો.

પ્રોફેસર સિમસોને મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ની કેટલીક હદીષોનો અભ્યાસ કર્યો

**"તમારામાંથી દરેકના સર્જનના તમામ અંગો માતાના પેટના ગર્ભાશયમાં ચાલીસ દિવસ સુધીમાં જમા કરવામાં આવે છે."**(૧)

**"જ્યારે ગર્ભ બેતાલીસ દિવસ પસાર કરે છે ત્યારે અલ્લાહ એક ફરિશ્તાને મોકલે છે જે ગર્ભને આકાર આપે છે અને તેના કાન, આંખો, ચામડી, માંસ અને હાડકાં બનાવે છે."**(૨)

તેમને આ બે હદીષોના અધ્યયન પછી જાણવા મળ્યું કે પ્રથમ ચાલીસ દિવસ એ ગર્ભના જન્મનો મહત્વનો તબક્કો છે. તેઓ મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ની આ બે હદીષોની પૂર્ણ પરિશુધ્ધતા અને તથ્યથી પ્રભાવિત હતા. તેમણે એક કોન્ફરન્સમાં નીચેના મંતવ્યો રજૂ કર્યા, "ઉપરોક્ત બે હદીષ આપણને ગર્ભના પ્રથમ ૪૦ દિવસમાં થયેલ મુખ્ય વિકાસનુ ચોક્કસ સમયપત્રક આપે છે. આ હદીષોમાં જે જ્ઞાન છે તેને તે સમયની વૈજ્ઞાનિક માહિતીના આધારે મેળવી શકતા નથી. મને લાગે છે કે વિજ્ઞાન અને ધર્મ વચ્ચે કોઈ સંઘર્ષ નથી પરંતુ ધર્મ વિજ્ઞાનને નવી વિચારસરણી આપી શકે છે, અને તેનું માર્ગદર્શન પણ કરી શકે છે. કુરઆનમાં વ્યક્ત કરાયેલા વૈજ્ઞાનિક જ્ઞાન સદીઓ પછી પણ માન્ય છે, અને કુરઆનમાં મળેલું જ્ઞાન અલ્લાહ તરફથી મળેલ સત્ય જ્ઞાન છે, તે માનવીય જ્ઞાન હોઈ શકે નહીં."

### (૩) ડો. ઈ.માર્શલ જ્હોનસન :

તેઓ ૨૨ વર્ષથી યુ.એસ.એ.ની ફિલાડેલ્ફીયામાં જેફરસન યુનિવર્સિટીમાં એનાટોમી અને ડેવલોપેમન્ટલ બાયોલોજી વિભાગના પ્રોફેસર અને પ્રમુખ છે અને તે જ યુનિવર્સિટીમાં ડેનીયલ બોગ ઈન્સ્ટિટ્યુટના ડિરેકટર છે. તેઓ ટેટ્રાલોજી એસો.ના પ્રમુખ પણ રહી ચૂક્યા છે.તેમના ૨૦૦ થી વધુ પ્રકાશનો છે. તેમણે ૧૯૮૧માં સઉદી અરેબિયાના દમામમાં આયોજિત સાતમી મેડિકલ કોન્ફરન્સમાં પોતાનું સંશોધન પત્ર રજૂ કર્યું અને કહ્યું,

"ટૂંકમાં કુરઆન માત્ર બાહ્ય આકારના વિકાસનો જ ઉલ્લેખ કરતુ નથી, પરંતુ ગર્ભની આંતરિક પ્રક્રિયાઓ વિશે પણ માહિતી આપે છે. આજે આ માહિતીને વિજ્ઞાને સત્ય સાબિત કરી છે."

---

(૧) સહીહ મુસ્લિમ હદીષ નં.-૨૬૪૩

(૨) સહીહ મુસ્લિમ હદીષ નં.-૨૬૪૫

સાથે જ તેમણે એમ પણ કહ્યું કે, "હું એક વૈજ્ઞાનિક તરીકે તે વસ્તુઓને સાચી કહી શકું છું જે મને સાચી લાગે છે. હું કુરઆનના શબ્દોને સમજી શકુ છું જેનો મારા માટે અનુવાદ કરવામાં આવ્યો છે. જેમકે મેં અગાઉ કહ્યું છે કે જો હું તે સમયે (૧૪૦૦ વર્ષ પહેલા) હોત અને આજે હું જે જાણુ છું તે જાણતો હોઉ અને મને તેનું વર્ણન કરવાનું કહેવામાં આવતુ, જેમકે મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) એ આ વાતો કહી છે તો આ વાત હું કહી ન શકતો, મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) આ જાણકારીઓ કોઈ વિશેષ સ્ત્રોતથી પ્રાપ્ત કરી રહ્યા હતા. હકીકતનો ઈન્કાર કરવાનું કોઈ પ્રમાણ ન હોવાથી તે અલ્લાહની જ વાણિ અને તેના સહયોગથી છે. હું તેને માંનુ છું અને ખચકાયા વિના સ્વીકારૂ છું."(૧)

## (૪) ડો. વિલિયમ ડબલ્યુ હે :

તેઓ પ્રસિધ્ધ સમુદ્રશાસ્ત્રી છે. તેઓ કોલોરાડો યુનિવર્સિટી બોલ્ડર, કોલોરાડો, યુ.એસ.એ.માં ભૂસ્તરશાસ્ત્રના પ્રોફેસર છે. તેઓ અગાઉ મિયામી યુનિવર્સિટી ફ્લોરિડા, યુ.એસ.એ.માં રોક્ટોરિયલ સ્કૂલ ઓફ મરીન એન્ડ એટમોસ્ફિયર સાયન્સના ડીન રહી ચૂક્યા છે. તાજેતરમાં જ્યારે તેમને કુરઆનમાં ઉલ્લેખિત સમુદ્રી તથ્યો વિશે પૂછવામાં આવ્યું તો તેમણે કહ્યું "આ પ્રકારનું જ્ઞાન મને ખૂબ જ રસપ્રદ લાગે છે, કે જે પ્રાચીન ધર્મગ્રંથ જેમકે પવિત્ર કુરઆનમાં લખાયેલ છે.આ તથ્યો ક્યાંથી આવ્યા ? કુરઆનમાં તેમનું વર્ણન કેવી રીતે કરવામાં આવ્યું ? આના વિશે મને જાણકારી નથી. આ હકીકતોને જાણવાનું અમારા પાસે કોઈ માધ્યમ નથી. મને લાગે છે કે ખરેખર આ અલ્લાહની જ વાણી છે."

## (૫) ડો. ગેરાલ્ડ સી. ગેરીંગર :

અમેરિકા, વોશિંગ્ટન ડી.સી.માં તેઓ જ્યોર્જટાઉન યુનિવર્સિટીની સ્કૂલ ઓફ મેડિસીન ખાતે સેલ બાયોલોજી વિભાગમાં તબીબી ગર્ભવિજ્ઞાનના પ્રોફેસર છે. સાઉદી અરેબિયાના રિયાધમાં આયોજિત આઠમી મેડિકલ કોન્ફરન્સમાં તેમનું સંશોધન પત્ર રજૂ કરતા ડૉ. ગેરીંગરે કહ્યું, "પવિત્ર કુરઆનની કેટલીક આયતોએ માનવ ગર્ભના વિકાસથી અવયવોની રચનાની પ્રક્રિયા તથા તબક્કાઓ વિશે ખૂબજ વ્યાપક વિવરણ આપ્યું છે. વર્ગીકરણ, પરિભાષા અને વિવરણ તરીકે માનવવિકાસનો આટલો પરિપૂર્ણ અને સ્પષ્ટ રેકોર્ડ આના પહેલા નથી મળતો. આમાં મોટા ભાગની માહિતીનો ઉલ્લેખ સદીઓ પછી માત્ર વૈજ્ઞાનિક સાહિત્યમાં જ મળી શકે છે."

---

(૧) મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) નિરક્ષર હતા. વાચવાનું અને લખવાનું જાણતા ન હતા. પાછુ તેઓ પોતાના સાથીઓને કુરઆન પઢાવતા અને તેમાંથી કેટલાકને લખવાનું કહેતા હતા.

**(૬) ડો. યોસીહાઈડ કોઝાઈ :**

તેઓ જાપાનની ટોક્યો યુનિવર્સિટીમાં પ્રોફેસર છે અને નેશનલ એસ્ટ્રોનોમિકલ, ઓબ્ઝર્વેટરી નિરીક્ષક પણ રહી ચૂક્યા છે. તેઓ કહે છે, ''હું કુરઆનના ખગોળીય તથ્યોથી ખૂબજ પ્રભાવિત છું અમે આધુનિક અવકાશી બ્રહ્માંડના એક નાના ભાગનો અભ્યાસ કરી રહ્યા છીએ. કારણ કે દૂરબીનથી આકાશનો માત્ર થોડોક જ ભાગ જોઈ શકાય છે. આપણે સમગ્ર બ્રહ્માંડને જોઈ શકતા નથી. કુરઆનના અભ્યાસ પરથી આ વિષયમાં અનુત્તરિત પ્રશ્નોના જવાબો શોધીને બ્રહ્માંડના સંશોધનમાં ખૂબજ સારૂ ભવિષ્ય જોઈ રહ્યો છું.''

**(૭) પ્રોફેસર તેજાતાત તેજાસેન :**

તેઓ થાઈલેન્ડની Chiang Mai University ડિપાર્ટમેન્ટ ઓફ એનાટોમીમાં વર્તમાન પ્રમુખ અને ફેકલ્ટી ઓફ મેડિસીનના ભૂતપૂર્વ અધ્યક્ષ છે. સાઉદી અરબમાં રિયાધમાં આયોજિત આઠમી મેડિકલ કોન્ફરન્સમાં તેમણે કહ્યું કે, ''હું છેલ્લા ૩ વર્ષથી કુરઆનમાં રસ લઈ રહ્યો છું. કુરઆનના અધ્યયન અને આ કોન્ફરન્સમાં મળેલી માહિતી પરથી મને સંપૂર્ણ વિશ્વાસ છે કે કુરઆનમાં ૧૪૦૦ વર્ષ પહેલા કહેવામાં આવેલી તમામ બાબતો સાચી છે. આ વાત આજે વૈજ્ઞાનિક તથ્યો વડે સાબિત કરી શકાય છે. મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) નિરક્ષર હતા. તેઓ જરૂર સંદેશવાહક હતા. તેમણે આ જ્ઞાન સર્જનહાર પાસેથી મેળવ્યું અને લોકો સમક્ષ રજૂ કર્યું. જે આજે કુરઆન સ્વરૂપે આપણી સામે છે અને આ સર્જનહાર અલ્લાહ જ હોઈ શકે છે. તેથી હું માનુ છું કે ''લા ઈલાહા ઈલ્લલ્લાહ' (અલ્લાહ સિવાય કોઈ ઉપાસનાને લાયક નથી.) અને મુહમ્મદુર - રસુલુલ્લાહ (મુહમ્મદ અલ્લાહના પયગંબર છે) ને સ્વીકારવાનો આ યોગ્ય સમય છે, અને આ પરિષદના સફળ સંચાલન બદલ હું અભિનંદન પાઠવુ છું. મને માત્ર વૈજ્ઞાનિક અને ધાર્મિક વિચારોનો જ માત્ર લાભ નથી મળ્યો, પરંતુ અહીં મને પ્રખ્યાત વૈજ્ઞાનિકોને મળવાનો અને ઘણા નવા મિત્રો બનાવવાનો શુભ અવસર પણ મળ્યો છે અને સૌથી મહત્વની વાત એ છે કે મને ''લા ઈલાહા ઈલ્લલ્લાહ મુહમ્મદુર રસુલુલ્લાહ'' સ્વીકારવાનો અને મુસલમાન બનવાનો લ્હાવો મળ્યો છે.''

પવિત્ર કુરઆનમાં ઉલ્લેખિત આ વૈજ્ઞાનિક ચમત્કારોના સ્પષ્ટ ઉદાહરણો અને તેના પર વૈજ્ઞાનિકોની ટિપ્પણીઓ વાંચ્યા પછી ચાલો આપણે જાતે નિર્ણય લઈએ અને પોતાની જાતને કેટલાક પ્રશ્નો પૂછીએ.

- શું ૧૪ સદીઓ પહેલા કુરઆનમાં વર્ણન કરેલા વૈજ્ઞાનિક તથ્યો અને અત્યારના દિવસોમાં જુદા જુદા ક્ષેત્રોમાં શોધાયેલા આ વૈજ્ઞાનિક તથ્યોમાં સુમેળ થવો એ માત્ર એક સંયોગ છે ?

- શું કુરઆન મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) અથવા અન્ય કોઈ વ્યક્તિ દ્વારા પોતાના જ્ઞાનના આધારે લખવું શક્ય છે ?

આ પ્રશ્નોનો એક જ જવાબ છે કે તે ક્યારેય શક્ય નથી, પરંતુ આ ગ્રંથ કુરઆન અલ્લાહ દ્વારા જ અવતરિત થયેલ ગ્રંથ છે.
(પવિત્ર કુરઆનમાં ઉલ્લેખિત વૈજ્ઞાનિક ચમત્કારો પર આધારિત વધુ ઓનલાઈન વિડીયોટેપ, પુસ્તકો અને લેખો માટે www.islam-guide.com/science ની મુલાકાત લો. અથવા પૃષ્ઠ-૬૯,૭૦ પર સૂચિબધ્ધ કોઈપણ સંસ્થાનો સંપર્ક કરો.)

## (૨) પવિત્ર કુરઆનનો પડકાર :

મહાન અલ્લાહે કુરઆનમાં કહ્યું છે કે,

**"અને જો તમને શંકા હોય કે અમે અમારા બંદા (મુહમ્મદ) પર જે અવતરણ કર્યું છે, તથા તમે સાચા હોવ તો આના જેવી એક સૂરહ બનાવી લાવો તમને છૂટ છે કે અલ્લાહ સિવાય તમારા સાથીઓની પણ મદદ લઈ લો. જો તમે આમ ન કર્યું અને તમે કદાપિ કરી શકતા નથી, તો (આને સત્ય તરીકે સ્વીકારી) તે આગથી ડરો જેનું બળતણ મનુષ્ય અને પથ્થર હશે. જે સત્યનો ઈન્કાર કરનારાઓ માટે તૈયાર કરવામાં આવી છે તથા વિશ્વાસ કરનારાઓ અને સદકર્મો કરનારાઓને તે સ્વર્ગોની શુભ સૂચના આપી દો, જેના નીચે નહેરો વહી રહી છે, જ્યારે તેમને તેના ફળો ખાવા માટે આપવામાં આવશે, તો કહેશે કે આના પહેલા અમને ખાવા માટે આ જ આપવામાં આવ્યા હતા, તે સમરૂપી ફળો હશે. તથા તેમના માટે તેમાં પવિત્ર પત્નીઓ હશે અને તેઓ તેમાં હંમેશા રહેશે." (કુરઆન, ૨:૨૩ થી ૨૫)**

કુરઆન અવતરિત થયાને ૧૪૦૦ વર્ષ પસાર થઈ ગયા છે. પરંતુ ત્યારથી લઈને આજ સુધી કોઈ પણ વ્યક્તિ કુરઆનની સુરહ જેવી અદ્‌ભૂત શૈલીવાળી, સરળ, સુંદર, શાણપણથી ભરેલી અને સચોટ માહિતી રજૂ કરતી અને આના જેવી અન્ય મહત્વપૂર્ણ વિશેષતાઓવાળી એક આયત પણ રજૂ કરી શક્યો નથી. વિચારવા લાયક વાત એ છે કે કુરઆનની સૌથી નાની સૂરહ જે માત્ર ૧૦ શબ્દોની છે. છતાં પણ આજ સુધી કોઈએ કુરઆનના આ પડકારને સ્વીકાર્યો નથી.[૧]

મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ને કેટલાક અરબના બહુદેવવાદી શત્રુઓએ અલ્લાહના સંદેશવાહક માનવાનો ઈન્કાર કરી દીધો અને મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) ને ખોટા સંદેશવાહક સાબિત કરવા માટે તે પડકારને સ્વીકારવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો હતો. પંરતુ તેઓ આમ કરવામાં નિષ્ફળ રહ્યા.[૨] આ નિષ્ફળતા તેમને એ હકીકત હોવા છતાં મળી કે કુરઆન એ જ લોકોની ભાષા અને શૈલીમાં પ્રગટ થયુ હતું, અને મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) ના સમયમાં અરબો પાસે ઉચ્ચ કોટિનું સાહિત્ય હતુ અને સુંદર કવિતાઓ લખતા હતા. જેની પ્રશંસા આજે પણ થાય છે.





આ ચિત્ર કુરઆનની સૌથી નાની સૂરહ ૧૦૮નું છે. જેમાં માત્ર ૧૦ શબ્દો છે છતાં પણ આજ સુધી કોઈએ કુરઆનના આ પડકારનો સ્વીકાર કર્યો નથી.

## (3) ઈસ્લામના અંતિમ સંદેશવાહક મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) ના આગમનની ભવિષ્યવાણીનો ઉલ્લેખ બાઈબલમાં :

બાઈબલમાં મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ના આગમન વિશે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જેઓ બાઈબલમાં વિશ્વાસ કરે છે, તેમના માટે આ સાબિતી છે કે ઈસ્લામ સાચો ધર્મ છે.

(૧) ‘અલ બોહરાન ફી ઉલૂમ અલ કુરઆન’’ અલ જરકશી, ભાગ-૨, પૃષ્ઠ-૨૨૪,૨૨૬
(૨) ‘અલ બોહરાન ફી ઉલૂમ અલ કુરઆન’’ અલ જરકશી, ભાગ-૨, પૃષ્ઠ-૨૨૪,૨૨૬




બાઈબલના પ્રથમ ભાગ, શ્લોક-૧૮માં હજરત મૂસા (અલૈહીસ્સલામ) એ કહ્યું કે ઈશ્વરે તેમને કહ્યું, “હું તે લોકો માટે તેમનામાંથી જ તમારા જેવાં એક ઈશદૂત મોકલીશ, હું તેના મોઢામાં મારી વાણી મૂકીશ અને તે મારી આજ્ઞા અનુસાર પ્રત્યેક વાત તે લોકોને બતાવશે. જો કોઈએ તેની વાત ન સાંભળી તો હું પોતે તે વ્યક્તિ સાથે હિસાબ લઈશ.” (Deuteronomy, ૧૮:૧૮,૧૯)[૧]

આ શ્લોકમાં આવનાર સંદેશવાહક વિશે જે ભવિષ્યવાણી કરવામાં આવી છે તે મુજબ તેમનામાં ત્રણ વિશેષતાઓ હોવી જોઈએ જેનો ઉપરના શ્લોકમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

(ક) તેઓ હજરત મૂસા (અલૈહીસ્સલામ) જેવા હશે.

(ખ) તેઓ ઈસરાઈલી એટલે કે ઈસ્માઈલ (અલૈહીસ્સલામ)ના વંશમાંથી હશે.

(ગ) ઈશ્વર પોતાની વાણી (શબ્દ) તે સંદેશવાહકના મોઢામાં મૂકશે અને તે તેના આદેશનો પ્રચાર કરનાર હશે.

આ ત્રણ વિશેષતાઓને વિસ્તૃતમાં સમજીએ.

### (ક) તેઓ હજરત મૂસા (અલૈહીસ્સલામ) જેવા હશે :

હજરત મૂસા (અલૈહીસ્સલામ) અને હજરત મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) વચ્ચે જેટલી સમાનતાઓ છે તેટલી સમાનતા અલ્લાહના કોઈ બીજા બે સંદેશવાહકો વચ્ચે જોવા મળતી નથી. બંનેને એક વિસ્તૃત અને સંપૂર્ણ જીવન-બંધારણ સાથે મોકલવામાં આવ્યા હતા. બંનેએ દુશ્મનો સામે ચમત્કારિક રૂપે સફળતા પ્રાપ્ત કરી હતી. બંને અલ્લાહના સંદેશવાહક અને રાજ્યના શાસક તરીકે સ્વીકારવામાં આવ્યા હતા, અને બંનેએ દુશ્મનોની યુક્તિઓ, કાવતરાઓ તથા હત્યાના પ્રયાસથી બચવા માટે પોતાનો દેશ છોડીને ચાલ્યા ગયા હતા. હજરત મૂસા (અલૈહીસ્સલામ) ના જીવનચરિત્ર સાથે હજરત ઈસા (અલૈહીસ્સલામ)નું જીવનચરિત્ર મેળ ખાતુ નથી. કારણ કે તેઓ ન તો ઉપરોક્ત બાબતોમાં સમાનતા ધરાવે છે કે ન તો સામાન્ય જન્મ, કૌટુંબિક જીવન તથા પ્રાકૃતિક મૃત્યુ વિશે સમાનતા જોવા મળે છે. જ્યારે કે હજરત મૂસા (અલૈહીસ્સલામ) અને હજરત મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) ના જીવનમાં આ સમાનતાઓ જોવા મળે છે. અત્યારે પણ હજરત ઈસા (અલૈહીસ્સલામ)ના અનુયાયીઓ તેમને અલ્લાહના સંદેશવાહકની જગ્યાએ અલ્લાહની સંતાન માને છે અને ઈસાથી તેમને ઓળખે છે. જ્યારે મૂસા (અલૈહીસ્સલામ) અને મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) પોતાના માનવાવાળાઓ વચ્ચે અલ્લાહના સંદેશવાહકની હૈસિયતથી પરિચિત છે. એવી જ રીતે એ માનવું પડશે કે બાઈબલની ઉપરોક્ત ભવિષ્યવાણી હજરત મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ના સંબંધમાં કરવામાં આવી છે, ના કે હજરત ઈસા (અલૈહીસ્સલામ)ના સંબંધમાં.

(૧) આ કિતાબમાં બાઈબલનો શ્લોક “N.I.V. Study Bible” ન્યુ ઈન્ટરનેશનલ એડીસન, ગ્રૈડ રેપિડ્સમાંથી લીધેલ છે.


www.islamic-invitation.com

કેમકે હજરત મૂસા (અલૈહીસ્સલામ) અને હજરત મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) વચ્ચે હજરત ઈસા (અલૈહીસ્સલામ)ની સરખામણીમાં વધારે સમાનતાઓ જોવા મળે છે. બીજી હકીકત એ પણ છે કે 'Gospel of John' માં વર્ણન છે કે યહુદી લોકો ત્રણ ભવિષ્યવાણીઓ પૂરી થવાની રાહ જોઈ રહ્યા હતા.

(૧) ઈસા (અલૈહીસ્સલામ)નું આગમન,

(૨) એલિજા (Elijah) નું આગમન,

(૩) સંદેશવાહકનું આગમન.

બેપ્ટિસ્ટ જહોન ને પૂછવામાં આવેલ ત્રણ પ્રશ્નો પરથી પણ આની પુષ્ટિ થાય છે. જ્યારે જેરૂશલેમના યહુદીઓ દ્વારા મોકલવામાં આવેલા પાદરીએ જહોનને પૂછ્યું, "તમે કોણ છો ?" તેણે સ્પષ્ટ કહ્યું, "હું ઈસા નથી." તે લોકોએ તેને ફરીથી પૂછ્યું, "છેવટે તમે કોણ છો ? શું એલિજા છો?" તેમણે કહ્યું, "ના" પછી તે લોકોએ પૂછ્યું, "શું તમે સંદેશવાહક છો?" તેમણે કહ્યું, "ના" (John, ૧:૧૯-૨૧)

બાઈબલનો કાળજીપૂર્વક અભ્યાસ કરવાથી આપણને જહોન ૧:૨૧ ના હાંસિયામાં વર્ણિત સંદેશવાહકનો શબ્દ મળે છે. આ શબ્દ Deuteronomy ૧૮:૧૫ અને ૧૮:૧૮ માં ઉપર્યુક્ત ભવિષ્યવાણી તરફ ઈશારો કરે છે. (એટલે કે તે તેની સાથે સંબંધિત છે.)(૧) આ વાતથી તે નિષ્કર્ષ કાઢવો એકદમ સરળ છે કે Deuteronomy ૧૮:૧૮માં ઉલ્લેખિત સંદેશવાહક ઈસુ નથી, પરંતુ તેમનું અહીં હોવું અશક્ય છે.

### (ખ) ઈઝરાઈલી વંશમાંથી હોવું :

ઈબ્રાહીમ (અલૈહીસ્સલામ)ના બે પુત્રો હતા. ઈસ્માઈલ (અલૈહીસ્સલામ) અને ઈસ્હાક (અલૈહીસ્સલામ) (Genesis-૨૧) ઈસ્માઈલ (અલૈહીસ્સલામ) આરબોના અને ઈસ્હાક (અલૈહીસ્સલામ) યહુદીઓના પિતા છે. ઉપરોક્ત સંદેશવાહક જેની વાત કરવામાં આવી રહી છે, એવું કહેવામાં આવ્યુ હતું કે તે યહુદીઓમાંથી નહીં પરંતુ તેમના ઈસ્માઈલ (અલૈહીસ્સલામ)ના પુત્રમાંથી હશે. મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) ઈસ્માઈલ (અલૈહીસ્સલામ)ના વંશમાંથી છે. આ જ તે સંદેશવાહક છે જેમાં કોઈ શંકા નથી.

"Book of Asaiah" ૪૨:૧-૧૩ માં ઈશ્વરના પસંદ કરેલા સેવકનો ઉલ્લેખ કરેલ છે, જેને તેણે પસંદ કર્યો છે અને એક સંદેશવાહકનો પણ ઉલ્લેખ છે જે અલ્લાહ દ્વારા મોકલવામાં આવેલા ધર્મ-વિધાન સાથે આવશે, જે "વિશ્વમાં ન્યાય સ્થાપિત થાય ત્યાં સુધી સતત કામ કરશે અને વિવિધ ખંડોના લોકો તેના ધાર્મિક કાયદાની રાહ જોશે." (Asaiah, ૪૨:૪) ૧૧માં શ્લોક અનુસાર જેની રાહ જોવાઈ રહી છે તે સંદેશવાહક કેદારની જાતિના હશે. કેદાર કોણ છે ? "Genesis" ના ૨૫:૧૩ ના શ્લોક અનુસાર કેદાર એ ઈસ્માઈલ (અલૈહીસ્સલામ)ના બીજા પુત્ર હતા અને ઈસ્માઈલ (અલૈહીસ્સલામ) મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ના પિતા છે.

---

(૧) "The N.I.V. Study, Bible" New International Version on Verse, 1:21 પૃષ્ઠ : ૧૫૯૪ નો હાંસિયો જુઓ.


www.islamic-invitation.com

**(ગ) અલ્લાહ તેની વાણી તે સંદેશવાહકના મોઢામાં મૂકશે :**

અલ્લાહની વાણી (પવિત્ર કુરઆન) વાસ્તવમાં મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ના મોઢામાં મૂકવામાં આવી હતી. અલ્લાહે ફરિશ્તા જિબ્રીલ (અલૈહીસ્સલામ) ને મોકલીને મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ને પોતાની વાણી હુબહુ શીખવી અને મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ને કહેવામાં આવ્યું કે તેને સાંભળીને પોતાના સાથીઓને લખાવી દો એટલે કે તે શબ્દો મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ના ન હતા, અને ન તો તેમના મનની ઉપજ હતી, પરંતુ તે વાણી હજરત જિબ્રીલ (અલૈહીસ્સલામ) દ્વારા તેમની છાતીમાં ઉતારી દેવામાં આવી હતી. મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ની હયાતીમાં તે બધા શબ્દો અને વાક્યો તેમની દેખરેખ હેઠળ તેમના સાથીઓ દ્વારા યાદ કરવાની સાથે સાથે લખી પણ લેવામાં આવ્યા હતા. યાદ રહે ! Deuteronomy ની ભવિષ્યવાણીમાં અલ્લાહે કહ્યું છે કે, “જો કોઈ વ્યક્તિએ મારા સંદેશવાહકની વાત જે મેં જ કહી છે તેને માનવાનો ઈન્કાર કરશે તો હું પોતે તેનો હિસાબ લઈશ.” (Deuteronomy, ૧૮, ૧૯) આનો અર્થ એ છે કે તમામ લોકો જેઓ બાઈબલમાં માને છે તેમણે આ શબ્દોમાં પણ વિશ્વાસ રાખવો જોઈએ જે સંદેશવાહક મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) માટે કહ્યા છે.

(બાઈબલમાં મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) વિશે વધુ જાણકારી માટે જુઓ www.islam-guide.com/mib)

## (૪) કુરઆનની ભવિષ્યવાણીઓ જે સાચી સાબિત થઈ

કુરઆનની એક ભવિષ્યવાણી જે પાછળથી સાબિત થઈ હતી તે પર્સિયનો પર રોમનોનો વિજય છે. પર્સિયનોએ સંદેશવાહક મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) ના સમયમાં રોમનોને યુધ્ધમાં હરાવ્યા હતા. આ ઘટના પછી કુરઆને આગાહી કરી હતી કે રોમનો ૩ થી ૯ વર્ષમાં ફરીથી પર્સિયનોને હરાવી દેશે અને આમ જ થયું. કુરઆનમાં છે કે,

**“નજીકની ભૂમિના રોમનો પરાજય પામ્યા છે અને તેઓ આ પરાજય પછી ત્રણ થી નવ વર્ષમાં ફરીથી વિજય પ્રાપ્ત કરશે.” (કુરઆન, ૩૦:૨,૩)**

આવો ! આપણે જોઈએ કે આ યુધ્ધ વિશે ઈતિહાસ શું કહે છે ? “History of the Byzantine State” નામના પુસ્તકમાં લખ્યું છે કે સને ૬૧૩માં અન્ટિઓફ જગ્યા પર રોમન સૈન્યનો ખરાબ રીતે પરાજય થયો હતો.

જેના પરિણામે પર્સિયનો ઝડપથી ચારેય તરફ આગળ વધ્યા હતા.[1] આ સ્થિતિમાં રોમનો પર્સિયનોને હરાવી શકે તેની કલ્પના પણ કરવી મુશ્કેલ હતી. પરંતુ કુરઆનમાં જાહેર કરવામાં આવ્યું કે ત્રણ થી નવ વર્ષની અંદર રોમનો ફરીથી વિજય મેળવશે.

રોમીઓના ઉપરોક્ત પરાજયના ૯ વર્ષ પછી સન ૬૨૨માં આર્મેનિયામાં બંને સેનાઓ સામ સામે આવી ગઈ અને તેનું પરિણામ રોમનોના વિજય સ્વરૂપે આવ્યુ. સન ૬૧૩ની હાર પછી રોમનોનો આ પ્રથમ વિજય હતો.[2] આ રીતે કુરઆનમાં અલ્લાહે જે ઘોષણા કરી હતી તે શબ્દસહ સાચી સાબિત થઈ.

આ સિવાય પણ કુરઆન અને મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) ની ઘણી બધી ભવિષ્યવાણીઓ સમયાંતરે સાચી સાબિત થતી આવી છે.

## (૫) મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) વડે જાહેર થયેલ ચમત્કારો

અલ્લાહની કૃપાથી મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ના હાથે ઘણા બધા ચમત્કારો જાહેર થયા. જેમકે,

- મક્કાના અવિશ્વાસીઓની માંગણી પર ચંદ્રના બે ટુકડા કરવા.[3]
- મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) એ પોતાના તરસ્યા સાથીઓ માટે પોતાની આંગળીઓ વચ્ચેથી પાણી કાઢ્યું. જ્યારે તેમના સાથીઓ પાસે પીવા માટે વાસણમાં થોડુંક જ પાણી વધ્યુ હતું. તો સાથીઓએ આપના પાસે જઈને વિનંતી કરી કે વાસણમાં વધેલું પાણી પીવા અને વુઝુ કરવા માટે પુરતું નથી. તો મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) પોતાનો હાથ વાસણમાં નાખ્યો અને તેમની આંગળીઓ વચ્ચેથી પાણી વહેવા લાગ્યું. તે પાણીથી તમામ સાથીઓએ વુઝુ કર્યું, સ્નાન કર્યું અને પાણી પણ પીધું. તે સમયે આપના સાથે ૧૫૦૦ લોકો હતા.[4]

આ સિવાય પણ મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) વડે ઘણા ચમત્કારો જાહેર થયા હતા.

---

(૧) "History of Byzantine State" Ostrogorsky, P.-95.

(૨) "History of Byzantine State" Ostrogorsky, P.-100 - 101. and "History of Persia" Sykes, Vol-1, P-483-484. Also see the New Encyclopedia Britanica, Motropaedia Vol-4, P-1036.

(૩) સહીહ અલ-બુખારી, હદીષ નં.-૩૬૩૭, સહીહ મુસ્લિમ, હદીષ નં.-૨૮૦૨

(૪) સહીહ અલ-બુખારી, હદીષ નં.-૩૫૭૬, સહીહ મુસ્લિમ, હદીષ નં.-૧૮૫૬

## (૬) મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)નું સામાન્ય જીવન

મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) એક સંદેશવાહકની જવાબદારી મેળવ્યા પહેલા અને પછીના જીવનની તુલના કરવામાં આવે તો આ વાત સ્પષ્ટ થઈ જાય છે કે તેઓ ખરેખર અલ્લાહના સાચા સંદેશવાહક હતા. તેમણે તાત્કાલિક લાભ, મહાનતા, પ્રતિષ્ઠા કે સત્તા મેળવવા માટે સંદેશવાહક હોવાનો દાવો કર્યો ન હતો.સંદેશવાહક તરીકેની જવાબદારી મેળવતા પહેલા તેમને કોઈ અર્થિક મુશ્કેલીનો સામનો કરવો પડ્યો ન હતો. સફળ અને પ્રતિષ્ઠિત વહેપારી હોવાના કારણે આવક ખૂબજ વધારે હતી. સંદેશવાહક તરીકેની જવાબદારી મેળવ્યા પછી તેઓ આર્થિક રીતે વધારે નબળા થતા ગયા. આ હકીકતને વધારે સ્પષ્ટતા પૂર્વક જાણવા માટે તેમના જીવન પર કરેલી નીચેની ટિપ્પણીઓનું વિશ્લેષણ કરો.

- મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ની પત્ની આઈશા (રઝિયલ્લાહુ અન્હા)એ કહ્યું કે, “હે મારા ભત્રીજા ! મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ના ઘરમાં બબ્બે મહિનાઓ સુધી ચૂલો સળગતો ન હતો.” તો ભત્રીજાએ પૂછ્યું, “તો પછી તમે કેવી રીતે જીવતા હતા ?” તેમણે ઉત્તર આપ્યો, “બે કાળી વસ્તુઓ એટલે કે ખજૂર અને પાણી પર જીવતા હતા. આ સિવાય મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ના કેટલાક અન્સાર પાડોશીઓ ક્યારેક ઊંટનું દૂધ આપતા હતા.”[૧]
- મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ના સાથી અનસ બિન માલિક (રઝિયલ્લાહુ અન્હુ) કહે છે કે, “સંદેશવાહકનું દાયિત્વ મેળવ્યા પછી આપ(સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ મૃત્યુ સુધી બારીક લોટની રોટલી ખાધી નથી.[૨]
- આપની પત્ની આયશા (રઝિયલ્લાહુ અન્હા) કહે છે, “મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) ને સૂવા માટેની પથારી ખજૂરના ઝાડના રેસાથી ભરેલા ચામડાની હતી.”[૩]
- અમ્ર બિન હારિસ (રઝિયલ્લાહુ અન્હુ) મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ના સાથી હતા. તેઓ કહે છે, “મૃત્યુ સમયે મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) ન તો પૈસા છોડીને ગયા કે ન તો સંપત્તિ છોડી. કંઈ પણ છોડીને ગયા ન હતા. સિવાય એક સફેદ ઘોડો જેના પર આપ સવારી કરતા હતા. તેવી જ રીતે લડાઈના હથિયાર અને જમીનનો એક નાનકડો ટુકડો હતો. પરંતુ તે પણ દાનમાં આપી ચૂક્યા હતા.[૪]

સંદેશવાહક મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) એ પોતાનું સમગ્ર જીવન આ દુઃખો સાથે પસાર કર્યું. જ્યારે કે ઈસ્લામિક તિજોરી તેમના કબજામાં હતી. તેમના જીવનમાં જ આરબ ઉપખંડનો મોટો ભાગ ઈસ્લામિક રાષ્ટ્રના ઝંડા હેઠળ આવી ગયો હતો અને મુસલમાનો ચારે તરફ વિજયના ઝંડા લહેરાવી ચૂક્યા હતા.

---

(૧)સહીહ મુસ્લિમ, હદીષ નં.-૨૯૭૨, સહીહ બુખારી, હદીષ નં.-૨૫૬૭
(૨)સહીહ બુખારી, હદીષ નં.-૫૪૧૩, સુનન તિર્મિઝિ, હદીષ નં. - ૨૩૬૪
(૩)સહીહ મુસ્લિમ, હદીષ નં. - ૨૦૮૨. સહીહ અલ-બુખારી, હદીષ નં.-૬૪૫૬
(૪)સહીહ અલબ-બુખારી, હદીષ નં.-૨૭૩૯, મુસ્નદ અહમદ, હદીષ નં.-૧૭૯૯૦

શું આ વાત શક્ય છે કે મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ સંદેશવાહકનો દાવો માન-સન્માન, ધન-સંપત્તિ અને શક્તિ મેળવવા માટે કર્યો હોય? પ્રતિષ્ઠા અને સત્તાની ઈચ્છા, વિવિધ પ્રકારના સ્વાદિષ્ટ ખોરાક, વસ્ત્રો, વિશાળ મહેલો, વિવિધ રક્ષક સૈનિકો અને અસંદિગ્ધ સત્તા સાથે સંકળાયેલી છે. શું આમાંથી કોઈ વસ્તુ મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ના જીવનમાં જોવા મળે છે? નીચે આપેલી તેમના જીવનની ઝલકોમાંથી આ પ્રશ્નોના જવાબો મેળવીએ.

એક સંદેશવાહક, શિક્ષક, શાસક અને ન્યાયાધીશની ફરજ બજાવતી વખતે પણ તેમની બકરીનું દૂધ જાતે કાઢતા હતાં.[૧] પોતાના ફાટી ગયેલા પગરખાં જાતે સિવતા હતાં.[૨], ઘરના કામકાજમાં મદદ કરતા હતા.[૩], જ્યારે કોઈ વ્યક્તિ બિમાર હોય ત્યારે તે વ્યક્તિની ખબર કાઢવા માટે જાતે જતા હતા. .[૪] તેઓ પોતાના સાથીઓને ખાઈ ખોદવામાં અને માટી કાઢવામાં મદદ કરતા હતા.[૫] તેમનું જીવન સાદગી અને નમ્રતાનું અજોડ ઉદાહરણ હતું.

મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ના અનુયાયીઓ આપને ખૂબજ પ્રેમ કરતા હતા. આપનો આદર કરતા હતા. અને આપના ઉપર ખૂબ વિશ્વાસ કરતા હતા. પરંતુ મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) હંમેશા એ વાતનો આગ્રહ કરતા હતા કે ઉપાસના તથા ભક્તિ માત્ર એક અલ્લાહની થવી જોઈએ, ન કે તેમની. મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ના એક સાથી અનસ (રઝિયલ્લાહુ અન્હુ) કહે છે કે, “નબી (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ના સાથીઓએ આપને જેટલો પ્રેમ કર્યો તેનાથી વધારે પ્રેમ બીજા કોઈને નથી કર્યો. પરંતુ તેઓ કોઈના આગમન પર ઊભા થતા ન હતા. કેમકે આપને તે પસંદ ન હતું કે લોકો આપના આગમન પર આદરપૂર્વક ઊભા રહે. જેવું કે બીજા સમુદાયના લોકો પોતાના વડીલો સાથે કરતા હતા.[૬]

મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) અને તેમના સાથીદારો પર જુલમ તથા ગંભીર અને અસહ્ય ત્રાસના સમયમાં, જ્યારે ઈસ્લામિક આહવાનની સફળતાના કોઈ ચિન્હો જણાતા ન હતા, એવા સમયમાં મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) સામે એક લોભામણો પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો. અધર્મીઓના આગેવાન ઉત્બાના નેતૃત્વમાં એક જૂથ આપના પાસે આવ્યુ અને કહ્યું, “જો તમારે સંપત્તિ જોઈતી હોય તો કહો, અમે તમારા માટે એટલી સંપત્તિ એકઠી કરીશું કે તમે અરબના સૌથી ધનિક વ્યક્તિ બની જશો. જો તમે અમારા નેતા બનવા માંગતા હોય તો અમે બધા તમને અમારા નેતા તરીકે સ્વીકારવા તૈયાર છીએ અને અમે તમારા નેતૃત્વમાં કામ કરવા માટે તૈયાર છીએ, અને અમે તમારી સહમતિ વિના કોઈ નિર્ણય લઈશું નહીં. જો તમારે રાજપદ જોઈએ તો અમે તમને અમારા રાજા તરીકે સ્વીકારવા તૈયાર છીએ.”

(૧) મુસ્નદ અહમદ, હદીષ નં.-૨૫૬૬૨
(૨) સહીહ અલ-બુખારી, હદીષ નં.-૬૭૬, મુસ્નદ અહમદ, હદીષ નં.-૨૫૫૧૭
(૩) સહીહ અલ-બુખારી હદીષ નં.-૬૭૬, મુસ્નદ અહમદ, હદીષ નં. - ૨૩૭૦૬
(૪) મુવત્તા માલિક હદીષ નં.-૫૭૧
(૫) સહીહ અલ-બુખારી, હદીષ નં.-૩૦૩૪, સહીહ મુસ્લિમ હદીષ નં.-૧૮૦૩, મુસ્નદ અહમદ, હદીષ નં.-૧૮૦૧૭
(૬) મુસ્નદ અહમદ હદીષ નં.-૧૨૧૧૭, સુનન તિર્મિઝી, હદીષ નં.-૨૭૫૪

આ તમામ દરખાસ્તોનો માત્ર એક જ ઉદ્દેશ હતો કે આપ એકેશ્વરવાદ તરફ આહવાન આપવાનું અને લોકોને તેના તરફ બોલાવવાનું છોડી દે. પરંતુ શું આ આકર્ષક પ્રસ્તાવની વિશ્વની પ્રગતિ માટે કામ કરતા મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) પર કોઈ અસર થઈ શકી ? અથવા આપે આનાથી વધારે સારા વિકલ્પ માટેનો માર્ગ ખુલ્લો રાખ્યો ? અથવા વાટાઘાટોની વ્યૂહરચના અપનાવી ? આપનો જવાબ સાંભળો ! આપે કહ્યું, "અલ્લાહના નામથી શરૂ કરૂ છું, જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે." ત્યારબાદ આપે ઉત્બા સામે સૂરહ ફુસ્સિલત ની શરૂઆતની આયતો પઢી.[૧] તેમાની કેટલીક આયતોનો અર્થ આ મુજબ છે.

**"હા-મીમ ! અત્યંત કૃપાળુ અને દયાળુ તરફથી અવતરિત છે. આ એક એવી કિતાબ છે જેની આયતોની સ્પષ્ટ વ્યાખ્યા કરવામાં આવી છે. કુરઆન અરબી ભાષામાં છે, તે સમુદાય માટે જે જાણે છે. શુભ સૂચના સંભળાવનાર અને ચેતવણી આપનાર છે. છતાં પણ તેમના મોટા ભાગના લોકો મોઢું ફેરવી લે છે અને તેઓ સાંભળતા નથી." (કુરઆન, ૪૧:૧ થી ૪)**

અન્ય એક અવસર પર પોતાના કાકાના આ પ્રસ્તાવના જવાબમાં કે આપ લોકોને ઈસ્લામ તરફ બોલાવવાનું બંધ કરી દે, આપનો જવાબ નિર્ણાયક અને સાચો હતો કે, "અલ્લાહના સોગંધ ! કાકા હું આ લોકોને ઈસ્લામ તરફ બોલાવવાના આ કાર્યથી હું ક્યારેય પણ પાછીપાની કરવાનો નથી. ભલેને તેઓ મારા એક હાથમાં સૂર્ય અને બીજા હાથમાં ચદ્ર રાખે. હું આ કાર્ય ચાલુ રાખીશ જ્યાં સુધી અલ્લાહ મને સંપૂર્ણ સફળતા ન આપે, પછી ભલે મારો નાશ પણ કેમ ન થઈ જાય."[૨]

મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) અને તેમના કેટલાક અનુયાયીઓ ૧૩ વર્ષ સુધી ભયંકર યાતનાઓ સહન કરતા રહ્યા. એટલું જ નહીં પરંતુ કેટલીક વખત તેમને જાનથી મારી નાખવાના પ્રયત્નો પણ કરવામાં આવ્યા. એક વખતે મોટો પથ્થર ફેંકીને આપનું માથું ફાડી નખવાનો પ્રયત્ન કરવામાં આવ્યો.[૩] એક વખતે ખાવામાં ઝેર નાખીને આપને મારવા માટેનું ષડયંત્ર કરવામાં આવ્યું.[૪]

શું આ બધું સત્તાના ભૂખ્યા, સ્વકેન્દ્રી માણસ અને સ્વાર્થી વ્યક્તિના લક્ષણો હોઈ શકે ? દુશ્મનો પર પૂર્ણ વિજય મેળવ્યા પછી પણ આ રીતે પીડાદાયક અને બલિદાનયુક્ત જીવનનું ઔચિત્ય શું હોઈ શકે ? સંપૂર્ણ વિજય મેળવ્યા બાદ ગૌરવમય ક્ષણોમાં પણ વિનમ્રતા વ્યક્ત કરતાં કહેવામાં આવેલ આ કથન "આ વિજય અલ્લાહની મદદ વડે પ્રાપ્ત થયેલ છે, મારી શક્તિથી નહી." ની વ્યાખ્યા કેવી રીતે કરી શકાય ?

---

(૧) "સીરત નબવિય્યહ", ઈબ્ને હિશામ, ખંડ-૧, પૃષ્ઠ-૨૯૩, ૨૯૪
(૨) "સીરત નબવિય્યહ", ઈબ્ને હિશામ, ખંડ-૧, પૃષ્ઠ-૨૬૫, ૨૬૬
(૩) "સીરત નબવિય્યહ", ઈબ્ને હિશામ, ખંડ-૧, પૃષ્ઠ-૨૯૮, ૨૯૯
(૪) "અલ દારીમી" હદીષ નં.-૬૮, સુનન અબૂ દાઊદ, હદીષ નં.-૪૫૧૦

# (૭) ઈસ્લામ ધર્મનો અદ્‌ભૂત ફેલાવો

આ પ્રકરણના અંતમાં ઈસ્લામની સત્યતાનો એક મહત્વપૂર્ણ પુરાવો દર્શાવવો યોગ્ય રહેશે. આ એક સત્ય હકીકત છે કે ઈસ્લામ એ અમેરિકા અને સમગ્ર વિશ્વમાં સૌથી ઝડપી ફેલાતો ધર્મ છે. આ હકીકતને લગતા કેટલા વિધાનો ધ્યાનમાં લેવા જેવા છે.

- "અમેરિકામાં ઈસ્લામ ધર્મ સૌથી ઝડપથી ફેલાતો ધર્મ છે. આ ધર્મ આપણા ઘણા બધા લોકો માટે માર્ગદર્શક અને આસ્થાનો આધારસ્તંભ સાબિત થયો છે. (Hillary Rodham Clinton, Los Angeles, Times)[૧]
- "મુસ્લિમ સમુદાય વિશ્વમાં સૌથી વધારે ઝડપથી ફેલાતો સમુદાય છે. (The Population Reference Bureau. USA Today)[૨]
- " ઈસ્લામ એ દેશનો સૌથી ઝડપથી ફેલાતો ધર્મ છે." (Geraldine Baum; Neassday Religion Writer, Newsdat)[૩]
- "ઈસ્લામ એ અમેરિકામાં સૌથી ઝડપથી ફેલાતો ધર્મ છે." (Ari L.Geldman, New York Times)[૪]

આ વિચારો દર્શાવે છે કે ઈસ્લામ ધર્મ હકીકતમાં સાચો ઈશ્વરીય ધર્મ છે. જે અલ્લાહ દ્વારા મોકલવામાં આવ્યો છે. એ વિચારવું તદ્દન ગૈરવ્યાજબી હશે કે અમેરિકા અને જુદા જુદા દેશોના આટલા બધા લોકોએ વિચાર્યા વગર અને ઈસ્લામ એક સાચો ધર્મ છે તેની જાણકારી મેળવ્યા વગર જ ઈસ્લામ ધર્મનો સ્વીકાર કર્યો હશે. આ ધર્માન્તરણ વિભિન્ન દેશો, જાતિઓ, વંશો, વર્ગો, ધર્મો અને જાતિઓમાંથી થયું છે. જેમાં મહાન વિદ્વાનો, વૈજ્ઞાનિકો, પ્રોફેસરો, ફિલોસોફરો, પત્રકારો, રાજકારણીઓ, કલાકારો અને રમતવીરોનો સમાવેશ થાય છે. શુ આ એક સંયોગ છે ? ક્યારેય નહીં ! પરંતુ આ ઈસ્લામ ધર્મની સત્યતાનું સૌથી મોટું પ્રમાણ છે.

આ પ્રકરણમાં દર્શાવેલ તમામ હકીકતોનો ઘણા બધા પુરાવાઓમાંથી થોડાક જ પુરાવાનો સમાવેશ કરેલ છે, કે કુરઆન અલ્લાહની વાણી છે અને ઈસ્લામ એ અલ્લાહનો સાચો ધર્મ છે.

---

(૧) Larry B. Stammer, Times Religion Writer, "First Lady Breaks Grond with Muslims" Los Ageles Times. Home Edition, Metro Section, Part-B, May 31, 1996, Page - 3.

(૨) Timethy Kenny. "Elsewhere in the world" USA Today, Final Edition, News Section, February, 17, 1989, P-4A,

(૩) Geraldine Baum, "For Love of Allah", Newsday Nassan and Suffelk Edition, Part-II, March 7, 1989,P-4.

(૪) Ari. L. Goldman, "Mainstream Islam Rapidly Embraced By Black Americans, "New York Times, Late city Final Edition, February, 21, 1989. P-1.

**પ્રકરણ : ૨**

# ઈસ્લામના કેટલાક ફાયદાઓ

ઈસ્લામ વ્યક્તિ અને સમાજ માટે ઘણા ફાયદાઓ પ્રદાન કરે છે. આ પ્રકરણમાં વ્યક્તિ માટે ઈસ્લામ દ્વારા પ્રાપ્ત થયેલા કેટલાક ફાયદાઓનો ઉલ્લેખ કરેલ છે.

## (૧) શાશ્વત સ્વર્ગની પ્રાપ્તિ

અલ્લાહે કુરઆનમાં કહ્યું,

**"અને જેઓ વિશ્વાસ કરે છે અને સારા કાર્યો કરે છે તેમને તે બગીચા (સ્વર્ગો)ની ખુશખબર આપી દો. જેના નીચે નહેરો વહે છે." (કુરઆન, ૨:૨૫)**

કુરઆનમાં બીજી જગ્યાએ એમ પણ કહ્યું છે,

**"પોતાના પાલનહારની ક્ષમા તરફ અને તે સ્વર્ગ તરફ દોડો જેની પહોળાઈ આકાશ અને ધરતીની પહોળાઈ બરાબર છે, આ એવા લોકો માટે તૈયાર કરવામાં આવેલ છે જેઓ અલ્લાહ પર અને તેના સંદેશવાહકો પર વિશ્વાસ રાખે છે." (કુરઆન, ૫૭:૨૧)**

સંદેશવાહક મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) એ કહ્યું, "સ્વર્ગના સૌથી નીચલા દરજ્જાનો રહેવાસી પણ આ દુનિયા કરતા દસ ગણાથી પણ વધુ મેળવશે."[૧] અને તે ત્યાં બધુજ મેળવશે જેની તે ઈચ્છા કરશે અને આમાં પણ તે દસ ગણુ વધારે પ્રાપ્ત કરશે.[૨] ઉપરાંત મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) એ એમ પણ કહ્યું, "સ્વર્ગમાં એક ધનુષ્ય રાખવા જેટલી જગ્યા આ દુનિયા અને તેમાંની તમામ વસ્તુઓ કરતા પણ વધુ સારી હશે.[૩] આપે એમ પણ કહ્યું, "સ્વર્ગમાં એવી વસ્તુઓ છે જેને કોઈ આંખોએ જોઈ નથી, કોઈ કાને સાંભળી નથી અને કોઈ મનુષ્યએ તેની કલ્પના પણ કરી નહીં હોય."[૪] આપે કહ્યું, "આ દુનિયાના સૌથી વધારે દુઃખી અને કષ્ટ ભોગવનાર વ્યક્તિને એક વખત સ્વર્ગમાં ડૂબકી મરાવડાવીને પૂછવામાં આવશે કે, "હે આદમની સંતાન ! શું તેં ક્યારેય કોઈ દુઃખનો સામનો કર્યો છે ? શું તેં ક્યારેય કોઈ મુશ્કેલીનો અનુભવ કર્યો છે ?" તેનો ઉત્તર હશે, "ના, અલ્લાહના સોગંધ ! મેં આજ સુધી કોઈ દુઃખનો સામનો નથી કર્યો અને મેં આજ સુધી કોઈ મુશ્કેલીઓનો અનુભવ નથી કર્યો."[૫]

---

(૧) સહીહ મુસ્લિમ હદીષ નં. - ૧૮૬, સહીહ અલ-બુખારી, હદીષ નં. - ૬૫૭૧
(૨) સહીહ મુસ્લિમ, હદીષ નં. - ૧૮૮, મુસ્નદ અહમદ, હદીષ નં. - ૧૦૮૩૨
(૩) સહી અલ-બુખારી, હદીષ નં. - ૬૫૬૮, મુસ્નદ અહમદ, હદીષ નં. - ૧૩૩૬૮
(૪) સહીહ મુસ્લિમ હદીષ નં. - ૨૮૨૫, મુસ્નદ અહમદ, હદીષ નં. - ૮૬૦૯
(૫) સહીહ મુસ્લિમ હદીષ નં. - ૨૮૦૭, મુસ્નદ અહમદ, હદીષ નં. - ૧૨૬૯૯

જો તમે સ્વર્ગમાં પ્રવેશ મેળવશો તો તમે માંદગી, પીડા, ઉદાસી, અથવા મૃત્યુ વિનાનું સુખી જીવન જીવશો અને તમે સ્વર્ગમાં હંમેશ માટે રહેશો. અલ્લાહ તમારાથી પ્રસન્ન થશે. અલ્લાહે કુરઆનમાં કહ્યું,

**"પરંતુ જેઓ વિશ્વાસ કરે છે અને સારા કાર્યો કરે છે, અમે તેમને એવા બગીચા (સ્વર્ગ)માં દાખલ કરીશું, જેમાં નહેરો વહે છે અને તેમાં તેઓ હંમેશા રહેશે." (કુરઆન, ૪:૫૭)**

(સ્વર્ગ અથવા મૃત્યુ પછીના જીવન વિશે વધારે માહિતી મેળવવા માટે જુઓ www.islam-guide.com/hereafter)

## (૨) નર્કની આગમાંથી મુક્તિ

અલ્લાહ કુરઆનમાં કહે છે,

**"નિ:શંક, જે લોકોએ અવિશ્વાસ કર્યો અને અવિશ્વાસની હાલતમાં મૃત્યુ પામ્યા, જો તેઓ પૃથ્વી ભરીને સોનું પણ મુક્તિધન તરીકે આપે તો પણ તેમના પાસેથી કદાપિ સ્વીકારવામાં આવશે નહીં, આવા જ લોકો માટે પીડાદાયક સજા છે અને તેમનો કોઈ મદદગાર નહીં હોય." (કુરઆન, ૩:૯૧)**

સ્વર્ગ પ્રાપ્તિનો એક જ માર્ગ છે અને તે એ છે કે વ્યક્તિ આ દુનિયામાં મૃત્યુ પામતા પહેલાં વિશ્વાસ કરનારાઓમાં સામેલ થઈ જાય. કારણ કે મૃત્યુ પછી બીજી વખત આનો મોકો નહીં મળે. જેમકે અલ્લાહે કહ્યું કે કયામતના દિવસે અવિશ્વાસુઓ સાથે શું થશે?

**"તથા જો તમે તે સમયે જોશો, જ્યારે આ લોકોને નર્કની નજીક ઊભા રાખવામાં આવશે અને તેઓ કહેશે. "કાશ ! અમે (દુનિયામાં) પાછા જઈએ તો અમે અલ્લાહની નિશાનીઓને જૂઠાડીશું નહીં અને અમે વિશ્વાસ કરનારાઓમાંથી હોઈશું." (કુરઆન, ૬:૨૭).**

પરંતુ આ બીજી તક કોઈને પણ નહીં મળે.

સંદેશવાહક મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) એ કહ્યું, ''નર્કમાં પ્રવેશ કરનાર એક વ્યક્તિ જેણે દુનિયામાં સૌથી સારૂ અને સુખમય જીવન વિતાવ્યું હશે, તેને નર્કમાં ડૂબકી મરાવડાવીને પૂછવામાં આવશે કે, શું તેણે દુનિયામાં સુખ જોયું છે? આનંદનો અનુભવ કર્યો છે?'' તે કહેશે, ''કદી પણ નહીં, અલ્લાહ તારા સોગંધ.''[૧]

---

(૧) સહીહ મુસ્લિમ, હદીષ નં. - ૨૮૦૭, મુસ્નદ અહમદ, હદીષ નં. - ૧૨૬૯૯

## (૩) વાસ્તવિક આનંદ અને આંતરિક શાંતિની પ્રાપ્તિ

વાસ્ત્વિક આનંદ અને આંતરિક શક્તિ આ જગતના સર્જક અને રક્ષકની ભક્તિ અને ઉપાસના વડે જ પ્રાપ્ત કરી શકાય છે. અલ્લાહે કુરઆનમાં કહ્યું છે,

**“યાદ રાખો કે સાચા દિલથી અલ્લાહનું સ્મરણ કરવાથી જ હૃદયને શાંતિ પ્રાપ્ત થાય છે.” (કુરઆન, ૧૩:૨૮)**



જ્યારે બીજી તરફ જો કોઈ કુરઆનથી દૂર ભાગશે તો[૧] તેને આ દુનિયામાં દુઃખદાયક જીવન મળશે. અલ્લાહે કહ્યું,

**“અને જે મારી યાદથી મોઢું ફેરવશે, તેનું જીવન તંગ થઈ જશે અને અમે તેને ન્યાયના દિવસે આંધળો બનાવીને ઉઠાવીશું.” (કુરઆન, ૨૦:૧૨૪)**

કેટલીક વખત સમૃદ્ધ અને સુખી વ્યક્તિ પણ દુન્યવી સુખ-સુવિધાઓ અને એશો-આરામનું જીવન હોવા છતાં આત્મહત્યા કરી લે છે. આનું કારણ ઉપરની આયત પરથી સમજી શકાય છે. જેમકે કેટ સ્ટીવેન્સ (યૂસુફ ઈસ્લામ) ને લો. તે પહેલા એક વિશ્વપ્રસિદ્ધ પોપ સિંગર હતા અને ક્યારેક એક રાતની આવક ૧,૫૦,૦૦૦ યુ.એસ. ડૉલર હતી. પરંતુ શાંતિ ન હતી. ઈસ્લામ ધર્મ સ્વીકાર્યા પછી તેમણે એવું આનંદમય અને શાંતિમય જીવનનો અનુભવ કર્યો, જે આના પહેલા ક્યારેય મળ્યો ન હતો.[૨]

---

(૧) ન કુરઆન પર વિશ્વાસ કરશે અને ન તેના આદેશોનું પાલન કરશે.

(૨) જો તમે યુસુફ ઈસ્લામના મુસલમાન હોવાના અનુભવ વિશે વધારે જાણવા ઈચ્છો છો તો તેમનું વર્તમાન સરનામું નીચે છે.
2, Digswell Street, London
N7, 8JX, United Kingdom.

ઈસ્લામ સ્વીકારનાર લોકોના અનુભવો જાણવા માટે www.islam-guide.com/stories પર લોગઈન કરો. અથવા "Why Islam is our only choice"[૧] પુસ્તકને વેબપેજ ઉપર વાંચો, આ પુસ્તકમાં આ લોકોના જેઓ જુદા જુદા દેશો, વર્ગો અને પૃષ્ઠભૂમિઓ સાથે સંબંધ રાખે છે તેમના અનુભવો અને વિચારો વાંચી શકો છો.

## (૪) ભૂતકાળના તમામ પાપોની માફી

જ્યારે કોઈ વ્યક્તિ ઈસ્લામ સ્વીકારે છે ત્યારે અલ્લાહ તેના ભૂતકાળના તમામ પાપોને માફ કરી દે છે અમ્ર (રઝિયલ્લાહુ અન્હુ) અલ્લાહના સંદેશવાહક મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) પાસે આવ્યા અને કહ્યું, "તમારો જમણો હાથ આપો, જેથી હું અલ્લાહની શપથ લઈ તમારા હાથ પર બૈઅત કરી શકું અને મારી વફાદારી દર્શાવી શકું." આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) એ પોતાનો જમણો હાથ લંબાવ્યો, પરંતુ અમ્ર (રઝિયલ્લાહુ અન્હુ)એ પોતાનો હાથ પાછો ખેંચ્યો. આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) એ પૂછ્યું, "આ શું છે ?" અમ્ર (રઝિયલ્લાહુ અન્હુ)એ કહ્યું, "હું એક શરત કરવા માંગુ છુ." આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ કહ્યું, "તમારી શરત શું છે ?" અમ્ર (રઝિયલ્લાહુ અન્હુ)એ કહ્યું, "અલ્લાહ મારા તમામ પાપો માફ કરી દે." આ સાંભળીને આપે કહ્યું, "શું તમે સાંભળ્યું નથી કે જે વ્યક્તિ ઈસ્લામ અપનાવી લે તો અલ્લાહ તેના ભૂતકાળના તમામ પાપો માફ કરી દે છે?"[૨]

સંદેશવાહક મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ની આ હદીષ મુજબ વ્યક્તિ ઈસ્લામ સ્વીકારી લે પછી પોતાના સારા કે ખરાબ કર્મોની કસોટી પર તોલવામાં આવશે. અલ્લાહના સંદેશવાહક મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) એ કહ્યું, "તમારો અલ્લાહ ખૂબ જ દયાળુ છે જો કોઈ વ્યક્તિએ સતકર્મ કરવાની ઈચ્છા કરી અને તેણે તે કામ ન કર્યું, તો પણ તેને તે કામનું પુણ્ય મળે છે. જો તેણે તે કામ કરી લીધું તો તો તેને દસથી લઈ સાતસો ગણા અથવા તેનાથી પણ વધારે પૂણ્ય મળે છે. જો કોઈ વ્યક્તિએ ખરાબ કામ કરવાનો ઈરાદો કર્યો, પરંતુ તેણે તે કામ ન કર્યું, તો તે ખરાબ કામથી રોકાઈ જવાના કારણે તેના ખાતામાં એક પુણ્ય લખી દેવામાં આવે છે. જો તેણે તે ખરાબ કામ કરી લીધું, તો તે ખરાબ કામના પ્રમાણમાં પાપ લખાઈ જાય છે, પરંતુ અલ્લાહ તે પાપને પણ નષ્ટ કરી શકે છે.[૩]

---

(૧) આ પુસ્તક મુહમ્મદ એચ. શાહિદનું છે. આની કોપી માટે લોગઈન કરો. www.islam-guide.com/stories અથવા ૬૯-૭૦ પૃષ્ઠ પર આપવામાં આવેલ સંસ્થાનો સંપર્ક કરો.

(૨) સહીહ મુસ્લિમ, હદીષ નં. - ૧૨૧, મુસ્નદ અહમદ, હદીષ નં. - ૧૭૩૫૭

(૩) સહીહ મુસ્લિમ, હદીષ નં. - ૧૩૧, મુસ્નદ અહમદ, હદીષ નં. - ૨૫૧૫

પ્રકરણ : 3

# ઈસ્લામના સંદર્ભમાં સામાન્ય જાણકારીઓ

## (૧) ઈસ્લામ શું છે ?

ઈસ્લામ એટલે અલ્લાહના આદેશોની સ્વીકૃતિ અને તેનું આજ્ઞાપાલન, જેને અલ્લાહે પોતાના અંતિમ સંદેશવાહક મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) દ્વારા જાહેર કર્યો, ઈસ્લામનો બીજો અર્થ શાંતિ પણ થાય છે.

## (૨) ઈસ્લામની કેટલીક મૂળભૂત આસ્થાઓ

### (ક) અલ્લાહ પર વિશ્વાસ

મુસલમાન એક એવા અલ્લાહ પર વિશ્વાસ રાખે છે જે એક છે. જેની કોઈ સંતાન નથી કે કોઈ ભાગીદાર નથી. તે જ સાચો પૂજ્ય અને એક માત્ર ઉપાસ્ય છે. તેના સિવાય બીજો કોઈ ઉપાસના યોગ્ય નથી. તેના ખૂબ જ સુંદર નામો, સંપૂર્ણ ગુણો અને વિશેષણો છે. તેના પૂજ્ય હોવામાં અને તેના ગુણોમાં તેનો કોઈ ભાગીદાર નથી. અલ્લાહે સ્વયં કુરઆનમાં પોતાના વિશે જણાવ્યું છે કે

**“તમે કહી દો કે તે અલ્લાહ એક છે. અલ્લાહ કોઈને આધિન નથી અને બધા તેના આધિન છે અને ન તેની કોઈ સંતાન છે ન તે કોઈની સંતાન છે, અને ન કોઈ તેના સમકક્ષ છે.” (કુરઆન, ૧૧૨ : ૧-૪)**

અલ્લાહ સિવાય બીજો કોઈ પણ વિનંતી કરવાને, પ્રાર્થના કરવાને કે પૂજા કરવાને લાયક નથી.



આ કુરઆનની ૧૧૨ મી સૂરહનો અરબી સુલેખ છે.

આ બ્રહ્માંડ અને બ્રહ્માંડની અંદર જે કંઈ પણ છે તે બધાનું સર્જન તેણે જ કર્યું છે અને તે જ સર્વશક્તિમાન, સર્જનહાર અને પાલનહાર છે. તે તમામ બાબતોનું સંચાલન કરે છે. તે કોઈ પણ વસ્તુ પર નિર્ભર નથી પરંતુ દરેક વસ્તુ તેના પર નિર્ભર છે તે સર્વશ્રેષ્ઠ છે. તે બધુજ સાંભળનાર, બધુંજ જોનાર, દરેક વસ્તુનો જાણકાર અને બધાનો માલિક છે. તેનું જ્ઞાન સર્વવ્યાપી છે. તે ખુલ્લુ અને છુપું તથા જાહેર અને ખાનગી દરેક બાબતોનું જ્ઞાન ધરાવે છે. તેની ઈચ્છા અને મરજી વગર દુનિયામાં કોઈ કામ કે ઘટના થતી નથી. તે જે ઈચ્છે છે તે જ થાય છે, અને જે નથી ઈચ્છતો તે થઈ શકતું નથી. તેની ઈચ્છા સૃષ્ટિમાં દરેકની ઈચ્છાથી ઉપર છે. દરેક વસ્તુ પર તેનો જ અધિકાર છે તે જે ઈચ્છે તે કરી શકે છે તે દરેક વસ્તુ પર સત્તા ધરાવે છે. તે સૌથી વધુ દયાળુ અને સૌથી વધુ પરોપકારી છે. સંદેશવાહક મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) નું કથન છે. “અલ્લાહ પોતાના બંદાઓ ઉપર તેમની માતાઓ કરતા પણ વધારે દયાળુ છે.” [૧]

અલ્લાહ અન્યાય અને અત્યાચારથી પવિત્ર છે. તે જે કંઈ કરે છે અને જે બાબતોનો આદેશ આપે છે તે બુદ્ધિમત્તાપૂર્ણ હોય છે. જો કોઈ વ્યક્તિને અલ્લાહ પાસેથી કંઈક માંગવું હોય તો તે કોઈ મધ્યસ્થી વગર સીધો તેના પાસે માંગી શકે છે. અલ્લાહની મદદ મેળવવા માટે કોઈ પણ મધ્યસ્થીની જરૂર નથી. અલ્લાહ ન તો ઈસુ છે, કે ન તો ઈસુ અલ્લાહ છે[૨]. ઈસુ એ પોતે જ અલ્લાહ હોવાનો ઈન્કાર કર્યો છે. જેમકે કુરઆનમાં અલ્લાહ કહે છે,

**“તે લોકો અવિશ્વાસુ થઈ ગયા, જેમણે કહ્યું કે મરયમનો પુત્ર મસીહ જ અલ્લાહ છે, જ્યારે કે મસીહે પોતે જ કહ્યું છે કે, ‘હે ઈસરાઈલની સંતાનો ! મારા અને તમારા પાલનહાર માત્ર અલ્લાહની જ પૂજા કરો, કારણ કે જે અલ્લાહ સાથે કોઈને ભાગીદાર બનાવે છે, અલ્લાહ તેના પર સ્વર્ગને પ્રતિબંધિત કરે છે અને તેનું નિવાસ્થાન નર્ક છે, અને અત્યાચારીઓ (અનેકેશ્વરવાદીઓ) નો કોઈ સહાયક ન હશે.” (કુરઆન, ૫:૭૨)**

---

(૧) સહીહ અલ-બુખારી, હદીષ નં. ૫૯૯૯ અને સહીહ મુસ્લિમ હદીષ નં. - ૨૭૫૪

(૨) ધ એસોસિએટ પ્રેસ, લંડન દ્વારા ૨૫ જૂન ૧૯૮૪ ના રોજ અહેવાલ આપવામાં આવ્યો હતો કે લંડન વીકેન્ડ ટેલિવિઝનના સાપ્તાહિક ધાર્મિક કાર્યક્રમ, ‘ક્રેડો’ દ્વારા કરવામાં આવેલ સર્વેક્ષણ મુજબ, ૩૯માંથી ૩૧ એંગ્લિકન બિશપ્સે કહ્યું હતું કે “ખ્રિસ્તીઓ એ માનવા બંધાયેલ નથી કે ઈસુ ખ્રિસ્ત ભગવાન હતા.” અહેવાલમાં વધુમાં જણાવ્યું કે ૩૧માંથી ૧૯ બિશપ્સે કહ્યું કે, “ઈસુને અલ્લાહના સર્વોચ્ચ પ્રતિનિધિ માનવું પુરતું છે.”

અલ્લાહ ત્રણમાંથી એક નથી, અલ્લાહ કુરઆનમાં કહે છે,

**"તે લોકો પણ સંપૂર્ણ રીતે અવિશ્વાસુ થઈ ગયા જેમણે કહ્યું કે અલ્લાહ ત્રણમાંથી ત્રીજો છે. વાસ્તવમાં અલ્લાહ સિવાય કોઈ ઉપાસનાને લાયક નથી. તથા જો તેઓ પોતાની વાતથી અટકશે નહીં, તો તેમનામાંથી જેઓ કુફ્રમાં રહેશે, તેઓને કઠોર યાતનાઓ આપવામાં આવશે. આ લોકો શા માટે અલ્લાહ તરફ પાછા ફરતાં નથી અને માફી માંગતા નથી ? અલ્લાહ સૌથી વધુ ક્ષમાશીલ અને સૌથી વધુ કૃપાળુ છે. મરયમના પુત્ર ઈસુ માત્ર સંદેશવાહક સિવાય બીજું કંઈ નથી આમના પહેલા પણ ઘણા સંદેશવાહકો થયા છે. તેમની માતા એક પવિત્ર અને સત્યવાદી સ્ત્રી હતી. બંને (માતા-પુત્ર) ખોરાક લેતા હતા. તમે જૂઓ કે અમે તેમની સામે કેવી દલીલો રજૂ કરીએ છીએ, પછી વિચાર કરો તેઓ કેવા પ્રકારનું જૂઠ ઘડી રહ્યા છે." (કુરઆન, ૫ : ૭૩-૭૫)**

ઈસ્લામ એ માન્યતાને સંપૂર્ણ રીતે નકારે છે કે સૃષ્ટિની રચનાના સાતમા દિવસે અલ્લાહે આરામ કર્યો હતો, કે તેણે તેના એક ફરિશ્તા (દૂત) સાથે કુશ્તી કરી હતી, કે તે માનવજાત સામે કાવતરૂ રચે છે, કે તે નફરત કરે છે, અથવા કોઈ પણ વસ્તુમાં તે સમાવી જાય છે. ઈસ્લામ આ માન્યતાને પણ નકારે છે કે કોઈ વ્યક્તિના દેખાવને અલ્લાહ તરફ સંબંધિત કરવામાં આવે. આ તમામ વાતો ખોટી છે. અલ્લાહ આ બધા કરતાં શ્રેષ્ઠ છે. તે તમામ ખામીઓથી શુદ્ધ છે તે ક્યારેય થાકતો નથી, કે નિદ્રાધીન નથી કે તેને નિંદ્રા પણ નથી આવતી. અલ્લાહ અરબી શબ્દ છે તેનો અર્થ થાય છે ઈશ્વર (આનો અર્થ માત્ર એક જ સાચો અલ્લાહ છે જે આ બ્રહ્માંડનો સર્જક છે.) આ શબ્દ માત્ર એક જ પૂજ્ય, એક જ ઉપાસ્ય અને એક જ પાલનહાર માટે વપરાય છે. આ શબ્દનો ઉપયોગ મુસલમાનો અને ખ્રિસ્તીઓ પણ કરે છે આ શબ્દનું સ્ત્રીલિંગ અને બહુવચન પણ નથી. માત્ર એક જ સાચો અલ્લાહ, કુરઆનમાં અલ્લાહ શબ્દ ૨૧૫૦ થી પણ વધારે વખત આવ્યો છે.

### (ખ) ફરિશ્તાઓ (ઈશદૂતો) પર વિશ્વાસ :

મુસલમાનો ફરિશ્તાઓના અસ્તિત્વ પર આસ્થા રાખે છે અને માને છે કે તેઓ અલ્લાહની પ્રતિષ્ઠિત સૃષ્ટિ છે. તેઓ માત્ર અલ્લાહની ઉપાસના કરે છે અને તેનું આજ્ઞાપાલન કરે છે. અલ્લાહના આદેશ મુજબ કામ કરે છે તથા તેના આદેશોનું ઉલ્લંઘન કરતા નથી. આ ફરિશ્તાઓમાંથી એક જિબ્રિલ પણ છે જે મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) પાસે કુરઆન લઈને આવ્યા.

**(ગ) અલ્લાહે અવતરિત કરેલા ગ્રંથોમાં વિશ્વાસ :**

તમામ મુસલમાનો એ વાત પર આસ્થા રાખે છે કે અલ્લાહે માનવજાતના માર્ગદર્શન માટે પોતાના સંદેશાવાહકો પર ગ્રંથો અવતરિત કર્યા જેમાં એક કુરઆન પણ છે જે અંતિમ ગ્રંથ છે. જેને અલ્લાહે સંદેશવાહક મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) પર અવતરિત કર્યું. કુરઆનની રક્ષા માટેની જવાબદારી અલ્લાહે પોતે પોતાના ઉપર લીધી છે. અલ્લાહે કહ્યું,

**"નિઃશંક, અમે જ કુરઆન અવતરિત કર્યું અને અમે જ તેની રક્ષા કરનાર છીએ." (કુરઆન, ૧૫:૯)**

**(ઘ) અલ્લાહના સંદેશવાહકો પર વિશ્વાસ :**

મુસલમાનો માને છે કે અલ્લાહે તેના કેટલાક બંદાઓને સંદેશવાહક બનાવ્યા છે. કેટલાક સંદેશવાહકોના નામ આ પ્રમાણે છે. આદમ, નુહ, ઈબ્રાહીમ, ઈસ્માઈલ, ઈસ્હાક, યાકુબ, મૂસા અને ઈસા (આ તમામ પર અલ્લાહની શાંતિ અને દયા રહે) પરંતુ માનવજાત માટે અલ્લાહનો અંતિમ સંદેશ મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) દ્વારા લાવવામાં આવ્યો, જે સનાતન સંદેશની પુષ્ટિ પણ છે. તમામ મુસલમાનોની આસ્થા છે કે મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) અંતિમ સંદેશવાહક છે. અલ્લાહે કહ્યું,

**"(લોકો), મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) તમારામાંથી કોઈના પિતા નથી, પરંતુ આપ અલ્લાહના સંદેશવાહક તથા સમસ્ત સંદેશવાહકોમાં અંતિમ છો." (કુરઆન, ૩૩:૪૦)**

મુસલમાનોનો વિશ્વાસ છે કે તમામ સંદેશવાહકો મનુષ્યમાંથી જ હતા અને તેમનામાંથી કોઈનામાં પણ ઈશ્વરીય ગુણો ન હતા.

**(ચ) ન્યાયના દિવસ પર વિશ્વાસ :**

મુસલમાનોની આસ્થા છે કે એક દિવસે ફરીથી જીવિત કરવામાં આવશે અને અલ્લાહ દરેક વ્યક્તિને તેની આસ્થા અને કર્મોના આધારે ઈનામ આપશે અથવા સજા કરશે.

**(છ) ભાગ્ય પર વિશ્વાસ :**

મુસલમાનો ભાગ્ય પર પણ વિશ્વાસ રાખે છે પરંતુ આનો અર્થ એ નથી કે મનુષ્યને ઈચ્છા અને કાર્ય કરવાની સ્વતંત્રતા નથી. મુસલમાનોનો વિશ્વાસ છે કે મનુષ્યને ઈચ્છા તથા પસંદગીનું સામર્થ્ય પ્રાપ્ત છે, તથા તે સાચા કે ખોટામાંથી કોઈ એકની પસંદગી કરી શકે છે. આ વાતનો જવાબદાર પણ તે પોતે જ હશે.

ભાગ્ય પર આસ્થાનો અર્થ ચાર વાતો પર વિશ્વાસ રાખવો.

(૧) અલ્લાહ બધું જ જાણે છે. તે જાણે છે કે શું થઈ ચૂક્યું છે અને ભવિષ્યમાં શું થશે ?

(૨) અલ્લાહે જે કંઈ થઈ ચૂક્યું છે અને જે થવાનું છે તે બધું જ લખી રાખ્યું છે.

(૩) અલ્લાહ જે ઈચ્છે છે તે થાય છે અને જે નથી ઈચ્છતો તે કદી પણ થતું નથી.

(૪) અલ્લાહ દરેક વસ્તુનો સર્જનહાર છે.

ઈસ્લામની આસ્થાઓ વિશે વધારે જાણકારી મેળવવા માટે કૃપા કરી નીચેની વેબસાઈટ પર મુલાકાત લો.

www.islam-guide.com/beliefs

## (૩) શું કુરઆન સિવાય ઈસ્લામ ધર્મનો અન્ય કોઈ કાનૂની સ્ત્રોત છે ?

હા, ઈસ્લામનો બીજો સ્ત્રોત સુન્નત છે (એટલે કે તે વાતો છે જે સંદેશવાહક મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) એ કહી અથવા તે કાર્યો છે જેને આપે કર્યા અથવા જે કાર્યોને કરવાની પરવાનગી આપી) સુન્નતમાં હદીષોનો સમાવેશ થાય છે, જે ઈસ્લામનો બીજો સ્ત્રોત છે. સુન્નતમાં સંદેશવાહક મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) ના તે કામો, કથનો અથવા સહમતિઓનો સમાવેશ થાય છે જેને તેમના સાથીઓએ અત્યંત વિશ્વસનીય રીતે આપણા સુધી પહોંચાડેલ છે. સુન્નતમાં વિશ્વાસ એ ઈસ્લામની મુખ્ય આસ્થાઓમાંથી એક છે.

## (૪) સંદેશવાહક મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) ના કેટલાક કથનો

- "અલ્લાહમાં વિશ્વાસ રાખનારાઓ એકબીજા પ્રત્યે પ્રેમ, દયા અને સહાનુભૂતિની દૃષ્ટિએ એક માનવ શરીર જેવા છે. જો તેનો કોઈ ભાગ બિમાર હોય તો આખુ શરીર પીડા અને તાવ અનુભવે છે."[૧]
- "તમારામાં શ્રેષ્ઠ તે છે જેનું ચારિત્ર્ય શ્રેષ્ઠ છે, અને સૌથી શ્રેષ્ઠ તે છે જેનો વ્યવહાર તેની પત્ની સાથે સૌથી સારો હોય."[૨]
- "તમે લોકો ત્યાં સુધી સંપૂર્ણ આસ્તિક (ઈમાનવાળા) નથી બની શકતા જ્યાં સુધી તમે તમારા માટે જે પસંદ કરો છો તે તમારા ભાઈઓ માટે પણ પસંદ ન કરો."[૩]
- "અલ્લાહ દયાળુઓ પર દયા કરે છે, તમે જમીન પરના લોકો પર દયા કરો, અલ્લાહ તમારા પર દયા કરશે."[૪]

---

(૧) સહીહ અલ-બુખારી, હદીષ નં. - ૬૦૧૧, સહીહ મુસ્લિમ, હદીષ નં. - ૨૫૮૬
(૨) મુસ્નદ અહમદ, હદીષ નં. - ૭૩૫૪, તિર્મિઝી, હદીષ નં. - ૧૧૬૨
(૩) સહીહ અલ-બુખારી, હદીષ નં. - ૧૩, સહીહ મુસ્લિમ, હદીષ નં. ૪૫
(૪) સુનન તિર્મિઝી, હદીષ નં. - ૧૯૨૪, સુનન અબુદાઊદ, હદીષ નં. - ૪૯૪૧

- "પોતાના ભાઈ તરફ હસતા ચેહરે જોવું એ દાન છે."[૧]
- "મીઠો બોલ બોલવો એ દાન છે."[૨]
- "જે કોઈ અલ્લાહ અને ન્યાયના દિવસ પર વિશ્વાસ રાખતો હોય, તેણે જોઈએ કે તે પોતાના પાડોશી સાથે સારો વ્યવહાર કરે."[૩]
- "અલ્લાહ તમારા બાહ્ય દેખાવ અને તમારી સંપત્તિના આધારે ન્યાય કરતો નથી, પરંતુ તે તમારા દિલોને જૂએ છે અને તમારા કાર્યોને જૂએ છે."[૪]
- "મજદુરને તેનો પરસેવો સુકાય તે પહેલાં તેની મજદુરી આપી દો."[૫]
- "એક મુસાફરને તરસ લાગી. તેને એક કુવો દેખાયો. તેણે તેમાં ઉતરીને પેટ ભરીને પાણી પીધું. તે કુવામાંથી બહાર નીકળ્યો તો ત્યાં એક કૂતરાને જોયો, જે તરસના કારણે માટી ચાટીને તરસ મીટાવવાનો પ્રયાસ કરી રહ્યો હતો, તેણે વિચાર્યું કે કૂતરાને પણ મારા જેવી જ તરસ લાગી છે તે ફરીથી કુવામાં ઉતર્યો અને પોતાના જૂતામાં પાણી ભરીને લાવ્યો અને તે કૂતરાને પીવડાવી દીધું. આના કારણે અલ્લાહે તેનાથી રાજી થયો અને તેના પાપો માફ કરી દીધા. સંદેશવાહક મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ને પૂછવામાં આવ્યું કે, "હે અલ્લાહના રસૂલ ! શું પ્રાણીઓ પર દયા કરવાથી પણ પુણ્ય મળે છે?" તો આપે કહ્યું, "પ્રત્યેક સજીવ, મનુષ્ય હોય કે પ્રાણી, દરેક પર દયા કરવાથી પુણ્ય મળશે."[૬]

## (૫) ન્યાયના દિવસ વિશે ઈસ્લામ શું કહે છે ?

ખ્રિસ્તીઓની જેમ મુસલમાનો પણ માને છે કે વર્તમાન સંસારિક જીવન એક પરીક્ષા છે. જેમાં મનુષ્ય મૃત્યુ પછીના જીવન માટેની તૈયારી કરી રહ્યો છે. એક દિવસ આવશે જેમાં સમગ્ર બ્રહ્માંડ નાશ પામશે અને દરેક સજીવ મૃત્યુ પામશે, પછી દરેકને ન્યાય આપવા માટે ફરી જીવિત કરવામાં આવશે. આ એવા જીવનની શરૂઆત હશે જે ક્યારેય સમાપ્ત નહીં થાય. આ દિવસ ન્યાયનો દિવસ છે. તમામ મનુષ્યને ન્યાય માટે અલ્લાહ સામે હાજર કરવામાં આવશે. તે દિવસે પ્રત્યેક મનુષ્યને તેની માન્યતાઓ અને કાર્યો મુજબ પુરસ્કાર અથવા દંડ આપવામાં આવશે. જે લોકો એ વાત પર આસ્થા રાખે છે કે અલ્લાહ સિવાય કોઈ પૂજાને લાયક નથી અને મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) તેના સંદેશવાહક છે અને મૃત્યુ પછી ફરીથી જીવિત કરવામાં આવશે અને તેઓ અલ્લાહ માટે આત્મસમર્પિત થયેલ હશે તો આવા લોકોને સ્વર્ગમાં પ્રવેશ કરાવવામાં આવશે. અલ્લાહ કહે છે,

**"અને જે લોકો વિશ્વાસ કરે છે અને સારા કાર્યો કરે છે તેઓ સ્વર્ગના રહેવાસીઓ છે, તેઓ તેમાં હંમેશ માટે રહેશે." (કુરઆન, ૨ : ૨૮)**

---

(૧) સુનન તિર્મિઝી, હદીષ નં. - ૧૯૫૬
(૨) સહીહ અલ-બુખારી, હદીષ નં. - ૨૯૮૯, સહીહ મુસ્લિમ, હદીષ નં. - ૪૮
(૩) સહીહ અલ-બુખારી, હદીષ નં. - ૬૦૧૯, સહીહ મુસ્લિમ, હદીષ નં. - ૪૮
(૪) સહીહ મુસ્લિમ, હદીષ નં. - ૨૫૬૪
(૫) સુનન ઈબ્નેમાઝા, હદીષ નં. - ૨૪૪૩
(૬) સહીહ અલ-બુખારી, હદીષ નં. - ૨૪૬૬, સહીહ મુસ્લિમ, હદીષ નં. - ૨૨૪૪

પરંતુ જે લોકો એવી અવસ્થામાં મૃત્યુ પામશે કે તેમનો એ વાત પર વિશ્વાસ નહીં હોય કે અલ્લાહ સિવાય કોઈ પૂજ્ય નથી અને મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) તેના સંદેશવાહક છે અને ન્યાયના દિવસ પર વિશ્વાસ નહીં હોય, તો તેમનું ઠેકાણું નર્ક હશે અને તેઓ તેમાં હંમેશા રહેશે.

અલ્લાહ કહે છે,

**"જે કોઈ ઈસ્લામ સિવાય અન્ય ધર્મ શોધશે, તે તેના પાસેથી સ્વીકારવામાં આવશે નહીં અને તે પરલોકમાં નુકસાન ઉઠાવનારાઓમાંથી હશે." (કુરઆન, ૩:૮૫)**

અને એમ પણ કહ્યું કે,

**"નિ:શંક જે લોકોએ અવિશ્વાસ કર્યો અને અવિશ્વાસમાં મૃત્યુ પામ્યા છે તેમનામાંથી કોઈના પાસેથી જમીન ભરીને સોનું આપે તો પણ કદાપિ સ્વીકારવામાં આવશે નહીં, તેમના જ માટે પીડાકારક સજા છે અને તેમનો કોઈ સહાયક નહીં હોય." (કુરઆન, ૩:૯૧)**

કોઈ પૂછી શકે છે કે, ''મને લાગે છે કે ઈસ્લામ સાચો ધર્મ છે. પરંતુ જો હું ઈસ્લામ સ્વીકારૂ તો મારા કુટુંબીજનો, મિત્રો અને અન્ય લોકો મને તકલીફ પહોંચાડશે અને મારો મજાક ઉડાવશે. આવી સ્થિતિમાં જો હું ઈસ્લામ ધર્મ ન સ્વીકારૂ તો શું હું સ્વર્ગ પ્રવેશ મેળવી શકીશ ? અને નર્કની આગથી બચી શકીશ ?'' આનો જવાબ એ છે કે, અલ્લાહે કહ્યું કે,

**"અને જે કોઈ ઈસ્લામ સિવાય અન્ય ધર્મ શોધશે, તે તેના પાસેથી સ્વીકારવામાં આવશે નહીં અને તે પરલોકમાં નુકસાન ઉઠાવનારાઓમાંથી હશે." (કુરઆન, ૩:૮૫)**

જ્યારે અલ્લાહે સંદેશવાહક મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) ને લોકોને ઈસ્લામ તરફ બોલાવવા માટે મોકલ્યા, તો આના પછી કોઈ બીજો ધર્મ સ્વીકારવામાં આવશે નહીં. અલ્લાહ જ આપણો સર્જનહાર અને પાલનહાર છે. પૃથ્વી પર જે કંઈ છે તેનું સર્જન તેણે જ કર્યું છે. આપણા પાસે જે કંઈ સારી વસ્તુઓ છે તે તેના તરફથી જ છે. આ તમામ વાતો પછી પણ જો કોઈ વ્યક્તિ અલ્લાહ અને તેના સંદેશવાહક મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) અને તેના ધર્મ ઈસ્લામમાં વિશ્વાસને નકારે છે, તો ન્યાય એ છે કે તેને પરલોકમાં સજા મળે. કેમકે આપણા સર્જનનો મુખ્ય હેતુ માત્ર એક અલ્લાહની ઉપાસના કરવાનો અને તેના આદેશોનું પાલન કરવાનો છે. જેમકે અલ્લાહે પવિત્ર કુરઆનમાં કહ્યું છે કે,

**"મેં જિન્નાતો અને મનુષ્યોનું માત્ર મારી ઉપાસના માટે જ સર્જન કર્યું છે." (કુરઆન, ૫૧:૫૬)**

આ જીવન ઘણું જ ટૂંકુ છે અને અવિશ્વાસી લોકો ન્યાયના દિવસે વિચારશે કે તેઓ પૃથ્વી પર જે જીવન વિતાવીને આવ્યા છે તે તો માત્ર એક દિવસ અથવા દિવસનો થોડોક ભાગ હતો.

જેમકે અલ્લાહે કહ્યું કે,

**"જયારે અલ્લાહ તેમને પૂછશે કે 'તમે જમીન પર કેટલા વર્ષ રહ્યા ?' તો તેઓ કહેશે, 'એક દિવસ અથવા દિવસનો કેટલોક ભાગ." (કુરઆન, ૨૩:૧૧૨-૧૧૩)**

આગળ કહ્યું કે,

**"શું તમે એમ સમજી બેઠા કે અમે તમને આમ જ બનાવી દીધા અને તમે અમારા તરફ પાછા ફેરવવામાં નહીં આવો? અલ્લાહ સર્વોચ્ચ છે, દરેક વસ્તુનો માલિક અને સત્ય છે, તે જ પૂજનીય છે, અને પવિત્ર અર્શનો રબ છે." (કુરઆન, ૨૩:૧૧૫-૧૧૬)**

પરલોકનું જીવન જ વાસ્તવિક જીવન છે. તે માત્ર આધ્યાત્મિક જ નહી પરંતુ ભૌતિક પણ છે. આપણે સૌ ત્યાં આપણી આત્મા અને શરીર સાથે જીવીશું. આ દુનિયાને પરલોક સાથે સરખાવતાં સંદેશવાહક મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) એ કહ્યું, "પરલોકની સરખામણીમાં આ દુનિયા એવી છે કે જેવી રીતે એક આંગળી દરિયામાં નાખ્યા પછી બહાર કાઢો તો જેટલુ પાણી આંગળી પર આવે."(૧) આ જ હકીકત છે દુનિયાના જીવનની. માત્ર સમુદ્રની તુલનામાં પાણીના થોડાક ટીપાં.


## (૬) કોઈ વ્યક્તિ મુસલમાન કેવી રીતે બની શકે છે ?

સંપૂર્ણ વિશ્વાસ સાથે "લા ઈલાહા ઈલ્લલ્લાહ મુહમ્મદુર-રસુલુલ્લાહ" નો અર્થ સમજીને કહેતાની સાથે વ્યક્તિ મુસલમાન બને છે અને ઈસ્લામ ધર્મમાં દાખલ થઈ જાય છે. આનો અર્થ છે, "અલ્લાહ સિવાય કોઈ પૂજ્ય નથી અને મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) અલ્લાહના સંદેશવાહક છે." આ વાક્યનો પ્રથમ ભાગ "અલ્લાહ સિવાય કોઈ પૂજાને લાયક નથી" એટલે કે અલ્લાહ સિવાય બીજા કોઈની પૂજા કરવાનો અધિકાર નથી, અલ્લાહનો કોઈ ભાગીદાર નથી કે તેની કોઈ સંતાન નથી. અલ્લાહની શક્તિ અને અધિકારમાં બીજા કોઈને પણ ભાગીદાર અથવા સમકક્ષ ન માનવું જોઈએ. મુસલમાન બનવા માટે કેટલીક વાતો પણ જરૂરી છે જેમકે,

- એ વાત પર વિશ્વાસ રાખવો કે કુરઆન અલ્લાહ દ્વારા અવતરિત અને તેની જ વાણીનો સંગ્રહ છે.

(૧) સહીહ મુસ્લિમ હદીષ નં. - ૨૮૫૮ અને મુસ્નદ અહમદ, હદીષ નં. - ૧૭૫૬૦

- એ વાત પર વિશ્વાસ રાખવો કે અલ્લાહે કુરઆનમાં જે કંઈ પણ જણાવેલ છે તે મુજબ ન્યાયનો દિવસ, હિસાબ-કિતાબ, પ્રલય વગેરે જરૂર સ્થાપિત થશે.
- ઈસ્લામને પોતાના ધર્મ તરીકે સ્વીકાર કરવો.
- અલ્લાહ સિવાય બીજા કોઈની પણ ઉપાસના ન કરવી.
- સંદેશવાહક મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) એ કહ્યું, ક્ષમાયાચના અને પ્રાયશ્ચિત કરીને અલ્લાહના શરણમાં આવનારને અલ્લાહ સૌથી વધારે પસંદ કરે છે. તમારામાંથી જો કોઈ રણપ્રદેશમાં મુસાફરી કરી રહ્યો હોય, તેના પાસે સવારી તરીકે એક જ ઊંટ હોય જેના ઉપર ખાવા-પીવાનો સામાન લાદેલો હોય અને પછી અચાનક તે ઊંટ તેના પાસેથી અચાનક ગુમ થઈ જાય, ઘણીબધી તપાસ કરવા છતાં પણ તેની ખબર ન મળે, અહીં સુધી કે તે મૃત્યુની પ્રતિક્ષામાં કોઈ ઝાડ નીચે આવીને સૂઈ જાય, એટલામાં અચાનક તેનું ઊંટ તેના સામે આવીને ઉભુ થઈ જાય તો તે પ્રસન્ન થઈને અલ્લાહનો આભાર વ્યક્ત કરતાં ખુશીથી ભૂલમાં એમ કહી દે કે, “હું તારો રબ છું અને તું મારો બંદો” અલ્લાહ પોતાના ભક્તોની ક્ષમા યાચના અને પ્રાયશ્ચિતથી આના કરતા પણ વધારે પ્રસન્ન થાય છે.[1]



એક દિવાલ પર લખેલ છે, અલ્લાહ જ પૂજાને લાયક છે અને મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) તેના સંદેશવાહક છે.

(૧) સહીહ અલ-બુખારી, હદીષ નં. - ૬૩૦૯ અને સહીહ મુસ્લિમ, હદીષ નં. - ૨૭૪૭

### (૭) કુરઆન શાના વિશે છે ?



કુરઆન અલ્લાહનો અંતિમ ગ્રંથ છે. મુસલમાનોની આસ્થાઓનો સંગ્રહ છે. આમાં માનવજીવન સંબંધિત તમામ બાબતો જેમકે લેવડ-દેવડ, પરસ્પરનો વ્યવહાર, જ્ઞાન, સિધ્ધાંત, ઉપાસના, આચરણ, કાયદો વગેરે પર ચર્ચા કરવામાં આવી છે. પરંતુ તેનો મૂળભૂત વિષય અલ્લાહ અને તેની સૃષ્ટિ વચ્ચેનો સંબંધ છે, સાથે સાથે એક સુનિયોજિત સમાજ, ઉચિત માનવ આચરણ, સમાન આર્થિક વ્યવસ્થાની સ્થાપનાનું માર્ગદર્શન અને વિગતવાર ઉપદેશો પ્રદાન કરે છે.

યાદ રહે કે કુરઆનને અલ્લાહ તરફથી અરબી ભાષામાં સંદેશવાહક મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) પર અવતરિત કરવામાં આવ્યું છે. એટલા માટે કુરઆનનો અનુવાદ જે ભાષામાં કરવામાં આવે છે તે વાસ્તિવક કુરઆન નથી. પરંતુ તે માત્ર તેના અર્થનો અનુવાદ જ છે.

### (૮) સંદેશવાહક મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) કોણ છે ?

મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)નો જન્મ સન ૫૭૦માં સઉદી અરબના મક્કા શહેરમાં થયો હતો. તેમના જન્મ પહેલા તેમના પિતાનું અવસાન થયુ હતું અને જ્યારે તેઓ ૬ વર્ષના થયા ત્યારે તેમની માતાનું પણ અવસાન થયુ હતું. તેથી તેમની પરવરિશ તેમના કાકા દ્વારા થઈ હતી, જેઓ કુરૈશના આદરણીય કબીલામાંથી હતા. મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ને વાંચતા લખતા આવડતુ ન હતું અને જીવનના અંતિમ સમય સુધી આવી જ સ્થિતિમાં રહ્યા હતા. જેમ જેમ મોટા થતા ગયા તેમ તેમ સત્યવાદી, પ્રમાણિક, વિશ્વાસપાત્ર, ઉદાર અને નિષ્ઠાવાન તરીકે જાણીતા થયા.[૧] તેઓ નાનપણથી જ ખૂબ ધાર્મિક હતા અને સમાજમાં પ્રચલિત મૂર્તિપૂજાને ધિક્કારતા હતા.

૪૦ વર્ષની આયુમાં મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ને જીબ્રિલ દ્વારા અલ્લાહનો પ્રથમ સંદેશ મળ્યો. ત્યારબાદ ૨૩ વર્ષ સુધી સંદેશા આવવાનો ઘટનાક્રમ ચાલુ રહ્યો. આ સંદેશાઓનો સંગ્રહ એટલે કુરઆન.

જ્યારે તેમણે કુરઆનનું પઠન કરવાનું, સત્યનો ઉપદેશ આપવાનું અને લોકોને એકેશ્વરવાદ તરફ બોલાવાની શરૂઆત કરી તો તેમને અને તેમના અનુયાયીઓના નાના જૂથને બહુદેવવાદીઓ તરફથી સતામણી થવા લાગી.

(૧) મુસ્નદ અહમદ, હદીષ નં. - ૧૫૦૭૮)



સંદેશવાહક મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ની મસ્જીદ

અત્યાચાર દિન પ્રતિદિન વધતો ગયો અને જ્યારે અત્યાચાર ખૂબ જ વધી ગયો તો સન ૬૨૨માં અલ્લાહે તેમને હિજરત કરવાનો આદેશ આપ્યો. આ હિજરત મક્કાથી ૨૮૦ માઈલ દૂર ઉત્તરમાં સ્થિત મદીના શહેર તરફ કરી. આ ઐતિહાસિક ઘટનાથી ઈસ્લામિક કેલેન્ડરની શરૂઆત થઈ.

કેટલાક વર્ષો પછી મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) અને તેમના અનુયાયીઓએ મક્કા પર વિજય પ્રાપ્ત કરી લીધો અને પોતાના શત્રુઓને માફ કરી દીધા.

૬૩ વર્ષની આયુમાં તેમનું અવસાન થયું. તે સમયે આરબ ઉપખંડનો મોટો ભાગ મુસલમાન બની ગયો હતો. તેમના મૃત્યુ પછી એક વર્ષની અંદર ઈસ્લામ ધર્મ પશ્ચિમમાં સ્પેન અને પૂર્વમાં ચીન સુધી ફેલાઈ ગયો હતો. ઈસ્લામના ઝડપી અને શાંતિપૂર્ણ ફેલાવવાના કારણોમાં ઈસ્લામની સત્યતા અને તેના ઉપદેશોની સ્પષ્ટતા છે. ઈસ્લામ ધર્મ ફક્ત એક જ અલ્લાહમાં વિશ્વાસ રાખવાનું કહે છે.


સંદેશવાહક મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) માનવતા માટે એક આદર્શ અને ઉદાહરણ હતા. તેઓ પ્રમાણિક, ન્યાયી, દયાળુ, સત્યવાદી અને બહાદુર હતા. સામાજિક દૂષણો, ભ્રષ્ટાચાર, લોભ અને દુષ્ટતા જેવી બાબતો તેમના અંદર રજ બરાબર પણ ન હતી. તેમનો એક જ પ્રયાસ હતો કે અલ્લાહનું આજ્ઞાપાલન કરતાં કરતાં મૃત્યુ પછીના જીવનમાં અલ્લાહ તરફથી પુરસ્કાર મેળવવાનો, જો કે માનવજીવનનો મૂળ હેતુ પણ આ જ છે. તેઓ પોતાના દરેક કાર્યો અને વ્યવહારમાં હંમેશા અલ્લાહને યાદ કરતા હતા.

સંદેશવાહક મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ના સંબંધમાં વધારે જાણકારી મેળવવા માટે આ લિંક પર ક્લિક કરો. www.islam-guide.com/muhammad

---

(૧) મુસ્નદ અહમદ, હદીષ નં. - ૧૫૦૭૮)


## (૯) ઈસ્લામના પ્રસારથી વિજ્ઞાનના વિકાસ પર કેવી અસર પડી ?



ઈસ્લામ માણસને તેની બુદ્ધિ અને અવલોકન શક્તિનો ઉપયોગ કરવા કહે છે. ઈસ્લામના પ્રસારના થોડા વર્ષોમાં મહાન સંસ્કૃતિઓ અને વિશ્વ વિદ્યાલયોનો વિકાસ થવા લાગ્યો. પૂર્વીય અને પશ્ચિમી તથા જુના અને નવા વિચારો અને જ્ઞાનના સંગમને પરિણામે ચિકિત્સા, ગણિત, ભૌતિકશાસ્ત્ર, ખગોળશાસ્ત્ર, ભૂગોળ, વસ્તુકલા, સાહિત્ય અને ઈતિહાસ જેવા ક્ષેત્રોમાં ખૂબજ પ્રગતિ થઈ. મધ્યકાળમાં મુસ્લિમ વિશ્વમાંથી ઘણીબધી મૂળભૂત પ્રણાલીઓ જેમાં બીજ ગણિત, અરબી અંગે અને શૂન્યની ધારણા (જે ગણિતના વિષયમાં ખૂબ જ ઉપયોગી હતી) વગેરે યુરોપમાં પહોંચી. મુસલમાનોએ એસ્ટ્રોલેબ અને નેવિગેશનલ નકશાઓ જેવા ઘણા આધુનિક ઉપકરણો વિકસીત કર્યા જેણે યુરોપને સંશોધન આધારિત દરિયાઈ મુસાફરી કરવા સક્ષમ બનાવ્યું.

**Astrolabe**
**મુસલમાનો દ્વારા વિકસીત મહત્વપૂર્ણ વૈજ્ઞાનિક યંત્ર છે. જેનો આધુનિક યુગ સુધી વ્યાપક રૂપે પશ્ચિમી દેશો ઉપયોગ કરી રહ્યા છે.**





મુસ્લિમ ચિકિત્સકોએ સર્જરી ઉપર પણ ધ્યાન આપ્યું અને તેના માટે કેટલાક મહત્વપૂર્ણ સાધનો વિકસીત કરવામાં આવ્યા. ઉપરના ચિત્રમાં પ્રાચિન પાંડુલિપિમાં સાધનોની આકૃતિ જોઈ શકાય છે.

## (૧૦) ઈસા (અલૈહિસ્સલામ) વિશે મુસલમાનોની આસ્થા

મુસલમાનો નજીક ઈસા (અલૈહીસ્સલામ)નું સ્થાન ખૂબ મહત્વનું અને આદરણીય છે. મુસલમાનો તેમને પ્રેમ કરે છે અને તેમને અલ્લાહ દ્વારા માનવજાત માટે મોકલવામાં આવેલ મહાન સંદેશવાહકોમાંના એક માને છે. તેમનો જન્મ પિતા વિના થયો હતો. કુરઆન આની પુષ્ટિ કરે છે. તેમની માતા મરિયમના નામે કુરઆનમાં એક અધ્યાય છે. કુરઆનમાં ઈસાના જન્મનું આ રીતે વર્ણન કરવામાં આવ્યું છે.

**“જ્યારે ફરિશ્તાઓએ કહ્યું, “હે મરિયમ ! અલ્લાહ તમને તેના એક શબ્દ (ઈસા)ની શુભ સૂચના આપે છે કે જેનું નામ મસીહ પુત્ર મરિયમ છે, જે લોક તથા પરલોકમાં સમ્માનિત છે. તે મારા નિકટવર્તીઓમાંથી છે. તે લોકો સાથે ખોળામાં અને આધેડ વયમાં વાતો કરશે, અને તે સદાચારીઓમાંથી હશે. કહેવા લાગી, ‘અલ્લાહ ! મને પુત્ર કેવી રીતે થશે ? જ્યારે કે મને કોઈ પુરૂષે સ્પર્શ પણ નથી કર્યો ?’ ફરિશ્તાએ કહ્યું, “તે જ રીતે, અલ્લાહ જે ચાહે તે કરે છે જ્યારે તે કંઈપણ કરવાનું નક્કી કરે છે ત્યારે તે માત્ર કહે છે કે “થઈ જા” અને તે થઈ જાય છે.” (કુરઆન, ૩:૪૫-૪૭)**

ઈસા (અલૈહીસ્સલામ)નો અલ્લાહ દ્વારા ચમત્કારિક રૂપે આદમ (અલૈહીસ્સલામ)ની જેમ જ પિતા વિના જન્મ થયો હતો. અલ્લાહ કહે છે,

**“અલ્લાહની નજીક ઈસાની સ્થિતિ આદમ જેવી જ છે જેને માટીમાંથી બનાવીને કહ્યું કે “થઈ જા” અને તે થઈ ગયો.” (કુરઆન, ૩:૫૯)**

ઈસા (અલૈહીસ્સલામ)એ ઘણાબધા ચમત્કાર જાહેર કર્યા, જેમકે અલ્લાહનું ફરમાન છે કે, ઈસા (અલૈહીસ્સલામ) એ કહ્યું કે,

**“હું તમારા પાસે અલ્લાહની નિશાનીઓ લાવ્યો છું, હું તમારા માટે માટીમાંથી પક્ષીના રૂપનો આકાર બનાવીશ, પછી તેમાં ફૂંક મારૂ છું તો તે અલ્લાહના હુકમથી પક્ષી બની જાય છે અને હું અલ્લાહના હુકમથી જન્મજાત આંધળા અને રક્તપિત્તોને સ્વસ્થ કરી દઉ છું અને મૃતકને જીવિત કરી દઉ છું, અને જે કંઈ તમે ખાઓ છો અને જે કંઈ તમારા ઘરોમાં જમા કરો છો, હું તમને બતાવી દઉં છું, આમાં તમારા માટે મોટી નિશાનીઓ છે, જો તમે આસ્તિક હોવ.” (કુરઆન, ૩:૪૯)**

મુસલમાનો માને છે કે ઈસા (અલૈહીસ્સલામ) ને વધસ્તંભ પર જડવામાં આવ્યા ન હતા, તેમના દુશ્મનોની યોજના તેમને વધસ્તંમ પર લટકાવીને મારી નાખવાની હતી, પરંતુ અલ્લાહે તેમની રક્ષા કરી અને તેમના દુશ્મનોની યોજના નિષ્ફળ બનાવી દીધી. અલ્લાહે તેમને જીવિત અવસ્થામાં આકાશ પર ઉઠાવી લીધા અને દુશ્મનોને આજ સુધી તેમના દુષ્કર્મોના વમળમાં છોડી દીધા.

મહાન અલ્લાહ કહે છે,

**"અને તે લોકોનું કહેવું છે કે અમે અલ્લાહના સંદેશવાહક મસીહ મરિયમ પુત્ર ઈસાની હત્યા કરી દીધી, જ્યારે કે ન તો તેમનો વધ કર્યો, ન તેમને ફાંસી આપી, પરંતુ તેમના માટે સમરૂપ બનાવી દીધા. વિશ્વાસ કરો કે ઈસા વિશે મતભેદ કરનારા લોકો શંકામાં છે, તેમને આની કોઈ જાણકારી નથી, સિવાય વહેમ અને શંકાના, એટલું નિશ્ચિત છે કે તેઓએ તેમની હત્યા કરી નથી." (કુરઆન, ૪:૧૫૭)**

તમામ સંદેશવાહકોનો મૂળભૂત સિધ્ધાંત અને શિક્ષા એક જ હતી. તમામની શિક્ષાનો સાર એ છે કે માત્ર એક અલ્લાહને પોતાનો પૂજ્ય સ્વીકારીને તેની આજ્ઞાનું પાલન કરવું. ઈસા (અલૈહીસ્સલામ) અથવા મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) આમાં કોઈ પ્રકારનું પરિવર્તન લઈને આવ્યા ન હતા. પરંતુ અગાઉના ઉપદેશોના નવીનીકરણ અને પુષ્ટિ કરવા માટે આવ્યા હતા.[૧]

---

(૧) મુસલમાનો માને છે કે અલ્લાહે ઈસુ પર ગ્રંથ બાઈબલ (ઈંજીલ) પ્રગટ કર્યો છે. જેનો કેટલોક ભાગ આજે પણ ન્યુ ટેસ્ટમેન્ટમાં ઉપલબ્ધ છે. પરંતુ આનો અર્થ એ નથી કે મુસલમાનો હાલની બાઈબલ પર વિશ્વાસ રાખે છે. કેમકે તે તેની અસલ સ્થિતિમાં નથી. જે સ્થિતિમાં તે ઈસા (અલૈહીસ્સલામ) પર અવતરિત થઈ હતી. પરંતુ તેમાં ઘણા ફેરફારો અને વધારો-ઘટાડો કરવામાં આવ્યો. આ જ વાત બાઈબલ (The Holy Bible - revised Standard Version) ના સંશોધન માટે રચાયેલી એસેમ્બલી દ્વારા પણ કહેવામાં આવી છે જેમાં ૩૨ વિદ્વાન અને વિવિધ ધાર્મિક સંગઠનોના ૫૦ પ્રતિનિધિઓ સામેલ હતા. એસેમ્બલીએ પુસ્તકની પ્રસ્તાવનામાં નોંધ્યું હતું કે બાઈબલમાં ઘણા બધા ફેરફારો થઈ ચૂક્યા છે અને તેની કોઈપણ આવૃત્તિ સંતોષજનક મૂળભૂત સ્વરૂપ જાળવી શકી નથી. તે લોકોએ તમામ નકલોની તુલના કરીને વધારે સારો નિર્ણય લેવાનો પ્રયાસ કર્યો છે. એસેમ્બલીએ વધુમાં કહ્યું કે જે મોટા ફેરફારો, વિભિન્નતા, વધારો કે ઘટાડો થયો છે તેના તરફ હાંશિયામાં ઈશારો કરી દેવામાં આવ્યો છે. બાઈબલમાં ફેરબદલ વિશે વધારે માહિતિ મેળવવા માટે ક્લિક કરો.

www.islam-guide.com/bible



(યરુશલમમાં સ્થિતિ મસ્જિદે અક્સા)

ઈસા (અલૈહીસ્સલામ) વિશે વધારે માહિતી મેળવવા માટે જુઓ
www.islam-guide.com/jesus

## (૧૧) ઈસ્લામ આતંકવાદ વિશે શું કહે છે ?

ઈસ્લામ એ દયા અને કરૂણાનો ધર્મ છે. જેમાં આતંકવાદને કોઈ અવકાશ નથી. મહાન અલ્લાહે કહ્યું,

**"જે લોકોએ તમારા સાથે ધર્મના વિષયમાં યુધ્ધ નથી કર્યું તથા તમને દેશમાંથી બહાર કાઢ્યા નથી તેમના સાથે ઉત્તમ વ્યવહાર અને ઉપકાર કરવા તથા ન્યાયપૂર્વક વ્યવહાર કરવાથી અલ્લાહ તમને રોકતો નથી, નિઃશંક અલ્લાહ ન્યાય કરનારાઓને પસંદ કરે છે." (કુરઆન, ૬૦:૮)**

મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) તેમના સૈનિકોને સ્ત્રીઓ તથા બાળકોની હત્યા કરવાથી રોકતા હતા.[૧] અને સલાહ આપતા હતા કે તેઓ વિશ્વાસઘાત ન કરે, અત્યાચાર ન કરે, નવજાત શિશુની હત્યા ન કરે.[૨] તેમણે કહ્યું, "તે વ્યક્તિ સ્વર્ગની સુગંધ પણ પામી શકતો નથી જ્યારે કે સ્વર્ગની સુગંધ ૪૦ વર્ષના અંતરથી પામી શકાય છે, જેણે કોઈ એવા વ્યક્તિની હત્યા કરી કે જેણે મુસલમાનો સાથે સંધિ કરી હતી.[૩]

---

(૧) સહીહ અલ-બુખારી, હદીષ નં. - ૩૦૧૫, સહીહ મુસ્લિમ, હદીષ નં. - ૧૭૪૪
(૨) સહીહ મુસ્લિમ, હદીષ નં. - ૧૭૩૧, સુનન તિર્મિઝી, હદીષ નં. - ૧૪૦૮
(૩) સહીહ અલ-બુખારી, હદીષ નં. - ૩૧૬૬, સુનન ઈબ્નેમાઝા, હદીષ નં. - ૨૬૮૬

આ ઉપરાંત મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) આગમાં સળગાવીને સજા આપવાની મનાઈ કરે છે.[1]

મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) એ હત્યાને મહાપાપોમાં બીજા નંબરના મહાપાપ તરીકે ઓળખાવી છે.[2] તેમણે ચેતવણી આપી છે કે ન્યાયના દિવસે સૌથી પહેલા હત્યાનો હિસાબ થશે.[3]

મુસલમાનોને પ્રાણીઓ સાથે સારી રીતે વર્તવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા છે. મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) એ કહ્યું, "એક સ્ત્રીને માત્ર એટલા માટે સજા કરવામાં આવી હતી કે તેણીએ બિલાડીને મૃત્યુ પામે ત્યાં સુધી બાંધી રાખી હતી. આ અપરાધે તે સ્ત્રીને નર્કમાં પહોંચાડી દીધી. બાંધેલી અવસ્થામાં ન તો બિલાડીને ખાવા પીવાનું કંઈક આપ્યુ અને ન તો છોડી દીધી કે તે શિકાર કરીને ખાઈ શકે.[4] તેમણે એમ પણ કહ્યું, "એક માણસ માત્ર તરસ્યા કૂતરાને પાણી પીવડાવાના કારણે સ્વર્ગમાં પ્રવેશ પામ્યો. એક કૂતરો ખૂબજ તરસ્યો હતો. તેણે તેને પાણી પીવડાવ્યું તો અલ્લાહ તેના કાર્યથી ખુબ ખુશ થયો અને તેને સ્વર્ગમાં દાખલ કર્યો. મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) ના સાથીઓએ પૂછ્યું કે, "શું અમને પ્રાણીઓ સાથે ઉપકાર કરવાના કારણે પણ પુણ્ય મળશે.?" આપે કહ્યું, "દરેક સજીવ પછી તે પ્રાણી હોય કે માનવ, તેમના સાથે ઉપકાર કરવા પર પુણ્ય મળશે."[5] આ સિવાય ખાવા માટે જ્યારે તમે કોઈ પ્રાણીનો વધ કરો તો તેના સાથે પણ નરમી કરવાનો આદેશ આપ્યો છે. જેથી તેને ઓછી તકલીફ પહોંચે. તેના માટે છરી તેજ અને ધારદાર બનાવવી જોઈએ. આપે કહ્યું, "જ્યારે તમે કોઈ પ્રાણીનો વધ કરો તો શ્રેષ્ઠ પધ્ધતિ અપનાવો, જેથી તેને ઓછામાં ઓછી પીડા થાય, છરીને ધારદાર કરો."[6] આ સિવાય અન્ય ઈસ્લામી શિક્ષાઓ અને નિર્દેશથી સ્પષ્ટ થાય છે કે નિર્દોષ મનુષ્યને ભયભીત કરવો, આતંકિત કરવો, મકાનો અને સંપત્તિઓને નુકસાન પહોંચાડવું વગેરે ઈસ્લામ અને મુસલમાનોની દૃષ્ટિએ હરામ અને ધૃણાસ્પદ કાર્ય છે. ઈસ્લામ શાંતિ, દયા અને ક્ષમાનો ધર્મ છે. મોટા ભાગના મુસલમાનોને આતંકવાદી પ્રવૃત્તિઓ સાથે કોઈ લેવા દેવા નથી. કેટલાક મુસલમાનો આતંકવાદમાં સામેલ હોવાનું કહેવાય છે, પરંતુ જો કોઈ મુસલમાન આતંકવાદી ગતિવિધિમાં સામેલ હોય તો પણ તે પોતે ઈસ્લામિક ઉપદેશોનું ઉલ્લંઘન કરી રહ્યો છે.

---

(૧) સુનન અબુ દાઊદ, હદીષ નં. - ૨૬૭૫

(૨) સહીહ અલ-બુખારી, હદીષ નં. - ૬૮૭૫, સહીહ મુસ્લિમ હદીષ નં. - ૮૮

(૩) આનો અર્થ નાહક કોઈને મારવું અથવા ઘાયલ કરવું.
સહીહ અલ-બુખારી, હદીષ નં. - ૬૫૩૩, સહીહ મુસ્લિમ, હદીષ નં. ૧૬૭૮

(૪) સહીહ બુખારી, હદીષ નં. - ૨૩૬૫, સહીહ મુસ્લિમ, હદીષ નં. - ૨૪૨૨

(૫) સહીહ અલ-બુખારી, હદીષ નં. - ૨૪૬૬, સહીહ મુસ્લિમ, હદીષ નં. - ૨૨૪૪

(૬) સહીહ મુસ્લિમ, હદીષ નં. - ૧૯૫૫, સુનન તિર્મિઝી, હદીષ નં. - ૧૪૦૯

## (૧૨) ઈસ્લામમાં માનવઅધિકાર અને ન્યાય

ઈસ્લામ વ્યક્તિને ઘણા માનવ અધિકારો પ્રદાન કરે છે. આમાંના કેટલાક માનવ અધિકારો જેને ઈસ્લામ રક્ષણ આપે છે તે નીચે મુજબ છે.

- ઈસ્લામિક રાજ્યમાં તમામ નાગરિકોના જીવન અને ધન સંપત્તિને સમ્માનિત અને સુરક્ષા યોગ્ય ગણવામાં આવે છે. પછી ભલે ને તે વ્યક્તિ મુસલમાન હોય કે ન હોય.
- ઈસ્લામ નાગરિકોના સન્માન અને ગૌરવની રક્ષાને વિશેષ મહત્વ આપે છે, તેથી ઈસ્લામમાં કોઈને પણ ગાળ આપવી, અપમાનિત કરવું, મજાક ઉડાવવો વગેરે પ્રતિબંધિત છે.
- ઈસ્લામમાં જાતિવાદને કોઈ સ્થાન નથી.

કુરઆન માનવતાનો પાઠ શીખવતા કહે છે,

**"હે લોકો ! અમે તમને એક પુરૂષ અને એક સ્ત્રીમાંથી જન્મ આપ્યો, અને તમને વિવિધ જાતિઓમાં વહેંચ્યા છે, જેથી તમે એકબીજાને ઓળખી શકો. અલ્લાહની નજરમાં તમારામાંથી સૌથી વધુ સન્માનિત તે છે જે સૌથી વધુ અલ્લાહથી ડરનાર છે, અલ્લાહ દરેક વસ્તુને જાણનાર અને દરેક વસ્તુની ખબર રાખનાર છે." (કુરઆન, ૪૯:૧૩)**

ઈસ્લામમાં ધન-સંપત્તિ, શક્તિ-સન્માન અને જાતિના આધાર પર વ્યક્તિ અને રાષ્ટ્ર વચ્ચે ભેદભાવ અને પક્ષપાત અસ્વીકાર્ય છે જો તેમના વચ્ચે કોઈ તફાવત હોય તો તે માત્ર વિશ્વાસ, સારા કાર્યો અને નિષ્ઠાના આધારે છે. સંદેશવાહક મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ કહ્યું, "હે લોકો ! તમારો પાલનહાર એક જ છે અને તમે બધા એક જ પિતા (આદમ)ની સંતાન છો. ન કોઈ અરબને બિન-અરબ પર, ન કોઈ બિન-અરબને અરબ પર, ન કોઈ ગોરા ને કાળા પર અને ન કાળાને ગોરા પર[૧] કોઈ શ્રેષ્ઠતા પ્રદાન છે. અલ્લાહની નજરમાં સૌથી મહાન અને શ્રેષ્ઠ તે છે જે અલ્લાહથી સૌથી વધારે ડરતો હોય."[૨]

---

(૧) અહીં રંગનો ઉલ્લેખ ઉદાહરણ સ્વરૂપે છે. ઈસ્લામમાં કોઈપણ રંગ, રૂપ, વેશ કે કબીલાને શ્રેષ્ઠતા પ્રાપ્ત નથી.

(૨) મુસનદ અહમદ, હદીષ નં. - ૨૨૯૭૮

આજે માનવજાતને જે મુખ્ય સમસ્યાઓનો સામનો કરવો પડે છે તેમાંની એક સમસ્યા છે જાતિવાદ. વિકસીત રાષ્ટ્ર અને દેશ માણસને ચંદ્ર પર લઈ જવામાં સફળ થઈ શક્યા છે, પરંતુ માનવતા વચ્ચે જાતિવાદની નફરતને રોકી શક્યા નથી. જાતિવાદની આ મુખ્ય સમસ્યાને કેવી રીતે નાબૂદ કરી શકાય તેનું ઉદાહરણ ઈસ્લામના સંદેશવાહક મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ના સમયથી રજૂ કર્યું છે. મક્કાની વાર્ષિક હજમાં તમામ જાતિઓ અને રાષ્ટ્રોના આશરે ૨૦ લાખ મુસ્લિમો હાજર હોય છે. જે જાતિવાદનો અંત લાવવા અને ઈસ્લામિક ભાઈચારો સ્થાપિત કરવાનો અદ્‌ભૂત નમૂનો રજૂ કરે છે.



ઈસ્લામ ન્યાયનો ધર્મ છે. અલ્લાહે કહ્યું છે,

**“અલ્લાહ તમને આદેશ આપે છે કે અમાનત તેમના માલિકોને પહોંચાડી દો અને જ્યારે લોકો વચ્ચે ફેંસલો કરો તો ન્યાયપૂર્વક ફેંસલો કરો.” (કુરઆન, ૪:૫૮)**

આગળ કહ્યું કે,

**“ન્યાય કરો, અલ્લાહ ન્યાય કરનારાઓને પસંદ કરે છે.” (કુરઆન, ૪૯:૯)**

અલ્લાહે આપણને આપણા દુશ્મનો સાથે પણ ન્યાય કરવાનો આદેશ આપ્યો છે,

**“અને કોઈપણ સમુદાયની દુશ્મનાવટ તમને ન્યાય ન કરવા પર તત્પર ન કરે, ન્યાય કરો, તે ઈશભય (તકવા)થી વધુ નજીક છે.” (કુરઆન, ૫:૮)**

સંદેશવાહક મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) એ કહ્યું, ‘‘લોકો ! અન્યાયથી સાવધ રહો,[1] ન્યાયના દિવસે અન્યાય અંધકાર સ્વરૂપે હશે.’’[2] જે લોકો દુનિયામાં પોતાનો હક નથી મેળવી શક્યા (જેના તેઓ હકદાર હતા) તો તેઓ પરલોકમાં પોતાનો હક મેળવશે. મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) એ કહ્યું, ‘‘ન્યાયના દિવસે દરેક વ્યક્તિને તેનો હક અપાવવામાં આવશે.’’[3]

(૧) જેમકે બીજા પર અત્યાચાર કરવો, અન્યાય કરવો, કોઈનું ખોટું કરવું અને કોઈને ખોટો કહેવો.
(૨) મુસનદ અહમદ, હદીષ નં. - ૫૭૯૮, સહીહ અલ-બુખારી, હદીષ નં. - ૨૪૪૭
(૩) સહીહ મુસ્લિમ, હદીષ નં. - ૨૫૮૨, મુસ્નદ અહમદ, હદીષ નં. - ૭૧૬૩

## (૧૩) ઈસ્લામમાં મહિલાઓનું સ્થાન

ઈસ્લામ વિવાહિત અને અવિવાહિત બંને મહિલાઓને પૈસા કમાવવા અને ખર્ચ કરવાનો અધિકાર એક સંપૂર્ણ વ્યક્તિત્વના રૂપમાં આપે છે. તેમને ખરીદવા અને વેચવાનો, ભેટ મેળવવા અને આપવાનો, દાન આપવાનો અને તેમની ઈચ્છા મુજબ નાણાં ખર્ચ કરવાનો સંપૂર્ણ અધિકાર છે. લગ્નમાં વર તરફથી મળેલ ભેટ, કપડાં, ઘરેણાં અને સ્ત્રીધન (મહેર) એ બધુંજ કન્યાની મિલકત છે. લગ્ન પછી કન્યાએ તેના વર કે તેના પરિવારનું નામ રાખવાની જરૂર નથી.

પુરૂષો અને સ્ત્રીઓ બંને માટે સભ્ય અને શિષ્ટ કપડાં પહેરવા એ ઈસ્લામિક આચાર સંહિતાનો એક ભાગ છે. ઈસ્લામ ધર્મ પતિને તેની પત્નીનો ઈલાજ કરાવવા તથા પોતે જે ખાય તેવું જ પોતાની પત્નીને ખવડાવવા પ્રોત્સાહિત કરે છે. સાથે જ ઈસ્લામ પતિને તેની પત્ની સાથે મધુર વર્તન કરવા માટે પ્રોત્સાહિત કરે છે. મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ કહ્યું, “તમારામાં સૌથી શ્રેષ્ઠ પુરૂષ એ છે જે તેની પત્ની માટે શ્રેષ્ઠ છે.”[૨] ઈસ્લામમાં માતાનું સ્થાન ખૂબ જ ઊંચું છે. ઈસ્લામ તેમની સાથે ખૂબજ આદર, સન્માન અને સ્નેહપૂર્વક વ્યવહાર કરવાનો આદેશ આપે છે. એક વ્યક્તિએ મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) ને પૂછ્યું, “હે



અલ્લાહના રસૂલ ! મારા સારા વર્તનનો સૌથી વધારે હકદાર કોણ છે ?” આપે કહ્યું, “તારી માતા” તેણે કહ્યું, “પછી કોણ?” આપે કહ્યું “ તારી માતા”, તેણે કહ્યું, “પછી કોણ?”, આપે કહ્યું, “તારી માતા”, તેણે કહ્યું, “પછી કોણ?”, આપે કહ્યું “તારો પિતા.”[૧]

ઈસ્લામમાં મહિલાઓના સંદર્ભમાં વધારે માહિતી મેળવવા માટે જુઓ...
www.islam-guide.com/women

---

(૧) સુનન તિર્મિઝી, હદીષ નં. - ૩૮૯૫, સુનન ઈબ્નેમાઝા, હદીષ નં. - ૧૯૭૮
(૨) સહીહ અલ-બુખારી, હદીષ નં. - ૫૯૭૧, સહીહ મુસ્લિમ, હદીષ નં. - ૨૫૪૮

## (૧૪) ઈસ્લામમાં પરિવાર

પરિવાર એ માનવ સંસ્કૃતિનો મૂળભૂત એકમ છે. જે આ સમયે વિખેરાઈ રહ્યું છે. ઈસ્લામી કુટુંબ વ્યવસ્થા પતિ, પત્ની, બાળકો અને અન્ય સગા સંબંધીઓ વચ્ચે અધિકારોની સુંદર સમાનતા સ્થાપિત કરે છે. આ માળખામાં નિઃસ્વાર્થ વર્તન, ઉદારતા અને પ્રેમ ખીલે છે અને એક સંગઠિત પરિવાર સ્થાપિત થાય છે. જેમાં બધા એકબીજા માટે નિઃસ્વાર્થ ભાવથી કામ કરે છે. ઈસ્લામની નજરમાં એક શાંતિપૂર્ણ, સુરક્ષિત અને સ્થિર પરિવારનું મહત્વ ખૂબજ છે. આવો પરિવાર આધ્યાત્મિક વિકાસ માટે જરૂરી છે. એક સુમેળભર્યા પરિવારમાં બાળકોની ઉપસ્થિતિથી મધુર સમાજની સ્થાપના થાય છે અને તે તેનું મહત્વ વધારે છે.

## (૧૫) ઈસ્લામમાં વૃધ્ધોનું સ્થાન

મુસ્લિમ જગતમાં વૃધ્ધાશ્રમ ભાગ્યે જ જોવા મળે છે. માનવ જીવનની આ મુશ્કેલ આયુમાં વૃધ્ધ માતા-પિતાની સેવામાં થતી અગવડતા અને તકલીફને ઈસ્લામમાં સન્માન અને સૌભાગ્ય તરીકે જોવામાં આવે છે, અને તેને આધ્યાત્મિક વિકાસ માટે એક શુભ અવસર તરીકે આવકારવામાં આવે છે. ઈસ્લામ ધર્મમાં માતા-પિતા માટે માત્ર પ્રાર્થના જ પૂરતી નથી. બાળપણમાં આપણે લાચાર હોઈએ છીએ ત્યારે તે સમયે માતા-પિતા આપણી ખુશી માટે પોતાની ખુશીનું બલિદાન આપે છે. આ વાતને યાદ રાખીને આપણે ધીરજથી તેમની સેવા કરવી જોઈએ. ઈસ્લામ આપણને આનો ઉપદેશ આપે છે. ઈસ્લામમાં માતાને ઉચ્ચ સ્થાન આપવામાં આવ્યું છે. જ્યારે માતા-પિતા વૃધ્ધાવસ્થામાં પહોંચે ત્યારે મુસલમાન તેમના સાથે માયાળુ અને નિઃસ્વાર્થપણે વર્તે છે. ઈસ્લામમાં માતા-પિતાની સેવા કરવી એ સંતાનનું કર્તવ્ય છે અને માતા-પિતાનો પોતાની સંતાન કરતાં પણ વધારે ખ્યાલ રાખવો તેમનો અધિકાર છે. આ સેવા કાર્યમાં સહેજ પણ ઘટાડો કરવો તે ધૃણાજનક છે.

અલ્લાહ કહે છે,

**"અને તમારો રબ તમને ખુલ્લો આદેશ આપી ચૂક્યો છે કે તમે તેના સિવાય કોઈની પૂજા ન કરો, અને તમારા માતા-પિતા સાથે સારો વ્યવહાર કરો., જો તેમનામાંથી એક અથવા બંને વૃધ્ધાવસ્થામાં પહોંચે, તો 'ઉફ' પણ ન કહો, તેમને ઠપકો ન આપો, પરંતુ તેમના સાથે આદર અને સન્માન સાથે તથા નમ્રતા અને પ્રેમથી વાત કરો. તેમના સામે તમારા સત્કારના હાથ ફેલાવી રાખો તથા પ્રાર્થના કરતા રહો કે, "હે મારા રબ ! આમના પર એવી રીતે દયા કર જેવી રીતે તેમણે બાળપણમાં મારૂ પાલનપોષણ કર્યું."** (કુરઆન, ૧૭-૨૩, ૨૪)

## (૧૬) ઈસ્લામ ધર્મના પાંચ સ્તંભો શું છે ?

ઈસ્લામના પાંચ સ્તંભો એ મુસલમાનના જીવનની રૂપરેખા અને વિશ્વાસનો પુરાવો છે. પાંચ સ્તંભો આ મુજબ છે. : એ વાતની ગવાહી આપવી કે અલ્લાહ સિવાય કોઈ પૂજ્ય નથી અને મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) અલ્લાહના સંદેશવાહક છે, નમાઝ પઢવી, રમઝાનના રોઝા રાખવા, ઝકાત આપવી અને ક્ષમતા હોય તો જીવનમાં એક વખત હજ કરવી.

**(ક) શહાદા (ગવાહી) :**

એટલે સંપૂર્ણ વિશ્વાસ સાથે “લા ઈલાહા ઈલ્લલ્લાહ મુહમ્મદુર-રસુલુલ્લાહ” કહેવું. આનો અર્થ એ છે કે અલ્લાહ સિવાય કોઈ પૂજ્ય નથી અને મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) અલ્લાહના સંદેશવાહક છે. આનો એકરાર કરવાનું નામ છે ‘શહાદા’. તેનો અર્થ સમજીને, સંપૂર્ણ વિશ્વાસ સાથે તેને જાણીને વાંચ્યા પછી જ વ્યક્તિ મુસ્લિમ બની શકે છે. કારણ કે આ ગવાહી આપવી એ જ ઈસ્લામનું મૂળ અને મહત્વનો પાયો છે.

**(ખ) નમાઝ :**

મુસલમાન દિવસ-રાતમાં પાંચ વખત નમાઝ પઢે છે. તેને પઢવામાં થોડીક મિનિટો લાગે છે. આ પ્રાર્થના અલ્લાહ અને તેના સેવક વચ્ચે સીધો સંપર્ક સ્થાપિત કરવાનું માધ્યમ છે. આ સંબંધ સ્થાપિત કરવા માટે કોઈ ત્રીજા વ્યક્તિની જરૂર હોતી નથી. નમાઝમાં વ્યક્તિ આંતરિક સુખ, શાંતિ અને આનંદ અનુભવે છે, અને અલ્લાહ પ્રસન્ન થાય છે. સંદેશવાહક મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) એ કહ્યું, “હે બિલાલ ! લોકોને નમાઝ માટે બોલાવો અને તેના વડે અમને શાંતિ પહોંચાડો.”[૧] બિલાલ મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ના સાથી હતા અને તેમનું કામ અઝાન આપવાનું હતું, તેઓ નમાઝ માટે મોટા અવાજમાં અઝાન આપતા હતા. નમાઝના સમય છે : ફજર, ઝોહર, અસર, મગરીબ અને ઈશા.

એક મુસલમાન પોતાના ખેતરમાં, ઓફિસમાં, દુકાન પર, કોલેજમાં, હોસ્પિટલમાં, ફેકટરી પર વગેરે જ્યાં પણ હોય ત્યાં નમાઝ પઢી શકે છે.

ઈસ્લામમાં નમાઝ વિશે વધુ માહિતી મેળવવા માટે જુઓ :
www.islam-guide.com/prayer[૨]

---

(૧) મુસનદ અહમદ, હદીષ નં. - ૨૨૫૭૮, સુનન અબુ-દાઉદ, હદીષ નં. - ૪૯૮૫

(૨) A Guide to Prayer in Islam પુસ્તકનું અધ્યયન કરો.
જેના લેખક M.A.K. Saqib છે. આની કોપી માટે આપેલ વેબ સાઈટ જુઓ.


### (ગ) ઝકાત (ધર્મદાન) :

દુનિયામાં જે કંઈ પણ છે તે બધું જ અલ્લાહનું છે. માણસ કોઈપણ વસ્તુનો માલિક નથી. ઝકાતના બે શાબ્દિક અર્થ થાય છે. ''વધારો'' અને ''પવિત્ર'' ઝકાત આપવાનો મતલબ એ છે કે પોતાની નિશ્ચિત સંપત્તિનો ચોક્કસ હિસ્સો ગરીબોને આપવો. ૮૫ ગ્રામ સોનું અથવા તેના મુલ્ય બરાબર ચાંદી અથવા તેના મૂલ્ય બરાબર રોકડ રકમ એક વર્ષ સુધી કોઈના પાસે રહે તો ૨.૫%ના દરથી ઝકાત આપવી પડે છે. આ નાનો હિસ્સો ગરીબો માટે ખર્ચ કરવાથી આપણી સંપત્તિનું શુદ્ધિકરણ થાય છે. આ બાબત એવી છે કે જાણે ઝાડની ડાળીઓને કાપવાથી તેનો વિકાસ સંતુલિત થાય છે અને નવી વૃધ્ધિને પ્રોત્સાહન મળે છે. આ ૨.૫% ભાગ આપવો ફરજીયાત છે. પરંતુ જો કોઈ વ્યક્તિ આના કરતા વધારે આપવા ચાહે તો આપી શકે છે. જે પ્રશંસનીય કામ છે અને તેને સદકો અથવા દાન કહે છે.




### (ઘ) રમઝાન મહિનાના રોઝા રાખવા :

દર વર્ષે રમઝાનના મહિનામાં મુસલમાનો વડે સૂર્યોદય થી સૂર્યાસ્ત સુધી ખાવા-પીવા અને જાતિય સંભોગથી દૂર રહેવાનું નામ રોઝા છે. રોઝા સ્વાસ્થ્ય માટે ફાયદાકારક તો છે જ, પરંતુ તેનો હેતુ આધ્યાત્મિક શુધ્ધિકરણનો છે. ભલે થોડા સમય માટે જ હોય, પરંતુ માણસને ભૂખની પીડાનો જે અનુભવ થાય છે તે ગરીબો પ્રત્યેનો દયાભાવ જગાડે છે, જેઓ ગરીબીના કારણે ભૂખ્યા રહેવા પર મજબૂર હોય છે. આ રીતે ગરીબો અને અમીરો વચ્ચે સારા સંબંધો સ્થાપિત થાય છે અને સહયોગની ભાવના વિકસે છે. પરંતુ રોઝાનો મૂળ હેતુ આધ્યાત્મિક વિકાસ છે. આ વાત પહેલા પણ આવી ચૂકી છે.



**(ચ) હજ્જ (મક્કાની યાત્રા) :**

જેની શારીરિક અને આર્થિક સ્થિતિ સારી હોય તેવા દરેક મુસલમાન પર જીવનમાં એક વખત હજ ફરજીયાત છે. દર વર્ષે ૨૦ લાખ મુસલમાનો વિશ્વના ખૂણેખૂણેથી આવે છે. આ હજ ઈસ્લામિક કેલેન્ડર મુજબ બારમા મહિનામાં થાય છે. તમામ લોકોએ સાદા અને સમાન કપડાં (અહેરામ) પહેરેલા હોય છે. જે માનવ-માનવ વચ્ચેના ભેદભાવ અને સાંસ્કૃતિક અંતરને દૂર કરી દે છે અને આ રીતે તમામ લોકો અલ્લાહ સમક્ષ સમાન રીતે ઉભા થઈ જાય છે.



આ ખાન-એ-કા'બાનું ચિત્ર છે. કાળા રંગની ઈમારતને કાબા કહે છે. લોકો તેની આસપાસ નમાઝ પઢી રહ્યા છે. સમગ્ર વિશ્વના મુસલમાનોને તેના તરફ પોતાનો ચેહરો કરીને નમાઝ પઢવાનો આદેશ છે. કાબાને સંદેશવાહક ઈબ્રાહીમ અને તેમના પુત્ર ઈસ્માઈલ (અલૈહીસ્સલામ) એ અલ્લાહના આદેશથી બનાવ્યુ હતું.

હજમાં કાબાના સાત ચક્કર લગાવવા પડે છે. સફા-મરવા પર્વતો વચ્ચે પણ સાત ચક્કર લગાવવા પડતા હોય છે. ત્યારબાદ અરફાતના મેદાનમાં હાજરી આપવી પડે છે. ત્યાં પહોંચીને લોકો અલ્લાહને યાદ કરે છે. માફી માંગે છે અને બીજી પ્રાર્થનાઓ કરે છે. અરફાતના મેદાનમાં[૧] થતો આ જમાવડો ન્યાયના દિવસની યાદ અપાવે છે. ઈદ-અલ-અઝ્હાની નમાઝ દ્વારા હજ પૂર્ણ થાય છે. ઈદ-અલ-અઝ્હા અને ઈદ-ઉલ-ફિત્ર એ ઈસ્લામિક કેલેન્ડરની બે વાર્ષિક ઈદો છે.

ઈસ્લામ ધર્મના પાંચ સિધ્ધાંતો વિશે વધારે જાણકારી માટે જુઓ...

www.islam-guice.com/pillars

(૧) મક્કાથી ૧૫ માઈલ અંતરે આવેલ એક જગ્યા.

# અમેરિકામાં ઈસ્લામ



અમેરિકના મુસ્લિમો વિશે સામાન્યીકરણ કરવું મુશ્કેલ છે. તેઓ ધર્માંતરિત લોકો, સ્થાનાંતરિત લોકો, કારખાનાઓના કર્મચારીઓ, ડૉક્ટરો અને વિભિન્ન સમુદાયો સાથે સંબંધ રાખે છે. એક રાષ્ટ્રવ્યાપિ નેટવર્કના કારણે ત્યાં મસ્જિદોની સંખ્યા પણ ઘણી છે. જેના કારણે બધા એકબીજા સાથે જોડાયેલા છે. ઉત્તરી અમેરિકામાં મુસ્લિમો તેજીથી વધી રહ્યાં છે. ૧૮મી સદી સુધી ઉત્તરી અમેરિકામાં થોડાક જ મુસ્લિમો હતાં. અમેરિકનોની મોટી સંખ્યાએ ઈસ્લામ સ્વીકાર્યો છે અને આજે તેમની સંખ્યા લગભગ સાડા પાંચ લાખ છે. જેઓ શિક્ષિત, ધનવાન, ગરીબ અને અભણ વગેરે જેવાં વિવિધ વર્ગોના છે.

(૧) The world Almanac and Book of Facts. 1996, Famigetti, Page-644.


www.islamic-invitation.com

# ઈસ્લામ વિશે વધુ જાણકારી માટે

જો તમે ઈસ્લામ વિશે વધુ જાણકારી મેળવવા ઈચ્છો છો, આ પુસ્તક વિશે કોઈપણ પ્રકારની ટિપ્પણી કરવા ઈચ્છો છો, કોઈ પ્રશ્ન કરવા ઈચ્છો છો અથવા કોઈ બીજી ભાષામાં આ પુસ્તક વાંચવા ઈચ્છો છો તો આ પુસ્તકની વેબસાઈટ પર જાઓ.

www.islam-guide.com

આ પુસ્તકની કોપી માટે કૃપા કરીને ક્લીક કરો.

www.islam-guide.com/copies

આના સિવાય આપ નીચે દર્શાવેલ સંસ્થાઓનો સંપર્ક કરી શકો છો.

## (૧) સંયુક્ત ગણરાજ્ય અમેરિકા

**Islamic Assembly of North America**
3588 Plymouth Road, Suite # 270, Ann Arbor, MI 48105, USA
Tel.: (734) 528-0006 - Fax: (734) 528-0066
E-mail: IANA@IANAnet.org
**Islamic Foundation of America**
PO Box: 3415, Merrifield, VA 22116, USA
Tel.: (703) 914-4982 - Fax: (703) 914-4984
E-mail: info@ifa.ws
**Alharamain Islamic Foundation**
1257 Siskiyou Blvd., no. 212, Ashland, OR 97520, USA
Tel.: (541) 482-1116 - Fax: (541) 482-1117
E-mail: haramain@alharamain.org
**Islamic Information Institute of Dar-us-Salam**
5301 Edgewood Rd., College Park, MD 20740-4623, USA
Tel.: (301) 982-9463 - Fax: (301) 982-9849
E-mail: iiid@islamworld.net
**World Assembly of Muslim Youth**
PO Box: 8096, Falls Church, VA 22041-8096, USA
Tel.: (703) 820-6656 - Fax: (703) 783-8409
E-mail: support@wamyusa.org
**Al Jumuah Magazine**
PO Box: 5387, Madison, WI 53705-5387, USA
Tel.: (608) 277-1855 - Fax: (608) 277-0323
E-mail: info@aljumuah.com

नोट: अपने निकटतम इस्लामी संगठनों के बारे जानने के लिए कृपया www.islam-guide.com/centers पर जाएँ।

## (૨) કેનેડા

**Islamic Information and Dawah Center International**
1168 Bloor Street West, Toronto, Ontario M6H 1N1, Canada
Tel.: (416) 536-8433 - Fax: (416) 536-0417
E-mail: comments@islaminfo.com

# ઈસ્લામ વિશે વધુ જાણકારી માટે

## (૩) યુનાઈટેડ કિંગ્ડમ

**Al-Muntada Al-Islami Centre**
7 Bridges Place, Parsons Green, London SW6 4HW, Britain
Tel.: 44 (0207) 736 9060 - Fax: 44 (0207) 736 4255
E-mail: muntada@almuntada-alislami.org

**Jam'iat Ihyaa Minhaaj Al-Sunnah**
PO Box: 24, Ipswich, Suffolk IP3 8ED, Britain
Tel. and Fax: 44 (01473) 251578
E-mail: mail@jimas.org

## (૪) સઉદી અરબીયા

**Alharamain Islamic Foundation**
PO Box: 69606, Riyadh 11557, Saudi Arabia
Tel.: (966-1) 465-2210 - Fax: (966-1) 462-3306
E-mail: haramain@alharamain.org

**World Assembly of Muslim Youth**
PO Box: 10845, Riyadh 11443, KSA
Tel.: (966-1) 464-1669 - Fax: (966-1) 464-1710
E-mail: info@wamy.org

# આ પુસ્તક વિશે આપના સૂચનો અને ટિપ્પણીઓ માટે...

જો તમે આ પુસ્તક પર કોઈપણ પ્રકારની ટિપ્પણી કરવા ઈચ્છો છો અથવા સૂચન કરવા ઈચ્છો છો તો લેખક આઈ. એ. ઈબ્રાહીમને તેમના સરનામા પર મોકલો.

ઈમેલ : ib@i-g.org.

ફોન : (966-1) 454-1065, ફેક્સ : (966-1)

પોસ્ટ બોક્ષ નં. : 21679. રિયાધ - 11485, સઉદી અરેબીયા

આ સિવાય જો તમે ઈસ્લામ વિશે વધારે માહિતી મેળવવા ઈચ્છો અથવા આ પુસ્તકની વધારે કોપી મેળવવા ઈચ્છો છો તો લેખકના સરનામા પર સંપર્ક કરો.

# ઈસ્લામ વિશે વધારે વાંચવા માટે...

*“The True Religion”* લેખક : બિલાલ અહમદ
*“This is the Truth”* હરમૈન ઈસ્લામિ ફાઉન્ડેશન દ્વારા પ્રકાશિત
*“Towards Understanding of Islam”* લેખક : અબુલ આલા મૌદુદી
*“Life After Death”* વિશ્વ મુસ્લિમ યુવા સભા દ્વારા પ્રકાશિત

ડૉ. મુહમ્મદ અલ હિલાલી અને ડૉ. મુહમ્મદ ખાન દ્વારા લિખિત અંગ્રેજીમાં કુરઆન શરીફનો અનુવાદ અને વ્યાખ્યા આ પુસ્તકો અને પેમ્પલેટ માટે કૃપા કરીને ક્લીક કરો :

*www.islam-guide.com/books*

# : સંદર્ભ :


(1) Ahrens, C. Donald. 1988. "Metrology Today", 3rd. ed. St. paul: West Publishig Company.

(2) Anderson Ralph K. and others, 1978. "The Use of Satellite Pictures in Weather Analysis And forecasting", Geneva: Secraterial of the World Meteorologocal Organization.

(3) Anthes, Richard A.,John J. Cahir, Alistair B Fraser; and Hans A. Panofsky. 1981, "The Atmosphere", 3rd ed. Columbus: Charles E. Merrill Publishing Company.

(4) Barker, Kenneth; and others. 1985, The N/V study Bible, New International Version. Grand Rapits, Michigan: Zoondervan Publishing house.

(5) Bodin, Svante, 1978, "Weather And Climate", Poole, Dorest: Blandford Press Ltd.

(6) Cailleux, Andre. 1968, "Anatomy of the Earth", London: Word University Library.

(7) Couper, Heather; and Nigel Henbest. 1995, "The Space Atlas", London: Dorling Kinderley Limited.

(8) Davis, Richard A, Jr. 1972. "Principles of Oceanology". Don Mills, Ontario: Addison-Wesely Publishing Company.

(9) Douglas, J.D.; and Merrill C. Tenny. 1989. N/V Comat Dectionary of the Bible. Grand Rapids, Michigan: Zondervan Publishing House.

(10) Elder, Danny; and John Pernetta. 1991. Oceans. London: Mitchell Beazley Publishers.

(11) Famighetti Robert, 1996,"The World Almanac and Book of facts", Mahwa, New Jersey: World Almanac Books.

(12) Gross, M. Grant. 1993,"Oceanography, a View of Earth ", 6th ed. Englewood Cliffs: Prentice-Hall, Inc.

(13) Hickman, Cleveland P. and others. 1979,"Integrated Principles of Zoology ", 6th ed. St. Louis: The C.V. Mosby Company.

(14) Al-hilali, Muhammad T. and Muhammad A. Khan. 1994. Interpretation of the Meanings of the Noble Quran in the Englisk Language. 4th revised ed. Riyadh: Maktaba Dar-us- Salam.

(15) "The Holy Bible, Containing the Old and New Testaments (Revised Standard Version)" 1971. New York; William Collins Sons & Ltd.

(16) Ibn Hesham, Abdul-Malek. "Al-Seerah Al-Nabaweyyah". Beirut: Dar Al-Marefa.

(17) The Islamic Affairs Department, The Embassy of Saudi Arabia, Washington. DC. 1989. "Understanding Islam and the Muslims " I

(18) Kuenen, H. 1960. "Marine Geology". New York: John Wiley and Sons. Inc.

(19) Leeson, C.R. and T.S. Leeson. 1981, "Histology", 4th ed. Philadelphia: W.B. Saunders Company.

(20) Ludlam, F.H. 1980, "Cloud and storms" London: The Pennsylvania State University Press.

(21) Makky. Ahmad and Others. 1993,"Ee'jaz al Qur'an al- Kareem fee Wasf Anwa' al-Riyah, al-Sohob, al-Matar". Makkah: Commision of Scientific Signs of the Qura'n amd Sunnah.

(22) Miller, Albert and jack C. Thompson. 1975. "Elements of Meteorology". 2nd ed. Columbus: Charles E. Merrill Publishing company.

(23) Moore, Kieth L. E. Marshall Johnson; T.V.N. Persaud; Gerald C. Goeringer; Abdul Majeed A. Zindani and Mustafa A. Ahmed. 1992, "Human Develop as Described in the Qura'n and Sunnah." Makkah: Commision on Scientific Signs of Qura'n and Suuah.

(24) Moore, Kieth L.; A.A. Zindani; and Others. 1987. Al-Ejaaz al-Elmy fee al-Naseyah (The Scientific Miracles in the front of the Head) Makkah: Commision on Scientific Signs of Qura'n and Suuah.

(25) Moore, Keith L. 1983. "The Developing Human Clinically Oriented Embryology, With Islamic Additions" 3rd ed. Jeddah: Dar Al-Qiblah.

(26) Moore, Keith L. and T.V.N. Persaud. 1993. "The Developing Human, Clinically Oriented Embryology", 5th ed. PhiladelPhia: W.B. Saunders Cpmpany.

(27) El-Naggar, Z.R. 1991. "The Geological Concept of Mountain in the Qura'n" 1st ed. Herndon: International institute of Islamic Thought.

(28) Neufeldt, V. 1994. Webster's New Word Dictionary. 3rd. College Edition. New York: Prentice Hall.

(29) "The New Encyclopaedia Britanica". 1981. 15th ed. Chicago: Encyclopaedia Britanica, Inc.

(30) Noback, Charles R.N.L. Strominger and R.J. Demarest. 1991. "The Human Nervous System, Introduction and Review" 4th ed. Philadelphia: Lea & Febiger.

(31) Ostrogorsky, George. 1969. "History of the German by Joan Hussey. Revised ed. New Brunswick: Rutgers University Press.

(32) Press, Frank and Raymond Siever, 1982. "Earth" 3rd ed. San Francisco: W.H.Freeman and Company.

(33) Ross, W.D. and oThers. 1963, "The Works of Aristotle" Translated into English : Metereologica. Vol. 3. London: Oxford Univetsity Press.

(34) Scorer, Richard and Harry Wexler. 1963. "A Colour Guide to Clouds" Robert Maxwell.

(35) Seeds, Michael A. 1981. "Horizons, Exploring the Universe", Belmont: Wadsworth Publishing House.

(36) Seeley, Rod R. Trent D. Stephens and Philip Tate. 1996. "Assentials of Anatomy and Physiology" 2nd ed. St. Louis: Mosby year Book, Inc.

(37) Sykes, Percy. 1963. "History of Persia" 3rd ed. London: Macmillan & CO Ltd.

(38) Tarbuck, Edward J. and Frederick K. Lutgens. 1982. "Earth Sceince" 3rd ed. Columbus: Charles E. Merrill Publishing Company.

(39) Thurman, Harold V. 1988, "Introductory Oceonography" 5th ed. Columbus: Charles E. Merrill Publishing Company.



www.islamic-invitation.com

(40) Weinberg, Steven. 1984, "The First Three Minutes, a Modern View of the Origin of the UniVerse" 5th ed. New York Bantam Books.

(41) Al-Zarkashy, Badr Al-Deen. 1990. "Al-Burhan fee Uloom Al-Qura'n ", 1st ed. Beirut: Dar El-Marefah.

(42) Zindani, A.A. "This is the Truth " (Video tape), Makkah: Commision on the scientific Signs of the Qura'n and Sunnah.

(43) **હદીષોનું નંબરીંગ :**

આ પુસ્તકમાં દર્શાવેલ હદીષોના નંબર નીચેના પુસ્તકો પર આધારિત છે.

- ''સહીહ મુસ્લિમ'' – મુહમ્મદ ફુઆદ અબ્દુલબાકી ના નંબરીંગ અનુસાર
- ''સહીહ અલ-બુખારી'' – ફતહ અલ-બારી ના નંબરીંગ અનુસાર
- ''અલ તિર્મિઝી'' – અહમદ શાકીરની નંબરીંગ અનુસાર.
- ''મુસ્નદ અહમદ'' – દાર અલ ઈહયા અલ-તુરાસ અલ-અરબી, બૈરૂત ની નંબરીંગ અનુસાર
- ''મુવત્તા માલિક'' – મુવત્તા માલિક ની નંબરીંગ અનુસાર
- ''અબુદાઊદ'' – મુહમ્મદ મુહિય્યુદ્દીન અબ્દુલહમીદ ની નંબરીંગ અનુસાર
- ''ઈબ્નેમાજા'' – મુહમ્મદ ફુઆદ અબ્દુલબાકી ના નંબરીંગ અનુસાર
- ''અલ-દારીમી'' – ખાલિદ અલ-સબા અલ-આલામી અને ફવ્વાઝ અહમદ ઝમરલી ની નંબરીંગ અનુસાર



www.islamic-invitation.com

